
પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર


॥ ૪૬ ॥

શ્રી નમસ્કાર મહામંત્ર




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ



हं
ॐ
यं
लं
रं
वं

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૪૬॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

## VOLUME - 46

August 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

---

## PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

---

## SPONSOR

Shri C. K. Mehta
Mumbai

---

## ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

---

## SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.




અત્યંત અધ્યાત્માદિ ભાવોથી ભરપૂર આ ગ્રંથરત્નોનું વાંચન-પરિશીલન કરતાં કરતાં કેટલાય પૂજ્યો-આરાધકો ભાવુક થઈ તેને હૃદયમાં વસાવતાં થયાં છે. હમણાં જપમો ભાગ હાથમાં આવ્યો, તે પૂ. પંન્યાસજીશ્રી વજ્રસેનવિજયજીમહારાજે હસ્તમાં લઈ પૂજ્ય સાહેબજીએ રોજનીશીમાં નોંધેલું મૃત્યુ માટેનું ચિંતન અમારી સામે મૂકતાં કહ્યુંઃ

‘‘હેમપ્રભ મહારાજ...! આ લખાણ સાહેબે જાણે મારા માટે જ મોકલ્યું લાગે છે કેઃ મૃત્યુ ભલે આવો, એ મિત્ર બનીને જ આવશે. આપણે મૈત્રીભર્યા ઉમળકાથી તેનું સ્વાગત કરીશું. ઉત્તમ પુરૂષો મૃત્યુને મિત્ર માને છે, શત્રુ નહીં. ‘મૃત્યુ અતિથિવિશેષ છે’ એમ માની તેનું સ્વાગત કરો, તિરસ્કાર નહીં. મૃત્યુ આપણને માન આપવા આવે છે, અપમાન કરવા નહીં. અહીંથી ચઢીયાતા સ્થાને જનારને જતી વખતે અભિનંદન આપવા મૃત્યુ સદા તૈયાર રહે છે. સદાચારસંપન્ન સત્પુરૂષો મૃત્યુરૂપી મિત્રને ઝંખે છે કે જે તેને વર્તમાન સ્થિતિમાંથી સારી સ્થિતિએ લઈ જવા માટે ઉત્સુક છે. અસત્પુરૂષો મૃત્યુથી સદા ભય પામે છે, વિરક્ત અને બીજા સત્પુરૂષો મૃત્યુને પરમમિત્ર માને છે અને તેનાથી ભય પામવાને બદલે તેના ઉપર સદા પ્રીતિને ધારણ કરે છે, કેમકે મૃત્યુ તેમને છે તેથી ઉંચી સ્થિતિએ લઈ જવા માટે આવીને સદ્‌ગતિ પામવામાં સરળતા કરી આપે છે. દુર્ગતિનો ભય તો ફક્ત પાપકર્મમાં રક્ત જીવોને જ હોય છે, ધર્મ-કર્મમાં નિત્ય રચ્યાં રહેનાર પુરૂષોને દુર્ગતિનો ભય હોતો નથી, તેથી મૃત્યુનો ભય પણ રહેતો નથી. શુભ ગતિનો નિશ્ચય હોવાથી તેઓને મૃત્યુ ઉપર પ્રેમ અને આદર હોય છે. જીવનની છેલ્લી પળ એ માંગલ્યમાર્ગ - મૃત્યુની ઘડી એ મંગળ ઘડી છે. એ ઘડીને જેઓ પણ આવકારે છે, તે જ્ઞાનીજન છે.’’

દરેકને પોતાના માટે ઉપયોગી લાગતા આવા અગણિત ચિંતનોનો ખજાનો આપણને સૌને અખંડપણે મળી રહ્યો છે, તે જ આપણા સૌનો જબ્બર પૂણ્યોદય છે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની યાત્રા અવિરત ચાલી રહી છે. જીર્ણ-શીર્ણ રોજનીશીઓ એક પછી એક વૉલ્યુમરૂપે પ્રકાશિત થતી જાય છે. પૂજ્યશ્રીની અનન્ય કૃપા તો ખરી પણ સાથે પૂજ્યો અને ભાવિકોના કરકમલ સુધી પહોંચાડવા માટે ત્રણ પરિબળો સતત-અવિરત ઉદ્યમવંત છે. પ્રથમ પરિબળ રૂપેઃ અપ્રતિમ આર્થિક ભારણને એકલે હાથે ઉપાડનારા પરમ ગુરૂભકતાત્મા **સી.કે.મહેતા** - ચીમનભાઈ ખીમચંદભાઈ મહેતા.

બીજા પરિબળ રૂપેઃ પ્રાયઃ ૭૦-૭૫ વર્ષ પૂર્વે ગુરૂમહારાજના સ્વહસ્તે લખાયેલ ૨૨૪ રોજનીશીઓમાંના એક-એક અક્ષરને સુવાચ્ય રીતે ગોઠવી ૩૦થી વધુ કમ્પ્યુટર વિશેષજ્ઞોને જોડીને આ ગ્રંથોને ભવ્યરીતિએ પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય કરનાર અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ ગુરૂભક્તિમાં એકધારાં લયલીન બનેલા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા.**


ત્રીજા પરિબળ રૂપેઃ આ લખાણોમાં ઉપર-નીચે, ચારે તરફ, કોઈક રોજનીશીમાં અંતભાગથી પ્રારંભ તરફ, જે ચિંતનો પૂજ્યશ્રીએ લખેલા છે, તે એક-એક અક્ષરોનો સમુચ્ચય કરીને પંક્તિસર ગોઠવતા ભારતીબેન તથા તેમના જૂથે તૈયાર કરેલ અંતિમ લખાણનું અક્ષરશઃ આખરી પરીક્ષણ કરવાનું તેમ જ પ્રત્યેક ભાગના અંતમાં અપાતા પરિશિષ્ટ માટે પૂજ્યશ્રીના સંસ્કૃત લખાણોનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું અત્યંત ચીવટપૂર્વકનું મહાકાર્ય કરતાં અધ્યાત્મયોગસંપન્ન સાધ્વીશ્રેષ્ઠાશ્રી પદ્મલતાશ્રીજી મહારાજનાં સુશિષ્યા સાધ્વીજીશ્રી ભાવપૂર્ણાશ્રીજીનાં શિષ્યરત્ના તથા સાધ્વીજીશ્રી ભાવવર્ધનાશ્રીજીનાં સંસારી ભાણેજ મહારાજ **સાધ્વીજીશ્રી જિનમતિશ્રીજી મહારાજ**.

આ ગ્રંથરત્નોનું અનવરત-અભિમંત્રિત અનુસંધાન સહુ ભવ્યાત્માઓને મોક્ષસંપદાનું વહેલાસર વરદાન આપે, તે જ અમ અંતરની અભિલાષા - અભ્યર્થના.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

ઑગષ્ટ, ૨૦૨૧

श्री शत्रुंजया आदिनाथाय नमः



श्री गीरनारजी नेमीनाथाय नमः



श्री शंखेश्वरा पार्श्वनाथाय नमः





चमकी चन्द्रिका चिहुं दिश पंकजपद्म आघात ।
तार, तान, श्रृंगार, स्वर, रञ्जित वीणा हाथ ॥

સં-૨૦૨૭, ચૈત્ર સુદ ૧૩, ગુરુવાર, તા. ૮/૩/૭૧

સ્થળ: શ્રી રાતા મહાવીરજી, જન્મકલ્યાણક દિન

પ્રભુને પકડવાનો માર્ગ એ શબ્દ[1] છે.
શબ્દ દ્વારા સ્મૃતિ[2], સ્મૃતિ દ્વારા સંયમ[3],
સંયમ દ્વારા સમાપત્તિ[4], સમાપત્તિ દ્વારા આપત્તિ[5]
તથા આપત્તિ દ્વારા સંપત્તિ[6] થાય છે.
નમસ્કાર એ માર્ગ[1] છે, પંચ પરમેષ્ઠિ એ દ્વાર[2] છે
અને સર્વ પાપના પ્રણાશ દ્વારા
સર્વ મંગળમાં પ્રથમ મંગલ (આત્મલાભ) તે સાર[3] છે.

## ત્રણ પ્રકારની માતૃકાની પરમ ભક્તિ

સ્થૂલ - સૂક્ષ્મ - સૂક્ષ્મતર એ માતૃકાના ત્રણ પ્રકાર છે.
કેવળ માતૃકા વિદ્યાત્રી છે, બિંદુયુક્ત વિત્તદાયક છે,
વિસર્ગયુક્ત માતૃકા પુત્રદાયક તથા બિંદુ અને વિસર્ગ
ઉભયયુક્ત ભક્તિદાયક માતૃકા છે, તેની પરમ ભક્તિ
કરવી કેમકે માતૃકા મંત્રોની માતા - શાસ્ત્રોની જનેતા છે.

## બ્રાહ્મીલિપિનું મહત્ત્વ

બ્રાહ્મીલિપિ એ સર્વ કળાઓનું મૂળ છે,
ગુણલક્ષ્મીનું ભવન છે, જીવોની કુળદેવી છે,
વિશ્વપાવના અને વિશ્વસંજીવની છે, મોક્ષનું સાધન છે.

## મંત્ર વિજ્ઞાન

મંત્ર આગ્નેય અને સૌમ્ય - એમ બે પ્રકારના છે.

આગ્નેય મંત્ર = પૃથ્વી, અગ્નિ, આકાશમંડળવાળા.

સૌમ્ય મંત્ર = જળ, વાયુમંડળવાળા.

અંતે ફટ્‌ના પ્રયોગથી સૌમ્ય મંત્રો પણ આગ્નેય અને અંતે નમઃના પ્રયોગથી આગ્નેય પણ સૌમ્ય બને છે.

જેને છેડે વષટ્ અને ફટ્ પલ્લવ આવે તે પુલ્લિંગ મંત્રો, વૌષટ્ અને સ્વાહા આવે તે સ્ત્રીલિંગ મંત્રો અને હું તથા નમઃ આવે તે નપુંસકલિંગ મંત્રો છે.

૧ થી ૯ અક્ષર સુધીના મંત્રોને 'બીજમંત્ર' કહેવાય.
૧૦ થી ૨૦ અક્ષર સુધીના મંત્રોને 'મંત્ર' કહેવાય.
૨૦ થી વધારે અક્ષરવાળા મંત્રોને 'માલામંત્ર' કહેવાય.

### અર્હં મંત્રરાજ છે.

'અર્હં' પદ તે મંત્રદેવતા સાક્ષાત્ જિનેશ્વર છે. અર્હં તે મંત્રાધિપ છે. અર્હં પદમાં અપ્રતીત, અનિરાકૃત અને અલક્ષિત ધ્યેય છે. મંત્ર વાક્યોનું ધ્યાન તે પદસ્થ છે અને તે ધ્યાન અંતર્વૃત્તિ - અંતર્જલ્પરૂપ છે. પ્રસ્તુતમાં અર્હં પદ પરમેશ્વર-પરમેષ્ઠીનું વાચક હોવાથી શ્રી અરિહંત પરમાત્મા તે વાચકપદરૂપતાને પ્રાપ્ત થયા છે.

# અર્હં તે પદમયી દેવતા

આ અરિહંત પરમાત્માથી કથંચિત્ અભિન્ન એવું
વાચ્ય-પદ, જે અર્હં છે, તે સ્વયં પદમયી દેવતા છે.
પદ પોતાની સ્થૂલ અવસ્થામાંથી નીકળીને જ્યારે
સૂક્ષ્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે
તે જ દેવતાસ્વરૂપ બની જાય છે.

પદની સૂક્ષ્મ અવસ્થા વિમર્શરૂપ છે. વિમર્શનું તાત્ત્વિક
સ્વરૂપ નિર્વિકલ્પ જ્ઞાન છે, તેને જ તાત્ત્વિક મંત્ર-
દેવતા, મંત્રમયી દેવતા યા પદમયી દેવતા કહેવાય છે.

અર્હંમાં બધા મંત્રો સમાઈ જાય છે.
એમાંથી જ બધા મંત્રો જન્મે છે, કેમકે
અર્હં એ સુસૂક્ષ્મ ધ્વનિરૂપ છે.
તેને અનાહત નાદ કે અવ્યક્ત ધ્વનિ કહેવાય છે.

અર્હં મંત્રરાજના હ્રસ્વાદિ ધ્યાનથી
વર્ણવૃદ્ધિ વડે કર્મનો હ્રાસ - મોક્ષનો લાભ થાય છે.
હ્રસ્વ=વચનસિદ્ધિ, દીર્ઘ=કાર્યસિદ્ધિ, પ્લુત=દારિદ્ર્યનાશ.

o શુભ ભાવ એજ માર્ગ અથવા તીર્થ,
તેને જે કરે તે તીર્થંકર.

દ્રવ્યમંગલ સંદિગ્ધ - ભાવમંગલ અસંદિગ્ધ ફલ આપે છે.

જે કરે નહિ, અનુપયોગ હોતે પણ જે ચાલ્યું ન જાય, તે 'અક્ષર' છે. તે જ્ઞાનચેતનાનું સ્વરૂપ છે અને તે જ ભાવાક્ષર છે. 'અકારાદિ' આ ભાવાક્ષરનું કારણ અને કાર્ય હોવાથી તે 'અક્ષર' કહેવાય છે.

લિપિરૂપ આકાર, તે સંજ્ઞાક્ષર છે.

અર્થની અભિવ્યંજક, તે વ્યંજનાક્ષર છે.

અક્ષરનો ઉપલંભ, તે લબ્ધ્યક્ષર છે.

ઈંદ્રિય મનોનિમિત્તક શ્રુતગ્રન્થાનુસારી જ્ઞાન અથવા તેના આવરણનો ક્ષયોપશમ, તે ભાવાક્ષર છે. લબ્ધ્યક્ષર પણ વિજ્ઞાનરૂપ હોવાથી ભાવાક્ષર છે. કમલદલ ધ્યાને ઉપશમશ્રેણી તથા સ્વરૂપધ્યાને ક્ષપકશ્રેણી મંડાય છે.

જેના ચિત્તમાં 'अर्हं' શબ્દ સદા સ્ફુરે છે, તે અર્હંરૂપ શબ્દબ્રહ્મથી પરબ્રહ્મને સહજ રીતે પ્રાપ્ત કરે છે.

अ તત્ત્વ = अભયદાયક - પાપનાશક છે, કંઠે સ્થિત છે.
ર તત્ત્વ = રત્નત્રયદાયક - ત્રિવર્ગપ્રાપક, મસ્તકે સ્થિત છે.
ह તત્ત્વ = સર્વકાર્યસાધક - મોહનાશક, હૃદયે સ્થિત છે.

મંત્રોનો સંબંધ સાત્ત્વિક ચિત્તની મનનશક્તિ સાથે છે, પરમાત્મા પૂજા-ભક્તિ આદિથી ચિત્ત સાત્ત્વિક થાય છે. ચિત્ત સાત્ત્વિક હોય, તેને જ પ્રશસ્ત સિદ્ધિઓ વરે છે.

'વિચિન્તન' એટલે નિર્દિષ્ટ વસ્તુનું કેવળ ચિત્તથી જ વિશિષ્ટ પ્રકારે તથા સ્થિરતાપૂર્વક ચિન્તન કરે તે. સ્મરણ-વિચિન્તન અને ધ્યાન એ મંત્રોનું વાચ્ય છે. અર્હદક્ષરને મંત્રોનું પરમ વાચ્ય કહેવામાં આવે છે. માતૃકાને 'ત્રિખંડી' કહે છે: अ આદિ ખંડ તે ચંદ્રમંડળ, क આદિ ખંડ તે સૂર્યમંડળ, ष આદિ ખંડ તે અગ્નિમંડળ.

## પરમાત્માના નામસ્મરણનું ફળ

(૧) સાધક શ્રુતજ્ઞાનનો પારગામી થાય.
(૨) તે નષ્ટાદિ - અતીતાદિનો તત્ત્વજ્ઞ જ્ઞાતા થાય.
(3) ક્ષય આદિ રોગોનો નાશ (૪) અનુપમ વાણીનો લાભ
(૫) મહાત્માઓ વડે અતિમાન (૬) પરલોકે શુભગતિગમન.

સ્વરો પરમાત્મવાચક છે તથા
વ્યંજનો પરમાત્મશક્તિના વાચક છે.

આત્માની જ્ઞાનશક્તિ તે જ માતૃકા અને તે જ કુંડલિની. તેનું ઉન્મીલન કરનાર વૈખરી આદિ ચાર પ્રકારની વાણીઓ છે. તેને ઉપચારથી 'માતૃકા' કહેવામાં આવે છે. માતૃકા આત્માની પરમ જ્યોતિ છે, પરમ જ્ઞાનશક્તિ છે.
(૧) વૈખરી સ્પષ્ટોચ્ચારરૂપ (૨) મધ્યમા શ્રુતજ્ઞાનોપયોગરૂપ
(3) પશ્યંતી ક્ષયોપશમ લબ્ધિરૂપ છે.

આ ત્રણ ભાષાઓ અનિત્ય હોવા છતાં પ્રવાહથી અનાદિ છે.

બાવન અક્ષરરૂપ માતૃકાને 'બ્રાહ્મી' પણ કહે છે.

વર્દ્ધતે જ્ઞાનં અનેનેતિ બ્રહ્મ, વર્ણસમુદાયઃ। અકાદિ

જેના વડે જ્ઞાન વધે, તે બ્રહ્મ અકાદિ વર્ણોનો સમુદાય.

બ્રહ્મ એ વર્ણ સમુદાયાત્મક છે. તેના વર્ણ વિન્યાસથી

ઉત્પન્ન થયેલ હોવાથી લિપિને પણ 'બ્રાહ્મીલિપિ' કહે છે.

શબ્દબ્રહ્મ સ્વરૂપથી દુર્વિજ્ઞેય છે, દુર્વિગાહ્ય છે.

પ્રાણ, મન અને ઈંદ્રિયમય છે,

અનંત, અપાર, ગંભીર, નિગૂઢ અર્થવાળું છે. સામાન્ય

માણસની મતિનો જેમાં પ્રવેશ ન થઈ શકે તેવું છે.

તે સૂક્ષ્મ - સ્થૂલ બે પ્રકારનું છે.

સૂક્ષ્મ તે પ્રાણ, ઈંદ્રિય અને મનોમય છે.

પ્રાણ = પરા, મન = પશ્યંતી, ઈંદ્રિય = મધ્યમા.

મધ્યમા તે વૈખરીનું કારણ છે.

સ્થૂલબ્રહ્મ તે વૈખરી સ્વરૂપ છે.

સરસ્વતી નામની દેવી શ્રુતની અધિષ્ઠાત્રી છે.

બ્રહ્મેન્દ્ર દેવતા છે, લોકાંતિક સારસ્વતાદિ દેવો તેને વશ છે.

ઈંદ્રિયો અને કષાયોને જીતનાર પુરુષ નિર્દિષ્ટ રીતે

માતૃકાનું સંસ્મરણ કરે, તો તે સર્વત્ર ધન્ય.

માતૃકા આત્માની પરમજ્યોતિ છે.
એક જ શબ્દ 'અર્હં' એક રેફ સહિત અને
હ્રસ્વાદિ ઉચ્ચારણ ક્રમે સુષુમ્ણા આદિ ગ્રન્થિઓને ભેદી
પ્રાન્તે બ્રહ્મરન્ધ્રમાં પહોંચાડવામાં આવે, તો
કામધેનુ - કલ્પવૃક્ષ કરતાં પણ અધિક ફળદાયી બને છે.

ધ્યાનાદિ - ગાધં સ્મૃતિરેવ લભ્યા
ચિન્તામણિસ્તદ્વિભવં વ્યનક્તિ ।

જે રેફ સહિત મંત્રાધિપના અવયવોની વિચ્યુતિ દ્વારા કરાતા વિશ્લેષણ વડે તથા અનાહત અને અવ્યક્તના ધ્યાન વડે મુનિઓ પોતાના અભિમતની સિદ્ધિ કરે છે.

શ્રુતજ્ઞાનસ્ય-ભાવાક્ષરકારણત્વાત્, લબ્ધ્યક્ષરં તુ ભાવાક્ષરં વિજ્ઞાનાત્મકત્વાત્ । શ્રુતજ્ઞાન - ભાવઅક્ષરનું કારણ છે. લબ્ધિઅક્ષર - ભાવઅક્ષર છે, તે વિજ્ઞાનસ્વરૂપ છે.

પવિત્ર = પાપનો નાશ કરનાર. સિદ્ધાંતપારગ = ચૌદ પૂર્વધર ગણધરો. શ્રુતનો પાર = ષડ્દર્શનનો જાણકાર અને વર્તમાન - અતીત - ભવિષ્યનો જ્ઞાતા.

પ્રકાશ = શિવતત્ત્વ. વિમર્શ = શક્તિતત્ત્વ.

નિર્વિકલ્પજ્ઞાન ઉપરાંત તાત્ત્વિક પદમય દેવતા તથા આત્માની અમૃતકળા - એ ત્રણે એક જ ચીજ છે. વૈકલ્પિક પદ આંતરજલ્પરૂપ છે. તેને 'સંજલ્પ' કહેવાય.

તે અચિન્મય દશા શુદ્ધ થઈ જાય છે.
ચિન્મય સંવેદ્યરૂપતાને પામે છે.
સંવેદ્યવસ્તુની વિમર્શરૂપતા નિર્વિકલ્પ જ્ઞાનરૂપતાને પામે
અર્થાત્ ભાસમાન વસ્તુનું અવિકલ્પિત જ્ઞાન - તેને
'ધ્યેયનો સાક્ષાત્કાર' કહેવાય છે. મંત્રના નિર્ગુણ, નિષ્કલ,
સૂક્ષ્મ વગેરે અવસ્થાઓનો પ્રારંભ બિંદુસ્થાનથી થાય છે.
મંત્રનું ઉચ્ચારણ એ 'મંત્રશૂલ' અને
મંત્રનું વિલયન એ 'જ્ઞાનશૂલ' કહેવાય છે.
અક્ષર વર્ણાત્મક છે. તત્ત્વ, ધ્યેય અને ફલરૂપ પણ છે.
પ્રણવથી ય અધિક ભાવે અર્હં અક્ષરનું પ્રતિપાદન અક્ષર
એવા આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાન હેતુ બની જાય.
મંત્રચૈતન્ય = પ્રાણમય નાદશક્તિનો આવિર્ભાવ
ઉન્મના અવસ્થામાં મન, માત્રા, કાલ, દેશ વગેરે કશું જ
નથી. તે પરમાનંદની ભૂમિ છે. શબ્દબ્રહ્મને જાણીને, તેને
ઓળંગીને પરબ્રહ્મને પામવું, એ સર્વ મુમુક્ષુનું લક્ષ્ય છે.
અર્હંકારમાં માત્રાઓ પણ છે અને
માત્રાતીત શુદ્ધ સ્વરૂપ પણ (ઉન્મનાગત) છે.
શબ્દબ્રહ્મ એ પરાવાણી છે, તે સગુણ છે.
સ્થૂલ વર્ણો આધેય છે અને શબ્દબ્રહ્મ તે આધાર છે.

પ્રપંચની શાંતિને ઇચ્છતો વિદ્વાન પુરુષ
'તે જે પરમાક્ષર છે, તે જ હું છું' એવું ધ્યાન કરે.
'અ' અને 'હ' અનાહત ધ્વન્યાત્મક છે. બધાં વર્ણો
'હ' રૂપ નાદમાંથી જ ઉત્પન્ન થાય છે. બાળ વર્ણોની
સહાય વિના 'હ'ના ઉચ્ચારણ - ધ્યાન થઈ શકતા નથી.

## કષાયો જતાય છે ધર્મથી

શાસ્ત્રોક્ત તત્ત્વજ્ઞાનપૂર્વક જાગ્રત થતાં ભાવોનું જીવનમાં સ્ફુરિત અનુષ્ઠાન તે 'ધર્મ' છે. તેમાં અનેકાન્તભાવનાજનિત તત્ત્વજ્ઞાન તે મૈત્ર્યાદિ ભાવોનું તથા એ ભાવો તે યમ-નિયમાદિ અનુષ્ઠાનોનું કારણ છે.

અનુષ્ઠાનોથી ચિત્તસ્થિરતા સધાય છે અને મૈત્ર્યાદિ શુભ ભાવોથી વૃત્તિનિરોધ થાય છે.

વૈરાગ્ય એ મૈત્ર્યાદિ ભાવોનું જ અપર નામ છે. તેનાથી અનંતાનુબંધી કષાયો જાય, તે યતમાન સંજ્ઞા વૈરાગ્ય છે. વ્યતિરેક સંજ્ઞા અને એકેન્દ્રિય સંજ્ઞાના વૈરાગ્ય વડે અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ કષાયો અને વશીકાર સંજ્ઞા વડે સંજ્વલન કષાયો જતાય છે. વૃત્તિઓને ચંચળ બનાવનાર પાંચે ઇંદ્રિયોના વિષયો છે અને વૃત્તિઓને મૂઢ બનાવનાર ક્રોધાદિ ચાર કષાયો છે.

મૈત્ર્યાદિ વડે પ્રથમ તીવ્ર કષાયો પર વિજય મળે છે અને પછી યમ-નિયમાદિ અનુષ્ઠાનોના યથાવિધિપાલન વડે શેષ કષાયો પણ જાય છે. મૈત્ર્યાદિ ભાવોને જ જીવનમાં સુદૃઢ બનાવવાના ઉપાયો યમાદિ અનુષ્ઠાનો છે. બધાના મૂળમાં આત્મૌપમ્યભાવ કે આત્મસમદર્શિત્વ ગુણ કરી, તે જ ધર્મ અને યોગમાં પ્રાણ પૂરી રહેલ હોય છે.

० पिंडस्थं ध्यानं आत्मांगसंगि

स्वान्तं स्वान्तव्यापरूपं पदस्थं ।

रूपस्थं संकल्पितात्मस्वरूपं ।

रूपातीतं कल्पनामुक्तमेव ।

અર્થઃ પોતાના શરીરની મુખ્યતાએ થતું ધ્યાન પિંડસ્થ, આત્માના દરેક પ્રદેશને વ્યાપીને કરાતું ધ્યાન તે પદસ્થ, સ્વાત્માનું સંકલ્પિત નિયતરૂપે કરાતું ધ્યાન તે રૂપસ્થ, કલ્પનાથી મુક્ત - અનુભવાત્મક જે ધ્યાન, તે રૂપાતીત.

० यदि आचार्यो निर्मलः चिदानन्दसमावेशशाली

ततस्तदुद्भूतास्तच्छक्तिवीर्यसारतया उच्चरन्तो

मन्त्रा अपि तत्समा निर्मलाः सर्वसिद्धिप्रदा भवन्ति ।

અર્થઃ જ્ઞાનાનંદ અનુભવતા આચાર્યની ઉદ્ભૂત થયેલ નિર્મળ આંતરશક્તિ દ્વારા બોલાતા સૂરિમંત્રાદિ જેવા નિર્મળ મંત્રો પણ સર્વ સિદ્ધિને આપનારા મંત્રો બને છે.

ચિત્તની અતિશય નિર્મળતા તે વૈરાગ્યની અવસ્થા છે.
તે નિર્મળતા અને શુદ્ધિનો ઉપાય એક બાજુ
આત્મૌપમ્યભાવ વડે આત્મા ઉપર વિજય મેળવવો
અને બીજી બાજુ ચિત્તને ચંચળ બનાવનાર
ઇંદ્રિયોના વિષયોથી પ્રત્યાહાર કરવો, તે છે.
આત્મૌપમ્ય ભાવનો અભાવ તે તમોગુણની મૂઢતા છે.
તેને પ્રથમ ટાળવી જોઈએ. એ પછી જ રજોગુણની
ચંચળતા ટાળવા માટે સદનુષ્ઠાનનો આશ્રય લેવો જોઈએ.

## સમ્યગ્દર્શનનો આચાર

તે દેવ-ગુરુને પ્રણામ, સંઘ-સાધર્મિક ભક્તિ વગેરે છે.
તે આચાર આત્મૌપમ્યભાવને વિકસાવી
જીવની મૂઢતાનું, ચિત્તની મૂઢદશાનું નિવારણ કરે છે.
તપ, સંયમ અને અહિંસા આદિ વ્રતાનુષ્ઠાનનું પાલન
અનુક્રમે રજોગુણની ક્ષિપ્ત-વિક્ષિપ્ત દશાને નિવારે છે.
પરિણામે સત્ત્વગુણ વૃત્તિ કાયમ રહે છે.
તે વડે એકાગ્રતા અને અંતે નિરુદ્ધ અવસ્થા સધાય છે.
'आलम्बनं वाच्ये पदार्थे उपयोगस्य एकत्वम् ।'
Self-reflection = અનુપ્રેક્ષા. અધ્યાસ = વિભાગનું
અવલંબન. અભિન્નતાનો ભ્રમ, દેહાધ્યાસાદિ તેનાં દૃષ્ટાંત છે.

# અનાહત નાદ એટલે શું ?

નાડી-પવન-સંયોગ-પરિણામ-વિકલ્પેન બહુભિરુક્તાઽપિ
યોગાઃ સાધયિતું ન શક્યન્ત ઇતિ ભાવઃ ।'
અગ્નિ અને પવનના સંયોગથી જે નાદ ઉત્પન્ન થાય,
તેને 'અનાહત' કહે છે, તે નાદ બિંદુનો ભેદક છે.
અનાહત નાદનું અધિષ્ઠાન સુષુમ્ણા નાડી છે.
મૂલાધારમાં રહેલ અધોશક્તિથી ઉત્થિત થઈ
બ્રહ્માત્મક ઊર્ધ્વશક્તિ વડે નાભિકંદાદિ ગ્રન્થિઓને
ભેદતો તે અનાહત નાદ પ્રાંતે બ્રહ્મરન્ધ્રમાં લીન થાય છે.
મેરુ પર્વતની જેમ અત્યંત ઉન્નત હોવાથી
સુષુમ્ણા નાડીને 'મેરુ' કહેવામાં આવે છે.
તે નાડીના અત્યંત ઉપરના ભાગમાં, જે વિવર છે,
તેમાં સોમકલા રૂપી અમૃતજલ રહેલું છે,
તેને 'પ્રાલેય' પણ કહે છે, તે વિવર કે બ્રહ્મરન્ધ્રમાં
સત્ત્વશાલી પુરુષો આત્મતત્ત્વનો સાક્ષાત્કાર કરે છે.
ઇંદ્રિયોના વિષયો અને મનના સર્વ કષાયો ત્યાં રુદ્ધ
જ છે કે જ્યાં રુદ્ધ યોગીનું મન અનાહત નાદમાં
લીન થતું નહિ. તેનું અનુસંધાન હૃદયમાં થાય છે.
તે સૌને અનુભવાય છે પણ લક્ષિત વિરલને થાય છે.

સિદ્ધનો અક્ષર એ રેફની આકૃતિવાળો છે. 'ર' અક્ષરનું રક્ત વર્ણે ધ્યાને ધરતાં તે વશીકરણનું કાર્ય કરે છે. ત્રણ ઉચ્ચારણાત્મક છે. 'ૐ હ્રીં અર્હં નમઃ' મંત્રનો એક લાખ વાર જાપ કર્યા પછી દશાંશ હોમ કરવો. જેટલા અક્ષરનો મૂળ મંત્ર હોય, તેટલા લાખ જાપ કરવાથી એક પુરશ્ચરણ થાય છે. ઉપાસ્ય દેવતાના સાક્ષાત્કાર માટે આવા પુરશ્ચરણોની જરૂર હોય છે.

કેન્દ્ર - રેખા - વર્તુલ કેન્દ્રબિન્દુ સ્વરૂપ છે.

કેન્દ્ર = અર્હં, રેખા = નમસ્કાર, વર્તુલ = સિદ્ધચક્ર.

મંત્ર વડે બહિર્લોકમાંથી સંકોચ, યંત્ર વડે અંતર્લોકમાં નિયમન, તંત્ર વડે પરમતત્ત્વમાં વિસ્તાર થાય છે.

મંત્ર = નમો અરિહંતાણં, યંત્ર = ૐ હ્રીં અર્હં તથા

તંત્ર = નમઃ પૂજાર્થં।

## મંત્રમાળાની મહત્ત્વતા

ૐ હ્રીં અર્હં શ્રી નમસ્કાર મહામંત્રાધિરાજાય નમો નમઃ।

- વર્ણમાળા।

ૐ હ્રીં અર્હં શ્રી સિદ્ધચક્ર-યંત્રાધિરાજાય નમો નમઃ।

- ચિત્રમાળા।

ૐ હ્રીં અર્હં શ્રી જિનરાજપૂજોપકરણાય નમો નમઃ।

- સર્વોપચારમાળા।

અર્હં, જિન, શિવ કે રામ

તત્ત્વથી આ શબ્દો એકસમાન છે - પૂર્ણ છે, શુદ્ધ છે.

સુખ - દુઃખ વખતે તેને સમર્પિત થવું, તે તત્ત્વ છે.

નિષ્ઠુર = જીવોને પરિતાપ ઉપજાવનાર.

નિરનુકંપ = જીવોને દુઃખે દુઃખી ન થનાર.

**અહિંસા, સંયમ અને તપ શા માટે?**

સંયમ અને તપ ઉદાસીનતાસ્વભાવે. તે વડે સંવરસેવન તથા અહિંસા વડે આસ્રવોનો ત્યાગ થાય. આજ્ઞાપાલન વડે ચિત્ત નિર્મળ - ગુણચિંતન વડે ચિત્ત સ્થિર બને, નામ, સ્થાપના, દ્રવ્યની ભક્તિ વડે તન્મયતા વધે.

**ધ્યાન એટલે શું? તે શા માટે?**

ધ્યાનં નિર્વિષયં મનઃ = ધ્યાન એટલે વિષય વિનાનું મન. આજ્ઞાવિચયાદિ ધ્યાન ચિત્તને નિર્મળ, પિંડસ્થાદિ સ્થિર તથા રૂપાતીત - શુક્લધ્યાન ચિત્તને તન્મય બનાવે છે.

જીવોની સમાપત્તિ નિર્મળતા માટે,

ગુણોની સમાપત્તિ સ્થિરતા માટે અને

ગુણીની સમાપત્તિ તન્મયતા માટે થાય છે.

પર્યાયથી નિર્મળતા, ગુણથી સ્થિરતા, દ્રવ્યથી તન્મયતા છે.

સમાપત્તિ એ સર્વ આગમોનું રહસ્ય છે.

'અહં' એ સ્વપ્ન છે, 'અર્હં' એ સત્ય છે.
'અહં' એ તરંગ છે, અર્હં એ ઉદધિ છે.
હું તથા મારું છે, ત્યાં સુધી પરાધીનપણું - શત્રુભાવ પણ છે.
નમસ્કારભાવમાં સર્વમાં સરખાપણું છે.
ગુપ્તિપદ ધ્યાન એ ઉત્સર્ગમાર્ગ છે,
સમિતિપદ ધ્યાન એ અપવાદમાર્ગ છે.
મનની ધનની મમતા છે, 'નમઃ' એ ઈશ્વરતા છે.
'નમઃ'નું સર્જન ગુણાધિકના બહુમાનથી છે,
મનનું સર્જન ગુણ - દોષથી નિરપેક્ષ છે.
'જ્યાં રાગ ત્યાં મન' - એ મનનું કાર્ય છે.
'જ્યાં ગુણ ત્યાં રાગ' - એ નમનું કાર્ય છે.
નમનમાં ગુણાધિકતાનો નિર્દેશ છે,
મનનમાં નિર્ગુણતાનો પણ સમાવેશ છે.
નમસ્કાર વડે દુષ્કૃતગર્હાથી નિર્મળતા,
સુકૃતાનુમોદનથી સ્થિરતા અને
શરણાગમનથી તન્મયતા એક સાથે સધાય છે.
પ્રાપ્તિ ક્રમ પૂર્વાનુપૂર્વી અને પ્રાધાન્ય ક્રમ પશ્ચાનુપૂર્વી છે.
અપકારની દુષ્કૃતગર્હા બે પ્રકારે: સ્વાપકાર - પરાપકાર.
વળી તેના બે પ્રકાર: પરસામાન્ય અને પરવિશેષ.

પોતાની પ્રકૃતિનું સ્વરૂપ સિદ્ધ કરવા માટે
પરમાં પ્રકૃતિના દર્શનનો અભ્યાસ અનિવાર્ય છે.
પરમાં અપ્રકૃતિને જોનારા તથા જાણનારા
આપણે સહુ આપણી અપ્રકૃતિનો પડદો પાડીએ છીએ.
જ્યાં શુદ્ધ 'अहं' એ 'अर्हं'નો વિરોધ છે,
ત્યાં શુદ્ધ સંઘર્ષ અનુભવે છે. જ્યારે તે 'अहं'
'अर्हं'નો ઉપાસક બને છે, ત્યારે તે શાંત થાય છે.
'अहं' એ કર્મનો નાયક છે. 'अर्हं' એ આત્મતત્ત્વ છે.
કર્મનું સર્જન 'अहं'થી તથા કર્મનો સંહાર 'अर्हं'થી થાય છે.
'अर्हं' આત્મા પોતે છે. તેના પ્રત્યે આદરનો પરિણામ
અચિન્ત્ય શક્તિયુક્ત છે, તેથી તે સમૂલ કર્મક્ષય કરે છે.
'अहं'નું સર્વાંશે વિસર્જન કરવું, તે 'अर्हं'નું કાર્ય છે.
અથવા અર્હં, બોધ અને તે મુજબ જ જીવન જીવવું તે
મોક્ષમાર્ગ છે. 'अहं'ની જાગૃતિને રોકવા અને 'अर्हं'ની
જાગૃતિ કરવી એ જ યોગ, અધ્યાત્મ અને આગમનું
અથવા જ્ઞાન, ભક્તિ અને કર્મનું ફળ છે. 'Necessity
is the mother of invention' આવશ્યકતા
આપણને ઘણું શોધી કાઢે છે. જ્ઞાનાર્જનના વિષયમાં
આપણા ચિત્તમાં સ્પષ્ટતા હોવી જોઈએ.

કોઈ એક વિષયનું ગહનતર અધ્યયન કરતાં રહીએ, તો પણ પાર ના આવે એટલાં શાસ્ત્રો છે, એટલે આપણા ધ્યેયવિષયક નિશ્ચિત દૃષ્ટિ કેળવી અને 'શાસ્ત્ર ઘણું મતિ થોડલી' એ વિચારને સ્થિર કરી આત્મોન્નતિની દૃષ્ટિએ આવશ્યક જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. વાંચન, શ્રવણ કે મનનથી આત્માનું પરોક્ષ જ્ઞાન મેળવી આત્મતત્ત્વનું અપરોક્ષ જ્ઞાન મેળવવા 'અહં'ના વિસર્જનની - 'અર્હં'ના સર્જનની પ્રક્રિયામાં લાગી જવું, એ જ ધર્મની યથાર્થ સાધના છે.

बाह्य विषय व्यामोहं परित्यज्य,
रत्नत्रय-सर्वस्वभूते आत्मध्याने प्रवर्तितव्यं ।
आत्मध्यानं आत्मनश्चिद्रूपस्य स्वसंवेदनमेव ।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

જેના વિના ચારિત્ર, શ્રુત, તપ વગેરે નિરર્થક કહ્યાં છે, તે સમ્યગ્દર્શન ગુણ આત્માના અપરોક્ષ અનુભવ દ્વારા જ પ્રાપ્ય છે. અર્હંની સાધનાથી ચિત્તમાંના મળો દૂર થઈ, તેમાં ઉઠતા સંકલ્પ-વિકલ્પના કલ્લોલો શાંત પડે છે અને મનોલયની ઉચ્ચભૂમિકા સર્જાય છે. 'અહં' એ આપણું જુદું વ્યક્તિત્વ ઊભું કરે છે. યોગમાં તેને 'અસ્મિતા' કહે છે.

જીભ પર 'અર્હં'-અંતરમાં સ્વરૂપનું-આર્હન્ત્યનું ધ્યાન એ
પરોપકારીજનને દૃઢ આશરો કરવાનો અનન્ય ઉપાય છે.
'અર્હં' એ જ રામ છે, કૃષ્ણ છે, નારાયણ છે, પુરુષોત્તમ છે,
વિષ્ણુ છે, શિવ છે. ભૌતિક યંત્રાદિની બાહ્યશક્તિ
કરતાં માનવના શરીરની શક્તિ અનેકગુણી અધિક છે,
તેથી અધિક પ્રાણની શક્તિ, પ્રાણશક્તિ કરતાં પણ
વિચારશક્તિ અને વિચારશક્તિથી પણ આત્મશક્તિ-
આર્હન્ત્યની શક્તિ અધિક છે. તે શક્તિનું આલંબન કે
ધ્યાન જ્યારે પણ લેવામાં આવે, ત્યારે તેમાં અનંતગુણ
સામર્થ્ય વધી જાય. આર્હન્ત્ય કહો કે વિશ્વપ્રેમ કહો,
બન્ને એક જ પદાર્થ છે. તેને 'અમૃત' પણ કહી શકાય.

मनश्चापलनिरोधस्य साध्या हि मुक्तिः,
मनोरोधायत्तत्वात् कायरोधस्य,
मनः प्रसराधीनत्वात् कर्मप्रसरस्य ।
एक एव मनोरोधः सर्वाभ्युदयसाधकः, येनैवालम्ब्य
संप्राप्ता योगिनस्तत्त्वनिश्चयम् । (પરિશિષ્ટ-૨)

०

Tennyson says: Self-reverence, Self-knowledge & Self-control alone lead life to sovereign power.

'અર્હં' શબ્દના પ્રાકૃતમાં ત્રણ રૂપ છે:
અરિહં છદ્મસ્થાવસ્થા, અરહં સર્વજ્ઞાવસ્થા તથા
અરુહં યોગનિરોધાવસ્થા યાને સિદ્ધાવસ્થા અનુક્રમે
ધર્મકાય, કર્મકાય તથા તત્ત્વકાય અવસ્થા છે.
એક જન્મને જણાવનારી, બીજી જીવનને જણાવનારી
અને ત્રીજી તત્ત્વકાય અવસ્થા મરણને જણાવનારી છે.
અર્હં એ ત્રણે અવસ્થાઓનો વાચક શબ્દબ્રહ્મ છે.
શબ્દબ્રહ્મમાં નિષ્ણાત જીવ પરબ્રહ્મને પામે છે.
પરબ્રહ્મ ચૈતન્ય પરમાત્માન્વિદ્ એકરૂપ છે.
તેનું સ્મરણ - ધ્યાન એ તદ્રૂપ પરિણમન છે.
એ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ છે,
તેથી તેમાં ભવનો બાધ - અભાવ થઈ જાય છે.
પ્રભુની જન્માવસ્થા એ સમ્યક્ત્વ સામાયિકરૂપ છે,
રાજ્યાવસ્થા એ શ્રુતસામાયિકરૂપ છે,
છદ્મસ્થાવસ્થા સમ્યક્ત્વ - શ્રુત - સર્વવિરતિ સામાયિકરૂપ
અને દીક્ષા અવસ્થા એ સર્વવિરતિ સામાયિકરૂપ છે.
વળી સર્વજ્ઞ અવસ્થા યથાખ્યાત ચારિત્રરૂપ છે અને
યોગનિરોધાવસ્થા સર્વ સંવર ચારિત્રરૂપ છે,
તેથી અર્હં શબ્દ દ્વારા ધ્યાતું અરિહંતનું પ્રણિધાન ત્રણે
પ્રકારના સામાયિક અને તેના પૂર્ણ ફળનું સ્મરણ છે.

अर्हं इत्यक्षरं ब्रह्मवाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणिदध्महे ॥ (परिशिष्ट-३)

સકલ શાસ્ત્રોનો સાર 'અર્હં' નામ છે. નામ વડે સાક્ષાત્ ભગવાન આવિર્ભાવ પામે છે. મુક્તિની ભક્તિ વિશિષ્ટ છે. ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો પ્રેમ, સર્વાધિક સુદૃઢ સ્નેહ.

ભક્તિની વ્યાખ્યા = પરમ પ્રેમરૂપ પરાનુરક્તિ.

ભક્તિરસના આસ્વાદ જેવો આસ્વાદ મોક્ષમાં પણ નથી.

જ્યાં શાંતિ નથી, ત્યાં સુખ નથી.

ત્રિવિધતાપથી માનવ તપી રહ્યો છે. લાડી-વાડી-ગાડી હોવા છતાં આધિ-વ્યાધિ-ઉપાધિ વડે જીવ સળગી રહ્યો છે. પ્રભુનામનું અમૃત ત્રિવિધતાપને શમાવે છે. નામસ્મરણથી પ્રભુ સાથે તાર બંધાય છે. Turn towards the Divine and all dificulties disappear.

તમારી અંદર રહેલ સચ્ચિદાનંદ તરફ વળો.

શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયની ભક્તિ કરો, માહાત્મ્ય જાણી.

તેના માહાત્મ્યના જ્ઞાનથી સુદૃઢ ભક્તિ જાગે છે.

જ્યાં કામ, ત્યાં રામ રહેતો નથી. આ શરીર ઉપર મોહ છે, ત્યાં સુધી ભક્તિ રૂપી સુધારસનું થતું નથી.

ગંગાજળ પીધા પછી ગટરનું પાણી કોણ પીશે?

જ્યાં રામ - ત્યાં કામ ટકતો નથી.

ॐ ह्रीँ अर्हद् अनाहताख्यमनलं सारं रहस्यं
श्रुतेरस्यो सा नम इत्यभीष्टफलदं श्री सिद्धचक्रं यजे।

– सिद्धचक्र बृहत् पूजन

અર્થ: ॐ હ્રીઁ પૂર્વક 'અર્હ' એ નામનું અતિ નિર્મળ અને સર્વ શાસ્ત્રોના મૂળ રહસ્યભૂત અનાહત, જે 'અસિઆઉસા' રૂપે પૂજાય છે, તે શ્રી સિદ્ધચક્રને પૂજું છું.

જો પદમાં કઈ ૮ વસ્તુ સમાવિષ્ટ ?

(૧) અર્હ એ અનાહત સ્વરૂપ છે. (૨) સર્વ શાસ્ત્રોના રહસ્યભૂત છે. (૩) તે અતિ નિર્મળ સ્વરૂપવાળું છે. (૪) 'અસિઆઉસા નમઃ।' રૂપે પૂજાય છે. (૫) અભીષ્ટ ફળને દેનારૂં છે. (૬) અનાદિસિદ્ધ એવા વર્ણમાળાના વર્ણોનો સમૂહાત્મક સંગ્રહ છે. (૭) અને શ્રી જિનશાસનમાં 'શ્રી સિદ્ધચક્ર' એ (૮) નામના યંત્રરૂપે પ્રસિદ્ધ છે, તેથી સિદ્ધચક્રનું હું પૂજન કરૂં છું. અર્હ સમગ્ર માતૃકાસૂચક શબ્દબ્રહ્મ પરમાત્મવાચક છે. અ = ચંદ્રમંડળ - ઈડા, હ = સૂર્યમંડળ - પીંગળા, ર = અગ્નિમંડળ - સુષુમ્ણા.

ષડ્દર્શન પ્રમાણે અર્હ

આર્હત સિદ્ધાન્ત = કર્તવ્ય, વેદાન્ત = શ્રોતવ્ય, ન્યાય - વૈશેષિક = મન્તવ્ય, સાંખ્ય - યોગ = ધ્યાતવ્ય.

## મંત્રસિદ્ધિ માટે ૧૬ અંગો

(૧) ભક્તિ - નવધા ઈત્યાદિ અનેક પ્રકારે. (૨) શુદ્ધિ - દિક્‌શુદ્ધિ, સ્થાનશુદ્ધિ, શરીરશુદ્ધિ, પ્રાણાયામાદિ દ્વારા મનઃશુદ્ધિ. (3) આસન - ચૈલાસન, મૃગચર્માસન, કુશાસન.

(૪) પંચાંગસેવન - ઇષ્ટગીતા, સહસ્ત્રનામ, સ્તવ, કવચ, હૃદય.

(૫) આચાર - તંત્ર અને પુરાણોમાં અનેક ભેદ છે.

(૬) ધારણા - બાહ્યમૂર્તિ આદિ, આંતરશરીરની અંદર.

(૭) દિવ્યદેશ - ૧૬ સ્થાનમાં પીઠ બનાવીને કરાતી પૂજા.

(૮) પ્રાણક્રિયા અથવા ન્યાસક્રિયા - પ્રાણાયામ ઉપરાંત શરીરની અંદર પ્રાણને વિવિધ સ્થાનોમાં લઈ જવા તે.

(૯) શંખ કે યોનિમુદ્રા - ઇષ્ટદેવને પ્રસન્ન કરવાની ચેષ્ટા.

(૧૦) તર્પણ = ઇષ્ટદેવનું પદાર્થવિશેષ દ્વારા તર્પણ કરવું તે.

(૧૧) હવન = અગ્નિમાં આહુતિ આપવી તે.

(૧૨) બલિ - આત્મબલિ : અહંકારાદિકની બલિ, કામક્રોધાદિની બલિ, ઇંદ્રિયોની બલિ વડે આંતર્બલિ તથા સાત્વિક ફળાદિ વડે બાહ્યબલિ.

(૧3) યાગ - આંતર્યાગ અને બાહ્યયાગ.

(૧૪) જપ - ભાષ્ય, ઉપાંશુ તથા માનસજાપ.

(૧૫) ધ્યાન - મન દ્વારા ઇષ્ટના સ્વરૂપનું ધ્યાન.

(૧૬) સમાધિ - મહાભાવ સમાધિ, લય, સ્વવિસ્મૃતિ.

## ક્રમબદ્ધ મંત્રજાપ કરવાની આદર્શ પ્રક્રિયા

મંત્રનું સ્મરણ કરવું.

તે પછી નાભિરૂપ સરોવરમાંથી ઉત્પન્ન થતું, ઊર્ધ્વદિશામાં જતું, એક નાળવાળું, હૃદયમાં જઈને વિકસતું અને મુખમાંથી બહાર આવતું શ્વેત સહસ્ત્રદલ-કમલ ચિંતવવું.

તેની કર્ણિકા ઉપર બિરાજમાન

આનંદ તથા વર આપનારી, એક હાથમાં પુસ્તક અને એક હાથમાં કમલ ધારણ કરનારી શ્રી વાગ્દેવી ચિંતવવી.

તેના મુખમાંથી સ્વમુખમાં આવતી માતૃકા ચિંતવવી.

## મંત્રસિદ્ધિમાં કયા ૩ કારણો મહત્ત્વના?

મંત્રસિદ્ધિમાં આમ્નાય અને વિશ્વાસ બાહુલ્ય એ બે મહાન સહકારી કારણ છે. ત્રીજું સહકારી કારણ ઐક્યભાવન કે તાત્ત્વિકવિમર્શ છે, તેથી આત્મલાભ થાય છે.

આમ્નાય = ગુરુ પરંપરાગત આચારનું અનુસરણ.

વિશ્વાસ બાહુલ્ય = ગુરુમાં આપ્તત્વનો નિશ્ચય.

અર્થાત્ મંત્રની શક્તિ આદિ પ્રત્યે શંકાને અનવકાશ.

ઉપાસનામાં જોડાતા પહેલાં ક્રમાનુસાર ગુરુ, મંત્ર, દેવતા, આત્મા, મન અને પ્રાણોમાં એકત્વ ભાવના કરવી એને તાત્ત્વિકવિમર્શ કહે છે, તેથી મંત્રચૈતન્ય શીઘ્રપણે પ્રકટે છે.

મંત્રશાસ્ત્ર તર્કનો વિષય નહિ પણ શ્રદ્ધાનો વિષય છે.
પદમાં પદાર્થની ઉપસ્થિતિ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય છે.

પદના ધ્યાન દ્વારા અભેદ આદિ
વિશિષ્ટ સંબંધો પદાર્થના સાથે સધાય છે,
તેથી પદાર્થનું સ્પષ્ટ અને સંપૂર્ણ ભાન થાય છે.

ધ્યેયના સાક્ષાત્કાર માટે પદ એ સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

પદ, પ્રત્યય અને અર્થની કથંચિત્ એકતા
યોગગ્રન્થોમાં સિદ્ધ કરી છે.

દ્વાદશાંગનો સાર સુનિર્મળ ધ્યાનયોગ છે.
ધ્યાનયોગની સિદ્ધિ માટે મનઃપ્રસાદ સાધવો જરૂરી છે,
તે મૂલોત્તર ગુણોના અનુષ્ઠાન વડે સાધ્ય છે, તેથી
સમિતિ-ગુપ્તિનું આચરણ પણ સારભૂત કહેવાય છે.
સમિતિ-ગુપ્તિ અને મહાવ્રતો વડે મનઃપ્રસાદ અને
નવકારનાં પદો વડે ચિત્તની એકાગ્રતા સધાતી હોવાથી
બંને ચૌદ પૂર્વનો સાર છે.

નિશ્ચય ધ્યાનયોગની સિદ્ધિનું સાધન નવકારપદો અને
સામાયિકનું અનુષ્ઠાન હોવાથી બંને ચૌદ પૂર્વનો સાર છે.
બંનેનું સાધ્ય આત્મજ્ઞાન હોવાથી ચૌદ પૂર્વનો તત્ત્વથી
સાર 'આત્મજ્ઞાન' અર્થાત્ 'શુદ્ધ આત્મા'નો ભાન છે.

વિશ્વમાં સારભૂત વસ્તુ આત્મતત્ત્વ છે, તેની સિદ્ધિ
જે અનુષ્ઠાનથી થાય છે, તેને પણ 'સાર' કહેવાય છે.
ધ્યાતા - ધ્યેય - ધ્યાન એ ત્રણેની એકતા સમાપત્તિ છે
અને તે ધ્યાનયોગનું ફળ છે.

તેનું સાધન પવિત્ર મંત્રપદોનું સમાલંબન છે.

સમાલંબન = અલક્ષ્યને સાધવા પદસ્થ લક્ષ્યનું આલંબન,
લક્ષ્યીભાવની ઉત્પત્તિ માટે લેવાતું યથાવિધિ આલંબન.

અથવા સમાલંબન = સમ્યક્ પ્રકારે આલંબન.

આલંબન = ધ્યેયમાં ઉપયોગની એકતા.

ઉપયોગ = બોધરૂપ વ્યાપાર.

એકતા = સજાતીય જ્ઞાનની ધારા. સમ્યક્ આલંબન =
આમ્નાયાનુસાર તથા વિશ્વાસબાહુલ્યપૂર્વક થતી ક્રિયા.

આમ્નાય = સંપ્રદાયનું અનુસરણ.

શ્રદ્ધા = મંત્ર, મંત્રપ્રદાતા, ગુરુપરંપરા પર અતૂટ વિશ્વાસ.

શ્રદ્ધા = મંત્રની શક્તિ, મંત્રપ્રદાતા ગુરુમાં આપ્તત્વ
અને ગુરુપરંપરાની અવિચ્છિન્નતા - એ ત્રણે ઉપર
અત્યંત શ્રદ્ધા - સંપૂર્ણ વિશ્વાસ - નિઃશંકતાની બુદ્ધિ.

પવિત્ર પદો = આપ્તપુરુષના મુખકમળમાંથી નીકળેલ પદો
હોવાથી તેને દેવોનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

પવિત્ર પછી લક્ષણોપેત હોવાથી દેવાધિષ્ઠિત હોય છે.
આપ્તતા એ યથાર્થતા અને કથનને આધીન છે.
પવિત્રતા અને નિર્મળતા સુમુનિઓમાં રહેલ વિશિષ્ટ
પ્રકારની અભેદપ્રણિધાનની શક્તિના કારણે હોય છે,
જે તેમની પ્રતિષ્ઠા - વિશિષ્ટ તપપ્રભાવે પ્રકટે છે.
તેમના મુખમાંથી નીકળેલા પછી નિર્મળ અને પવિત્ર
હોવાની સાથે વર્ણવાળા અને સર્વસિદ્ધિપ્રદ હોય છે.
મંત્રપ્રદાતા ગુરુની જેમ સાધક પણ સત્ત્વગુણી હોવો
ઘટે. જપ વડે મંત્રમાં રહેલ વર્ણ પ્રગટ થાય છે.
વર્ણ = અચિન્ત્ય શક્તિ.
જપક્રિયા એ સ્મરણ, ચિન્તન, ધ્યાનયુક્ત હોવા ઘટે.
સ્મરણાદિ વડે મંત્રો જાગ્રત થાય છે.
સ્મરણ પોતે જ ધ્યાનાદિ રૂપે પરિણામ પામીને
પ્રશસ્ત ફળને આપનાર થાય છે.
સ્મરણ પોતે જ ભાવ્યમાન વસ્તુઓનો સાક્ષાત્કાર
કરાવનારું થાય છે અર્થાત્ પરમાત્મા આદિ ભાવ્યમાન
વસ્તુ સાથે આત્માના અભેદને પ્રકટાવનાર બને છે.
तन्भावस्वरूपापत्तिप्रयोजकं ।
પ્રથમ માનસસાક્ષાત્કાર - પછી આત્મસાક્ષાત્કાર થાય છે.

કામ આદિથી લભ્યમાન 'કાન્તા' આદિ શબ્દોની જેમ
સત્કારાદિથી લભ્યમાન અર્હં આદિ સર્વ મંત્રના પદો
આત્મા ઉપર પવિત્ર અસર કરે છે, કેમકે
તે આંતરિક સંવિદ્થી અભિન્ન હોય છે.

સિંહતિલકસૂરિજી વિરચિત 'શ્રી વર્ધમાનવિદ્યાકલ્પ' અને
'સૂરિમંત્રકલ્પસંદોહ'માં કહ્યું છે કે:

સર્વવિદ્યાસ્મૃતાવાદૌ વાચ્યા પૂર્ણા નમસ્કૃતિઃ।

અર્થાત્: સર્વ વિદ્યા, મંત્રો અને ધ્યાનોના
પ્રારંભમાં પરિપૂર્ણ એવા ૬૮ અક્ષરવાળા
શ્રી પંચ નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરવું જોઈએ.
શ્રી નમસ્કાર મંત્ર વડે સકલ ધ્યાનની સિદ્ધિ થાય છે.

સર્વે ધ્યાનસ્ય પ્રકારાઃ પ્રથમ નમસ્કારે સિદ્ધે સિદ્ધા ભવન્તિ।
તસ્યાં સિદ્ધૌ સત્યાં કાર્યસિદ્ધો મોક્ષશ્ચ ભવતિ। (પરિશિષ્ટ-૪)

મંત્રવાક્યમાં રહેલ પદસ્થ ધ્યેયનું
ચિન્તન કરવાથી આત્મચિન્તન થાય છે અને
આત્મચિંતન થવાથી જગત ચિન્મયજ્યોતિરૂપ ભાસે છે.
ચિન્મયજ્યોતિનો ભાસ થવાથી નિરંજનપદની પ્રાપ્તિ થાય છે.
પદસ્થ આલંબન લેતાં આવડે તો
મંત્રપદ પોતે જ કામધેનુરૂપ બને છે.

'अर्हं' પદમાં બધા જ મંત્રો કરતાં અધિક સામર્થ્ય છે.
નમસ્કારમંત્રનો સંક્ષેપ પણ अर्हं પદમાં આવી જાય છે.
નમસ્કારમંત્ર આદિ સઘળાં મંત્રપદો અને ધર્મશાસ્ત્રો
'अर्हं' પદનો જ વિસ્તાર છે.

સમાલંબન એટલે... અલ્પજ્ઞ એવા પરતત્ત્વની પ્રાપ્તિ
માટે તજ્જ્ઞ એવા મંત્રપદ આદિનું સમ્યક્ આલંબન.
મંત્રયોગનું રહસ્ય આ સમાલંબનમાં રહેલું છે.

સ્મૃતિ એ આત્માની એક અત્યંત મહત્ત્વની શક્તિ છે.
નિરંતર સ્મરણ ભાવ્યમાન વસ્તુના અભેદસાક્ષાત્કારમાં
પરિણમતું હોવાથી જ સ્મૃતિ એ મંત્રનું જીવન છે.

'अर्हं' પરમતત્ત્વ સ્વરૂપ, સૂક્ષ્મ ધ્વનિરૂપ, અત્યંત
ધ્યેયરૂપ, શબ્દબ્રહ્મરૂપ, વર્ણાત્મક અક્ષરબ્રહ્મ સ્વરૂપ છે,
તેનું અભેદ પ્રણિધાન તે તાત્ત્વિક નમસ્કાર છે.

અક્ષર = તત્ત્વ, ધ્યેય, બ્રહ્મ, વર્ણ - એમ ૪ અર્થો છે.
તે બધા 'अर्हं' અક્ષરમાં ઘટે છે.

'अर्हं' એ પરમેશ્વર પરમેષ્ઠિનું વાચક, સિદ્ધચક્રનું
કેન્દ્રબીજ, સકલ આગમોનું રહસ્ય, સર્વવિઘ્નનાશક,
સર્વ સંકલ્પોને પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ છે.
એના વાચ્યાર્થ પરમ અને પ્રધાન પરમેષ્ઠિ અરિહંત

અભેદપ્રણિધાન = પરમાત્મા સાથે સર્વ રીતે એકીભાવ.

એથી પરમાત્મપણાની શીઘ્રપણે પ્રાપ્તિ થાય છે.
'અર્હં' અક્ષર આત્મસ્વરૂપની અનુભૂતિમાં પ્રધાનરૂપ છે.

હ્રસ્વમાત્રાના ધ્યાનથી વચનસિદ્ધિ,
દીર્ઘમાત્રાના ધ્યાનથી કાર્યસિદ્ધિ અને
પ્લુતમાત્રાના ધ્યાનથી નિર્ધનતાનો નાશ થાય છે.
કમળદળ ધ્યાને ઉપશમશ્રેણી અને
સ્વરૂપ ધ્યાને ક્ષપકશ્રેણી મંડાય છે.

એમ અર્હં અક્ષર સર્વ વર્ણમય છે અને
માતૃકાના પ્રત્યેક વર્ણ તત્ત્વ છે, તેમ અ - ર - હ
૩ તત્ત્વો અહીં છે કે જેમાં સર્વસ્વ પરમાત્મા રહે છે.

| | |
|---|---|
| અ = આનંદપ્રદ, અમૃતમૂર્તિ છે. | કંઠ |
| ર = ત્રિવર્ગ અને રત્નત્રયની પ્રાપ્તિ. | મૂર્ધા |
| હ = સર્વ કાર્યસાધક અને મોહનાશક છે. | હૃદય |
| ં = મોક્ષદાયક અને નિર્વાણસાધક છે. | નાસાગ્ર |

સોઽહં અર્હતિ...

સ્વરૂપાલંબન, ગાઢ - ગાઢતર વર્જિત ધ્યાતૃ - ધ્યાનભાવનો નાશ, ધૈર્યૈકભાવ, સમરસીભાવ, ચિદ્રૂપતા, રાગાદિ ઉગ્ર શત્રુઓનો વિનાશ, સૂક્ષ્મ શબ્દબ્રહ્મ, વિશુદ્ધતમ ઉપયોગ, ચિદાનંદમયતા, જગન્નુતતા.

સમાપત્તિ = વિશિષ્ટ પ્રકારનું ધ્યાન, તેનું ફળ સમાધિ,
પરમાત્મ સ્વરૂપમાં અનન્ય ઉપયોગ.

તાત્સ્થ્ય = ધ્યાન વડે પરમાત્મસ્વરૂપની ઉપસ્થિતિ,
પરમાત્મા જ્યારે હૃદયમાં ધ્યાન દ્વારા ઉપસ્થિત થાય,
ત્યારે નિશ્ચયથી સર્વ અર્થોની સંપ્રાપ્તિ થઈ જાય છે,
કારણકે પરમાત્મા પરમ ચિન્તામણિ છે.
ધ્યાન વડે થતી પરમાત્મસમાપત્તિ અહીં
નિર્વાણફલપ્રદા યોગમાતા છે.

તદંજનતા = નિર્મળ સ્ફટિકમાં પ્રથમ પ્રતિબિંબ પડે છે
અને પછી સ્ફટિક તેના વર્ણાદિવાળું બની જાય છે.
પ્રથમોપસ્થિતિ તે તત્સ્થતા, પછી તદંજનતા સમાપત્તિ
થાય છે, તે સમાપત્તિ વૈશાનિક સંબંધ વિશિષ્ટરૂપ છે.
તે સંબંધ ધ્યાનમાં ભાસતો હોય છે.

તે ધ્યાનનો આકાર 'મયિતદ્રૂપં' અને 'સ એવાઽહં'
'મારામાં તે પરમાત્મરૂપ અને તે જ હું' એવો હોય છે.
ધ્યેયના આકારથી ભિન્ન આકારવાળી સર્વ વૃત્તિઓ
જેની ક્ષીણ થઈ ગઈ છે, એવા સાત્ત્વિક મનમાં જ
આવી ઉત્તમ સમાપત્તિ હોય છે.
રાજસ - તામસ વૃત્તિઓ સમાપત્તિને પ્રતિબંધક છે.

રાજસ - તામસ વૃત્તિઓને 'સ્ફટિકમલ'ની ઉપમા છે. સ્ફટિક મણિમાં મલ હોય, ત્યાં સુધી વાસ્તવવસ્તુની સર્વાંશ ઉપરક્તતા ન થાય, તેમ ચિત્તમાં રાજસ અને તામસ વૃત્તિનો લેશ હોય, ત્યાં સુધી સમાપત્તિ થઈ શકતી નથી. સાત્ત્વિક વૃત્તિઓમાં પણ એક ધ્યેયાકારવૃત્તિ જ જ્યારે ચિત્તમાં અવશિષ્ટ રહે છે, ત્યારે જ સમાપત્તિ થાય છે.

## સમાધિવાચક શબ્દો

સમાપત્તિ, સમાધિ, ઉન્મની, લય, તત્ત્વ, શૂન્ય, અમનસ્ક, નિરાલંબ, નિરંજન, સહજ, તુર્યા વગેરે છે. તેને રાજયોગ - જીવન્મુક્તિ વગેરે પણ કહેવાય છે.

તદેવાર્થમાત્રનિર્ભાસં સ્વરૂપશૂન્યમિવ સમાધિઃ। - પા૦યો૦

અર્થાત્ : ધ્યાતાનો જે વિષય હોય, તેનું આલંબન શૂન્યવત્ કે વિલીન થઈ જાય, તે અવસ્થા 'સમાધિ' છે.

'ધ્યેય પદાર્થનું હું ધ્યાન કરું છું' એવું પણ સ્ફુરણ હોતું નથી, તેથી સ્વરૂપ શૂન્યમિવ કહેલ છે. અહીં જીવાત્મા - પરમાત્માનું સમત્વ હોય છે, તેને 'નિર્વિકલ્પ - સર્વ સંકલ્પ વિવર્જિત સમાધિ' કહેવાય છે. ત્રિપુટી ઐક્ય થાય - મન લય પામે, ત્યારે કેવળ એક સમ-રસરૂપતા - પ્રશાંતવાહિતારત હોય છે, તે જ 'સમાધિ' કહેવાય.

तत्राऽनाहतविश्रांतिसतत्त्वे निष्कलोच्चार -
प्रगुणीकृतमध्यमा संलीनतया जपः कार्यः । અર્થાત્:
પ્રથમ સકલ[1] ઉચ્ચાર અથવા તો પ્રયત્નપૂર્વકનો ઉચ્ચાર, પછી નિષ્કલ[2] ઉચ્ચાર, સહજ માનસજપ, પછી મધ્યમાર્ગ સંલીનતા[3] - સુષુમ્ણાનાડીમાં લીનતા, પછી અનાહત વિશ્રાંતિ[4].
અનાહતનાદમાં વિશ્રાંતિ = જપનું અંતિમ તાત્ત્વિકસ્વરૂપ.

## અનાહતનાદ રૂપ મંત્રનું અંતર્જલ્પરૂપ

મનન - શ્રવણ એ જ પરમતત્ત્વપ્રાપ્તિનો ઉપાય છે, તેથી તે અંતર્જલ્પ જ પરમાત્મા છે, જે ઉપેયની જેમ ઉપાય - મંત્રરૂપે સ્ફુરિત થાય છે. યોગીઓની અક્ષમાળા પોતાની તંતુરૂપ પ્રભુશક્તિ છે. અક્ષમાળા જેમ અક્ષોને પોતામાં અંતર્ગત કરે છે, તેમ પ્રભુશક્તિરૂપ અક્ષમાળા ઇંદ્રિયવૃત્તિઓ રૂપ અક્ષોને પોતામાં અંતર્વર્તિત કરે છે. પ્રભુશક્તિ પોતાની મેળે જ પ્રવાહક્રમથી ધ્વનિ કરતી ફર્યા કરે છે, તેથી તે 'અક્ષમાળા' ઇત્યાદિ. પ્રભુમાં થતાં પ્રત્યેક સ્પન્દમાં યોગીઓ અવધાનવાળા જનોને અકૃત્રિમ સહજ જપને સાધે છે. પ્રભુના સ્પન્દનો એક અહોરાત્રમાં ૨૧૬૦૦ x ૫ = ૧૦૮૦૦૦ ટકે છે, તેમાં અવધાન - ઉપયોગવાન યોગીને સહજજપ સિદ્ધ થાય છે.

## સર્વ શ્રુતના પારગામી

માતૃકાનો દરેક વર્ણ સંકેતનિરપેક્ષ છે, તેથી
વાચ્યાર્થરહિત છે. વાચ્ય ન હોવાથી વાચક પણ નથી,
તેથી કેવળ નાદનો જ અનુભવ થાય છે.
વર્ણનો આત્મા નાદ - ધ્વનિ હોવાથી તેના અનુસંધાનથી
સર્વ શ્રુતના પારગામી થવાય, તેમાં આશ્ચર્ય નથી.
'अ' અખંડ ચંદ્રમંડલ છે,
'क' અખંડ સૂર્યમંડલ છે, 'र' અખંડ અગ્નિમંડલ છે.
શ્રુતજ્ઞાનપ્રાપ્તિ માટે જેમ સ્વાધ્યાયાદિ ઉપાયો છે,
તેમ માતૃકા સંસ્મરણ પણ અનુપમ ઉપાય છે.
મંત્રની નિષ્પત્તિ માતૃકામાંથી થયેલ હોવાથી મંત્રજાપ
પૂર્વે માતૃકાન્યાસ અત્યંત આવશ્યક છે. પદસ્થધ્યાનના
પ્રત્યેક પ્રકાર પૂર્વે માતૃકાનું સંસ્મરણ અતિ જરૂરી છે.
નાભિકંદગત ચક્રમાં સંયમ કરવાથી કાયવ્યૂહનું જ્ઞાન
થાય છે. સ્વરોના ધ્યાનથી પરમાત્મઉપાસના અને
વ્યંજનોના ધ્યાનથી પરમાત્મશક્તિની ઉપાસના થાય છે.
સ્વરો શિવવાચક અને વ્યંજનો શક્તિવાચક છે.
શ્રદ્ધામાંથી ઉત્સાહ - ઇચ્છા - વીર્ય, તેમાંથી
ધ્યાન - એકાગ્રતા - એકતાનતા આવે, તે સ્મૃતિ છે.

સ્મૃતિથી સમાધિ - અનાકુળતા - વિક્ષેપરહિતતા, તેમાંથી
નિર્મળ પ્રજ્ઞા - વિવેક - યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય છે.

માતૃકા વર્ણોના સમૂહને 'સિદ્ધચક્ર' કહે છે.

अकारादिक्षकारान्तानां पञ्चाशतः सिद्धत्वेन
प्रसिद्धानां वर्णानां समुदायरूपस्य सिद्धचक्रम्। અર્થાત્:
અ થી માંડીને ક્ષ સુધી સિદ્ધ તરીકે પ્રસિદ્ધ થયેલા
૫૦ અક્ષરોનો જે સમુદાય, તે 'સિદ્ધચક્ર' છે.

જ્ઞાનમય તેજનું માતાની જેમ જનન, પાલન અને
શોધન કરનારી હોવાથી તેને 'માતૃકા' કહેવાય છે.
તે આત્માની પરમ જ્યોતિ છે.

જ્ઞાનશક્તિની પ્રસારક હોવાથી માતૃકા
આત્માની જ્ઞાનશક્તિ છે, તેને 'વર્ણતનુ' પણ કહે છે.
વર્ણો = દેહ તથા માતૃકારૂપી જ્ઞાનશક્તિ = આત્મા છે.
એ જ્ઞાનશક્તિનું ઉન્મીલન કરનાર ચાર પ્રકારની
વૈખરી આદિ વાણીઓ છે.

વૈખરી સ્વયં શબ્દવૃત્તિરૂપ છે, મધ્યમા મનોવૃત્તિરૂપ છે.
વૈખરીનું ઉપાદાન સ્થૂલ શબ્દવૃત્તિ છે, મધ્યમા વાણીનું
ઉપાદાન બુદ્ધિ છે. મધ્યમા વાણીમાં ક્રમ છે, કેમકે તે
સૂક્ષ્મશબ્દોમાં રહે છે, તેથી મધ્યમાનો આધાર શબ્દ છે.

વૈખરી અને પશ્યંતીના મધ્યમાં રહેલી તે 'મધ્યમા' છે. મધ્યમા વાણી અંતઃસંકલ્પમાત્ર, અનુક્ત અને જેના વર્ણોની અભિવ્યક્તિ શ્રોત્રગ્રાહ્ય નથી, તેવી હોય છે. પશ્યંતી વાણી સ્વપ્રકાશા, સંવિદ્રૂપા, ક્રમરહિતા અને વાચ્ય-વાચક વિભાગરહિતા હોય છે. દેશ-કાળકૃત ક્રમ નથી, છતાં તેમાં ક્રમ-વિવર્તશક્તિ તો છે જ. અષ્ટવર્ગોમાં વિભક્ત વિદ્યા કે પરાવાણી - તે માતૃકા હૃદયગ્રન્થિ (ભ્રાન્તિ-ભ્રમ)ને ભેદે છે, સંશય છેદે છે, જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ક્ષય કરે છે.

દ્રવ્યવાણી એ શબ્દપુદ્ગલોના સમૂહરૂપ છે.
પરવિદ્રૂપવાણી એ નિનાદ કે ધ્વનિરૂપ વૈખરી છે.

વૈખરીવાણી એ સંજ્ઞાક્ષર - વ્યંજનાક્ષરરૂપ છે, ભાવવાણી એ વ્યક્તિ અને શક્તિરૂપ છે. વ્યક્તિરૂપ મધ્યમાવાણી એ લબ્ધ્યક્ષરરૂપ છે, તે વૈકલ્પિક મતિરૂપ શ્રોત્રગ્રાહ્ય વાણીનું કારણ છે. પશ્યન્તીવાણી શક્તિરૂપ અને સૂક્ષ્મવાણી લબ્ધિરૂપ છે અને વાણીના વેદનને આવરનાર કર્મોના ક્ષયોપશમથી તે પ્રાપ્ત થાય છે. શ્રુતજ્ઞાન એ અનંત, અપાર, વિસ્તીર્ણ, સ્વયંભૂરમણ સાગરની પેઠે દુરવગાહ છતાં માતૃકાના ધ્યાનથી સુખે પાર પામી શકાય છે.

માતૃકા અને તેના વર્ણો સદાકાળ અસ્તિત્વ ધરાવે છે,
તેથી તેઓને 'અનાદિ સંસિદ્ધ' કહેવાય છે.
'સિદ્ધો વર્ણ સમામ્નાયઃ |' 'ૐ નમઃ સિદ્ધં' એ મંત્ર
અનાદિસિદ્ધ વર્ણમાળારૂપી માતૃકાને નમસ્કારરૂપ છે.

રસાદીનગુણાન્ સર્વાન્ રક્ષિત્વાત્ સ સમશ્નુતે |

અર્થાત્: રસાયન આદિના સંપૂર્ણ ગુણો માતૃકાના
જાપ કરનારને મળે છે. જાપથી રોગોનું નિવારણ,
અપ્રતિમ ચાતુર્ય, બુદ્ધિ તરફથી પૂજાસત્કાર તથા
પરલોકમાં સદ્ગતિ કે મોક્ષ મળે છે.

રોગોમાં કુષ્ઠ, અરુચિ, અગ્નિમાંદ્ય - અપચો, કોઢ, આમ-
મરડો, ખાંસી અને દમ વગેરે નાશ પામે છે. ઈંદ્રિયો
અને કષાયોને જીતનાર પુરુષ જો શાસ્ત્રોમાં નિર્દિષ્ટ
રીતે માતૃકાનું સંસ્મરણ કરે, તો તે સર્વજ્ઞ થાય.
સમસ્ત વર્ણમાળાઓની લિપિ મૂળમાં એક જ છે.

લખિત મૂળ બિંદુમાંથી રેખા અને
રેખામાંથી વૃત્ત બને છે. અહીંથી જ બધા પ્રકારના
અક્ષરો, આકૃતિઓ અને ચિત્રો બને છે.

ઉપયોગવાન એટલે ભાવશ્રુત, ક્ષયોપશમ એટલે દ્વાદશાંગ
પ્રવચનરૂપ, દ્રવ્યશ્રુત એટલે સંસ્કાર - વ્યંજનાક્ષર.

વૃત્ત = વૃત્તિઓ, વર્તનો.

એનું નિવર્તન તે પ્રણિપાત વડે થઈ શકે છે.

પ્રણિપાત એ નમસ્કાર રૂપ છે.

નમસ્કાર એ તિરસ્કારનું વિપ્રતીપ રૂપ છે.

તિરસ્કાર એ માનકષાયનું ફરજંદ છે.

નમસ્કાર એ માનકષાયને જેર કરે છે.

નમનવૃત્તિ એ સર્વોત્કૃષ્ટ શુભવૃત્તિ છે. તે માનની સાથે રહેનાર માયા-ક્રોધ-લોભવૃત્તિનો એક સાથે વિલય કરે છે.

માનને નમાવવા માટે 'નમો'માં સામર્થ્ય છે.

'નમો' વૃત્તિમાન વૃત્તિનો સમૂલ નાશ કરે છે,

વૃત્તિની સાથે તે સરખાવી શકાય છે.

મન - માનની પ્રતિપક્ષી ભાવના નમ - નામ છે.

નમ અને નામના જાપ વડે મન અને માનને જીતી શકાય છે. મન વડે મદ તથા અભિમાન વડે માન થાય છે.

તે બંનેને વિશ્વમન - વિશ્વમાન વડે નમાવી શકાય છે.

વિશ્વમન આર્હંત્ય છે અને વિશ્વનામ અરિહંત છે.

અક્ષરમાત્ર અવિનાશી આત્માનું નામ છે. તે સર્વજ્ઞ છે.

'ૐ' અક્ષર ભોગ અને કામનો, 'નમો' અક્ષર મોક્ષનો, 'અર્હં' અક્ષર અને બાકી બધા અક્ષરવિન્યાસો જેવા સૃષ્ટિ રચતા હોય, તેવી સૃષ્ટિના સર્જક બની શકે છે.

'નમઃ' અક્ષરના પુનઃ પુનઃ ઉચ્ચારણથી
'નમઃ' રૂપ આકૃતિ માનસહિત બનાય છે.

'ૐ' અક્ષર - અવ્યક્ત ધ્વનિ છે. બાહ્ય વર્ણોની સહાય વિના તેના ધ્યાન - ચિંતનાદિ થઈ શકતાં નથી, તેથી તેને 'ઓ'થી પુરસ્કૃત તથા 'રેફ' 'કલા' 'બિંદુ'યુક્ત કરવો પડે છે. ૐકાર રૂપ નાદનું સદા સ્ફુરણ થયું રહે છે, તેથી તે 'અક્ષર' કહેવાય છે. તે નિત્યોદિત તથા સદા સ્વરૂપ સ્થિત છે. તેના ઉચ્ચારમાં ઇચ્છા કામ આવતી નથી. પ્રાણીઓના હૃદયદેશમાં રહેલો દેવ (આત્મા) એ નાદને સદા સ્વયં ઉચ્ચરતો રહે છે. તે સ્વયંભૂ - સહજ છે.

તે સ્થાનકરણાભિઘાતાદિથી પર છે, તેથી
તેને અવ્યક્ત યા 'અક્ષર' કહેવામાં આવે છે.

'ૐ' એ નાદનું પરં બ્રહ્મ - સર્વભૂતોમાં અવસ્થિત છે. એને જ 'તત્ત્વ' કહેવામાં આવે છે, તે સહજ બ્રહ્મરૂપ છે. તે સૂક્ષ્મ છે, વ્યાપક છે, શુદ્ધ છે, બ્રહ્મતત્ત્વવાચક છે. વૈખરી વાણીરૂપે નાદ બધાને પ્રત્યક્ષ છે. મધ્યમાદિ સૂક્ષ્મ વાણીરૂપે તેને કોઈક જ યોગી લક્ષિત - અનુસંધિત કરે છે. ત્યાં સુધી જ ઈંદ્રિયોના વિષય - કષાયો છે કે જ્યાં સુધી યોગીનું મન અનાહતનાદમાં લીન થયું નથી.

અનુસ્વાર અને વિસર્ગની જેમ અનુચ્ચાર્ય - અંશાત્મક
હોવા છતાં બિંદુ નવકગત અર્ધચંદ્રાદિ પણ કહ્યું છે.
તેનો ધ્વનિ પદથી ઉચ્ચાર છે અને
તેને 'કાર' પ્રત્યય લાગતો નથી, છતાં કહ્યું છે.
પ્રાણનું સ્થાન દ્વાદશાંત - બ્રહ્મરંધ્ર છે,
ત્યાં મનની સાથે પ્રાણ સ્થિરતાને પામે છે.
બિંદુરહિત આકને 'નાદ' કહેવાય છે, વળી
ક્વચિત્ બિંદુસહિત નવને પણ 'નાદ' કહે છે.
ગમ = દિવસ - પાપક્ષયકારી - મુમુક્ષુને મોક્ષપ્રદ.
અગમ = રાત્રિ - પુણ્યોપાર્જનકારી - ભુક્તિપ્રદ.
ગમાગમના અભ્યાસથી મંત્ર પૂર્ણ વાચ્યવાન થાય છે,
કલા - બિંદુ વગેરે મંત્રના ઉદ્દીપક થાય, તે વડે મંત્ર
દીપ્ત બને છે. બુદ્ધ એટલે જાગૃત. મૂલાધારથી ક્રમશઃ
ઉર્ધ્વગતિ કરતું 'अर्हं' અક્ષર 'બુદ્ધ' કહેવાય છે. ધ્યાન
વડે કર્મોનો નાશ કરનાર હોવાથી 'પાવન' કહેવાય છે.
નાભિકંદ આદિ ચક્રોમાં મંત્રશક્તિ અને પ્રાણશક્તિની
એકતા વડે મંત્રચૈતન્ય પ્રકટ થાય છે. પ્રાણ તે મનની
ઉત્પાદન શક્તિ છે. પ્રાણ વિના મન હોઈ ન શકે.
પ્રાણમાં બોધાંશ અધિક હોવાથી પ્રાણ સાત્ત્વિક છે.

ઉદાનવાયુ આવરણયુક્ત હોવાથી સાત્ત્વિક - રાજસ છે. અપાનમાં ક્રિયા - સ્થિતિ બંને હોવાથી રાજસ - તામસ છે.

વ્યાનવાયુ ક્રિયાપ્રધાન છે, તેથી રાજસ છે અને સમાનવાયુમાં સ્થિતિની અધિકતાને કારણે તામસ છે.

પાંચ પ્રાણના કર્મો વાયુ જેવા હોવાથી તેને 'વાયુ' કહે છે પણ ખરેખર તે વાયુ નથી. સચેતન શરીરમાં ચેષ્ટાશક્તિ - ક્રિયાશક્તિ - Vitality તે પ્રાણ છે. પ્રાણનો શબ્દ સાથે સંબંધ છે. જ્યાં પ્રાણની લય, ત્યાં જ શબ્દ કે વર્ણનો લય થાય છે. મન - પ્રાણ પરસ્પર રથ - સારથિભાવે સદા વિચરે છે.

મંત્રાક્ષરોમાં 'હ'ને 'પ્રાણ' કહેવામાં આવે છે. બાકી વર્ણો શરીરમાં નિયત પ્રદેશમાં ઉદય પામે છે, 'હ'નો ઉદય શરીરમાં સર્વત્ર માનવામાં આવ્યો છે. પ્રાણ પણ શરીરમાં સર્વત્ર છે. તેની સ્ફુટ ઉપલબ્ધિ હૃદયમાં થાય છે. એ પ્રાણના આધારે પ્રાણીઓનું જીવન છે. એ પ્રાણને 'હંસ' કહેવાય છે. જે સતત રીતે ઊંચે અને નીચે શરીરની નાડીઓમાં વહ્યા કરે છે. પ્રાણનું સ્વસ્થાન બ્રહ્મરન્ધ્ર છે, ત્યાં તે મનની સાથે સ્થિરતાને - લયને પામે છે. તેનો મધ્યનાડીમાં સમરસભાવથી સંચાર થતાં જ

મનની સ્થિરતા ઉત્પન્ન થાય છે. તે જ્યારે અત્યંત સ્થિર થાય છે, ત્યારે 'મનોન્મની' અવસ્થા કહેવાય છે.

ઉચ્ચાર વડે અનુચ્ચાર (હ્રસ્વ, દીર્ઘ, પ્લુતાદિ) અને અનુચ્ચાર વડે અનુચ્ચાર્ય બિંદુ આદિ અવસ્થાઓ રૂપ અર્ધમાત્રા ઉચ્ચારનો ધ્યેય હોય છે.

સ: = સ્થિરભાવ - અંતર્મુખ ગતિ (પરાથી વૈખરી).

હં = સંચારભાવ - બહિર્મુખગતિ, પ્રત્યાહાર (વૈખરીથી પરા).

અનાહત શબ્દનો અનુભવ = અમૃતોપમ પ્રત્યય.

નાદનો અભ્યાસ નાડી - ભૂત અને ચિત્તશુદ્ધિ કરે છે.

<u>વૈખરી</u> = વ્યક્ત, શબ્દ - અર્થ વચ્ચે ભેદ.

<u>મધ્યમા</u> = વ્યક્તાવ્યક્ત, શબ્દ - અર્થ વચ્ચે ભેદાભેદ.

<u>પશ્યંતી</u> = અવ્યક્ત, શબ્દ - અર્થ વચ્ચે અભેદ.

<u>પરા</u> = પરમ અવ્યક્ત - અર્થનો સાક્ષાત્કાર.

ચિત્તનો બહિર્મુખ પ્રવાહ વૈરાગ્યથી નિવૃત્ત થાય છે અને અભ્યાસ વડે આત્મોન્મુખ આંતરિક પ્રવાહ સ્થિર થાય છે.

દીર્ઘકાળપર્યન્ત - નિરંતર નામસ્મરણ આદિ થવા જોઈએ. વ્યવધાન રહિતપણે થવા જોઈએ. સત્કાર - સન્માન - વંદન - પૂજન - શ્રદ્ધા - ધૈર્યાદિ સહિત થવા જોઈએ.

પ્રથમ સાદૃશ્ય લાભ અને પછી અભેદ નિશ્ચય.

નવપદી નાદનવક અથવા બિંદુનવકરૂપ છે.
બિંદુમાંથી કલા અને નાદ પ્રગટે છે,
ત્યાં વાચ્ય - વાચકની એકતા થાય છે.

<u>અક્ષર સ્થિતિ કઈ ?</u>

(૧) હ્રસ્વ, દીર્ઘ, પ્લુત એ સ્થૂલ સ્થિતિ છે.
(૨) બિંદુ - અર્ધેન્દુ એ સૂક્ષ્મ સ્થિતિ છે.
(3) નિરોધિકા - નાદ - નાદાન્ત એ સૂક્ષ્મતર સ્થિતિ છે.
(૪) શક્તિ - વ્યાપિની, સમના - ઉન્મના એ
સૂક્ષ્મતમ સ્થિતિ છે, ત્યારબાદ અવ્યક્ત સ્થિતિ છે.
સ્થૂલ ધ્યાન હૃદય - કંઠ - તાલુ - મધ્ય પર્યંત છે,
સૂક્ષ્મ ધ્યાન ભ્રૂમધ્ય - લલાટાગ્ર - લલાટાગ્રપ્રાંત પર્યંત છે,
સૂક્ષ્મતર ધ્યાન મૂર્ધાન્ત પર્યંત છે,
સૂક્ષ્મતમ ધ્યાન તેથી પણ ઉપર છે.
તે ષટ્ત્રિંશાંત, ત્ર્યક્ષરશેષ, કેશદેશ અને તેની પણ પર છે.
સ્થાનાશ્રય-ક્રમેણૈવ હિ વાચકવર્ણકलाकालविश्रान्त्या
वाच्यदेवता व्याप्त्यनुभवरूपं पदार्थभेदनं भवति ।
० अनुस्वार - उत्तरभावी ध्वनिः ।
० घण्टानिह्रादवदनुरणनं नादः ।
व्यवहीनत्वात् अमात्रोमात्रार्धमात्रादि-कालस्पर्शरहितः ।
(પરિશિષ્ટ-૫)

પરમાત્મા અને આત્મામાં
નિશ્ચયથી દ્રવ્ય - ગુણ - પર્યાયનું સાદૃશ્ય છે.
તે વિચારતાં - ધ્યાવતાં કપાટ ખૂલી જાય છે,
કર્મો નાશ પામે છે, નિજસ્વરૂપની પ્રાપ્તિ થાય છે.
જેના વડે અર્થ વર્ણવાય, તે 'વર્ણ' છે.
રક્તાદિ વર્ણ - રંગ વડે દિવાલ ઉપર ચિત્ર પ્રકાશાય,
તેમ વર્ણ વડે અર્થ પ્રકાશાય છે.
અકારાદિ શબ્દ લૌકિક અને શબ્દ રૂપ આંતરિક
વિજ્ઞાન રૂપ અક્ષરને સ્વરતો - અનુસરતો લૌકિક
શબ્દાત્મક અકારાદિને પણ 'સ્વર' કહેવાય છે.
અર્થને વ્યંજિત કરે, પ્રકટ કરે તે કકારાદિ વ્યંજન છે.
કુંડલિની ચિત્તશક્તિ છે, તેને
પરાપ્રકૃતિ, તારા, આશા, શ્રદ્ધા, મહાસત્તા, ઉપાધિરહિત
કેવલ, શાન્તા, મહારાણી, વાણી વગેરે શબ્દોથી સંબોધાય છે.
વિક્ષેપ = વિષયાન્તરગામિ મન.
જપના ઉપયોગ લક્ષણના વિચારથી
ચંચલ મન સ્થિર થાય છે.
જપના ઉપયુક્ત લક્ષણના વિચારથી
અશુદ્ધ મન શુદ્ધ થાય છે.

## ધ્યાન અને પ્રાર્થના

મુનિની દેશના અથવા વ્યાખ્યાન પછી
પ્રભુની કૃપાથી ધ્યાન અને પ્રાર્થના છે,
એવા શ્રાવક ધર્મને સ્વીકારે છે.
ધ્યાનપ્રાર્થના પ્રભાવથી
અંતરાય આદિ કર્મો નાશ પામે છે.
आद्यं ह्यन्तं शब्दब्रह्म । इति सर्वपापमुक्तिर्भवन्ताम् ।
અર્હમ્ : અ થી હ સુધીના વર્ણો એ બ્રહ્મ છે.
બધા જ વર્ણો પરમાત્માની મૂર્તિ છે.

o

Blessed are those
who are humble in spirit.
Doctors say: I prescribe, He cures.
If man looks on others with love & respect, that in itself is the real worship of God, meditate on your self, honour & worship your own self, kneel to your ownself, your Lord dwells within you, as you.
आत्मा सो परमात्मा ।

ॐ

## ફળના પાંચ પ્રકાર

સુખારંભફળ[1], મહિપરાક્રમફળ[2],
મહિદ્ધિફળ[3], પરમ - ભોગફળ[4], અનુત્તરફળ[5].

## પંચફળ સમાલંબન પ્રયોગ

(૧) સુખારંભફળ = ચતુર્થ ગુણસ્થાનક.
(૨) દેશમહિપરાક્રમફળ = પંચમ ગુણસ્થાનક.
(૩) સર્વમહિપરાક્રમફળ = ષષ્ઠમ ગુણસ્થાનક.
(૪) અપરમહિદ્ધિફળ = સપ્તમ ગુણસ્થાનક.
(૫) પરમહિદ્ધિફળ = ૮ - ૯ - ૧૦ - ૧૨ ગુણસ્થાનક.
(૬) પરમભોગફળ = ૧૩ - ૧૪ ગુણસ્થાનક.

## ક્યા ગુણસ્થાનકે ક્યું શયન - જાગરણ ?

બહુશયન = ૧, શયન = ૪, નિદ્રા જાગરણ = ૫,
મધ્યમ જાગરણ = ૬, ઉત્તમ જાગરણ = ૭,
ઉત્તમોત્તમ જાગરણ = ૮ - ૯ - ૧૦ - ૧૨,
તુર્યાતીત ઉજાગર = ૧૩ - ૧૪ ગુણસ્થાનક.

## પંચફળ

(૧) સુખારંભફળ (૨) મહિપરાક્રમફળ
(૩) મહિદ્ધિફળ (૪) પરમભોગફળ (૫) સદાશિવફળ.

ह्रीं ॐ ॐ अर्हं ॐ ॐ अर्हं ॐ ॐ ह्रीं

(૧) ગ્રન્થિપંચક

નાભિકંદ, હૃદય, ઘંટિકા (તાળુ), બિંદુ, અર્ધચન્દ્ર.

(૨) ઉચ્ચારણકાલ કલાપંચક

હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ, અતિસૂક્ષ્મ.

(૩) વર્ણક કલાપંચક

અ, ઉ, મ, બિંદુ, નાદ.

(૪) વાયુ વ્યાપ્તિપંચક (ગુણસ્થાનક ક્રમ)

(૧) નાભિકંદ ગ્રંથિભેદ : સુખારંભ વ્યાપ્તિ : ૪
(૨) હૃદયગ્રંથિ વિદારણ : દર્શનમોહપરાક્રમવ્યાપ્તિ : ૫
(૩) ઘંટિકાગ્રંથિ વિદારણ : સર્વમોહપરાક્રમવ્યાપ્તિ : ૬
(૪) બિંદુગ્રંથિ વિદારણ : અપરમહિમવ્યાપ્તિ : ૭
(૫) અર્ધચંદ્રાદિગ્રંથિ વિદારણ : પરમહિમવ્યાપ્તિ : ૮-૯-૧૦-૧૨
ઉન્મનાગ્રંથિ વિદારણ : વ્યાપ્તિરંધ્રમાં પરમલાભ - : ૧૩-૧૪
વ્યાપ્તિનો અનુભવ, ત્યાં જ અનુત્તરવ્યાપ્તિ-સિદ્ધપદની પ્રાપ્તિ.

(૫) ઉચ્ચારત્રિવસ્થાપંચક : જાગૃશયન, શયન,
જાગરણ (જઘન્ય - મધ્યમ - ઉત્તમ - ઉત્તમોત્તમ),
તુર્ય, તુર્યાતીત અવસ્થા.

૦ રમણીયાર્થપ્રતિપાદકઃ શબ્દઃ કાવ્યમ્।
અર્થાત્ : મનોહર અર્થને જણાવનાર શબ્દ તે કાવ્ય છે.

## ગાયત્રીમંત્ર વિષે થોડુંક વિશ્લેષણ

ૐ એ પરમાત્મવાચક શબ્દ છે.

અ = જન્મ, ઉ = પાલનપોષણ, મ = અંત.

ચંદ્ર = જન્મ, અસ્તિત્વ, ઈશ્વર સર્વ કૃત્ય.

સવિતા = સર્જક, દેવ = આકાશમાં વસનાર, સર્વવ્યાપી.

વરેણ્ય = અભિલાષા કરવા યોગ્ય.

ભર્ગ = પ્રકાશ, જીવન ઉત્પન્ન કરનાર તેજ - શક્તિ.

ધીમહિ = આંતરિક ધ્યાનક્રિયા - અન્નમય,
સ્થૂલમય, મનોમય, કારણ શરીર - એ સર્વથી થતું ધ્યાન.

ધિયો યો નઃ પ્રચોદયાત્ અર્થાત્

ધ્યાન વડે પરમાત્માની પ્રેરણા પ્રાપ્ત થાય છે.

ગાયત્રી = વેદમાતા.

ગાયત્રી મંત્રમાંથી વેદનું સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે.
સર્વ વેદોનો મધ્યવર્તી વિચાર પરમાત્માના ધ્યાનનો છે.
એ ધ્યાન માનવબુદ્ધિને પ્રેરણા આપે છે
અને ઉચ્ચ વિચારો તરફ દોરી જાય છે.
પિતા પ્રેરણા આપે છે, માતા વાત્સલ્ય બતાવે છે.
વેદમાતા ગાયત્રીનું જપ વાત્સલ્ય દ્વારા પિતા અર્થાત્
પરમાત્મા તરફથી ઉચ્ચ વિચારોની પ્રેરણા આપે છે.

ગાયત્રી મંત્રજપથી સૂક્ષ્મ જેવી દૃષ્ટિનો ઉદય થાય છે.

ગાયત્રીના અર્થનો વિચાર કરી જાપ કરવાથી પરમાત્મામય બનાય છે અને બુદ્ધિને પ્રેરણા મળે છે. માનવ જીવનનો તમામ આધાર તેની બુદ્ધિ ઉપર છે. જેવી બુદ્ધિ તેવું જીવન થાય. બુદ્ધિને પ્રેરણાની જરૂર રહે છે. એ પ્રેરણા ધ્યાનયોગ દ્વારા પરમાત્મા પાસેથી મળે છે. પ્રથમ જાપ અને પછી ધ્યાન. જાપ દ્વારા માતા ઓળખાય છે તથા ધ્યાન દ્વારા પિતા ઓળખાય છે.


માતા માન્યતા છે, પિતા પ્રયોગ - પુરુષાર્થ છે.

एकः शब्दः सम्यग् ज्ञातः सुप्रयुक्तः
स्वर्गे लोके च कामधुग् भवतीति ॥ श्रुतिः

પદ અથવા શબ્દનો જાપ આદિ દ્વારા
સમ્યક્ પ્રકારે શુદ્ધ કરવામાં આવે, ત્યારે
તે મહિમા આદિ દિવ્ય વસ્તુઓમાં પરિણમે છે.
કેવળ એક શબ્દ પણ સમ્યક્ પ્રકારે શુદ્ધ કરાય,
તો ધ્યાતાને સર્વ સિદ્ધિઓ વરે છે.

સમ્યક્ ઉચ્ચારણ વડે ગ્રંથિભેદ અને વિચ્છિન્નના ભાવન વડે તથા અનાહત - અર્હતના ધ્યાન વડે અભિમત અર્થની સિદ્ધિ થાય છે.

સ્વસ્તિકમાં બિન્દુધ્યાન ૐ 15-3-71, Rajkot



બિન્દુના ધ્યાનમાં સ્વસ્તિકથી રોજ 2000 નવકાર.
જો સામાયિક બને બાદ ધ્યાન.
બિન્દુ સમગ્ર શરીરવ્યાપી બનીને તેજસ્વી વર્તુળમાં નિર્વિચાર રહી શકાય છે.

'હું એક પરિપૂર્ણ દ્રવ્ય છું' તેવું ભાસે છે.
વિચારો એ 'હું' નહિ એટલે સર્વ વિચારો આ વર્તુળના પરિઘ ઉપર અથડાઈને ચાલ્યા જાય છે.

દિવ્યતાને ભૌતિક જીવનમાં કેવી રીતે ઉતારવી?

Ascent to the Divine and descent of the Divine.

નવા વિચાર ગમે ત્યાંથી આવે તેમાં મન વિસ્મય ન પામતાં અનેકાન્ત દર્શનમાં તે કેવી રીતે ઘટાવી શકાય, તેની જ મન વિચારણા રાખવી, તે કર્તવ્ય છે.

°

Sadhana is not only for individual revolution but also for social evolution.

સેવા સારુ નજીક રહેવું - (ડોક્ટરની જેમ).

આદર સારુ દૂર રહેવું - (પરમાત્મસ્વરૂપ ભગવાન).

લાભ સારુ અંદર રહેવું - (લાભ દિલની અંદર થાય).

દરેક વિષયનું થોડુંક લાભ લઈએ અને

એક વિષયમાં પ્રવાહ લઈએ તે સારી સ્થિતિ ગણાય.

માતાની સેવા સહજ પ્રાપ્ય છે.

સ્વધર્મ અંતરાત્માનું શોધન છે.

શુદ્ધ આત્મામાં અંતરથી અવાજ આવે, તે સ્વધર્મ.

સ્વધર્મ જ પ્રાપ્ય ધર્મ છે. નિર્વેર સદા નિર્ભય છે.

સારી દુનિયા માટે સારા જ દિવસો છે.

મનુષ્ય પોતાનું વ્યક્તિગત જીવન શુદ્ધ કરે તો બસ છે.

રામ = ઋ + આ + મ

ઋષભદેવથી મહાવીર પર્યન્તના તીર્થંકરો.

ૐ = આ + ઉ + મ

આદિનાથથી મહાવીરસ્વામી પર્યન્ત તીર્થંકરોનું નામ.

અલ્લા = અ + ર + હ અર્હંના રકારનો લકાર થવાથી

'અલ્લાહ' શબ્દ બન્યો છે.

રહેમાન = રહેમ - દયા છે, જેમાં તે.

આમિન = ૐનું લેટીન રૂપ.

## મંત્ર અને મૂર્તિનું માહાત્મ્ય

મંત્ર અનાહતરૂપે ૧૪ રાજલોકનો ઉદ્ધાર કરવા અને
મૂર્તિ આત્મજ્યોતિરૂપે સર્વને પ્રકાશ આપવા સમર્થ છે.

એ રીતે મંત્ર અને મૂર્તિ દ્વારા
ભગવાનના વિરહકાળમાં પણ નાદ તથા જ્યોતિની ઉપાસના
વડે ઉપાસકો માટે ભગવાનનું કાર્ય થતું રહેલ છે.

अन्ये व्याख्यानयन्त्येवं समभाव-प्रसिद्धये ।
अद्वैत देशना शास्त्रे निर्दिष्टा न तु तत्त्वतः ॥ અર્થાત્:
સમભાવસિદ્ધિ માટે સંગ્રહનયથી અદ્વૈતવાદ ઘટે, તેમ તે જ
સમભાવની પ્રસિદ્ધિ માટે ઋજુસૂત્રાદિ નયોથી ક્ષણિકવાદ,
વિજ્ઞાનવાદ, શૂન્યવાદ વગેરેની દેશના ઘટી જાય છે.

मंत्रे तीर्थे गुरौ देवे स्वाध्याये भेषजे तथा ।
यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ॥१॥

णिच्छयेण सद्दहंतो छक्काए भावओ न सद्दहइ ।
हंदी अपज्जवेसु वि सद्दहणा होइ अविभत्ता ॥१॥

સંમતિ, ગા - ૩/૨૮ (પરિશિષ્ટ-૬)

'જિનવર પૂજા રે, તે નિજ પૂજના રે...'
એ ન્યાયે અરિહંતાદિને નમસ્કાર
તે નિશ્ચયથી નિજ શુદ્ધ સ્વરૂપને જ નમસ્કાર છે.

## નમસ્કારરૂપ મહાશ્રુતસ્કંધ

શ્રુતસાગરનો પાર પામવા માટેનું પ્રથમ સોપાન
દેવ - ગુરુને પ્રણામ છે, કેમકે તે મહાશ્રુતસ્કંધ છે.
દેવ - ગુરુને પ્રણામ એ સર્વ શ્રુતોમાં વ્યાપ્ત છે.

શ્રુતજ્ઞાનથી જીવાદિ તત્ત્વોનો બોધ,
દયાની લાગણી, આત્મૌપમ્યભાવ તથા
સમભાવાદિ દ્વારા જ્ઞાનાદિગુણોની ઉત્પત્તિ થાય છે, તે
જ કાર્ય પરમેષ્ઠિ નમસ્કારરૂપ મહાશ્રુતસ્કંધથી થાય છે.

જીવાદિ તત્ત્વોનો બોધ, દયાની લાગણી,
આત્મસમદર્શિત્વભાવ અને તે દ્વારા સર્વોત્કૃષ્ટ
સંવર - નિર્જરાદિ ગુણોની ઉત્પત્તિ થાય છે,
તેથી નવકાર મંત્ર એ ચૌદ પૂર્વનો સાર ગણાય છે.
જ્ઞાન દયા માટે છે અને દયા આત્મસમદર્શિતા માટે છે.
આત્મસમદર્શિતા પરપીડાના વર્જન માટે છે,
તેથી આસ્રવનિરોધ - સંવરાદિ બહુ ગુણ પ્રાપ્ત થાય છે.

૦ સમસ્તજગદનુગ્રહપ્રવણં ભગવતો ।
નિષ્કલમપિ રૂપં ઇતિ પરિભાવનીયમ્ ॥૧॥ - ઉપમિતિ

અર્થ: 'સમસ્ત જગત ઉપર ઉપકાર કરવામાં તત્પર પ્રભુનું નિષ્કલ રૂપ પણ છે' એવો પણ વિચાર કરવો.

## શાન્ત તથા દાન્ત સાધક

ક્રોધને જીતનાર શાન્ત - તે સાચો સાત્ત્વિક છે,
કામને જીતનાર દાન્ત - તે સાચો સંયમી છે અને
લોભને જીતનાર શાન્ત - તે સાચો તપસ્વી છે.

## શ્રી નમસ્કાર મહામંત્રનો મંત્રજાપ

નમસ્કારમંત્રનો મંત્રજાપ ચિત્તને ચિંતામાંથી મુક્ત કરી,
આત્મામાં પ્રતિષ્ઠિત કરીને અંતે મનોગુપ્તિની જેમ
આત્મનિષ્ઠ બનાવે છે, માટે તે ચૌદ પૂર્વનો સાર છે.

જેમ 'નમો' પદ નમસ્કારવાચક છે,
તેમ 'મનો' પદ અનમસ્કારવાચક છે.
નમસ્કાર એ ધર્મ અને મોક્ષનું બીજ છે, જ્યારે
અનમસ્કાર એ અધર્મ અને સંસારનું બીજ છે.

## દાનધર્મની મહત્તા

શીલધર્મમાં જીવોને અભયનું દાન, ભાવધર્મમાં સન્માનનું,
તપધર્મમાં શરીર અને મનની આહુતિરૂપ દાનધર્મ છે.
દાનધર્મ એટલે વિધિપૂર્વક સત્પાત્રમાં વિત્તાદિનું દાન છે.
ધર્મના ચારે પ્રકારોમાં દાનધર્મની અવિચ્છિન્નતા રહેલી છે.

o

*Prayer changes things but the lack of prayer also changes things.*

(1) આ નવકાર મહામંત્રમાં આલાપક ૮ છે.
(આલાપક = એક સંબંધવાળા વાક્યોનો સમૂહ.)

(2) છુટાં પદ, અર્થનાં વાચક પ્રદ્યોતક
એવા પદ ૨૬ (૧૫ + ૧૧) છે.

(3) પદ અર્થાત્ અર્થવાચક શબ્દનો સમૂહ ૯ છે.

(4) અક્ષર - ૬૮ છે, તેમાં સંયુક્ત ૭, અસંયુક્ત ૬૧ છે.
અક્ષર = ચેતના - જે આત્માથી પ્રચ્યવે નહિ.
વર્ણ અને અક્ષરને 'લિપિ' પણ કહેવાય.

(5) સ્વર - ૬૮ (6) વ્યંજન - ૬૯ (૩૪ + ૩૫).
વ્યંજન = જે ખોડા હોય, સ્વરના આલંબને જ બોલાય.
સ્વર = શબ્દનો પ્રાણ. વ્યંજન = શબ્દનો દેહ. પ્રાણ વિનાના દેહની જેમ સ્વરહીન વ્યંજન અર્થહીન બને.

(7) માત્રા - ૧૧૨. મૂળમંત્રની ૫૯, ચૂલિકાની ૫૩ માત્રા.

(8) બિન્દુ - ૧૩. મૂળમંત્રના ૬, ચૂલિકાના ૭ બિન્દુ છે.

(9) ચૂલિકા - અલંકાર અથવા શિખર. કુદરતી પર્વત ઉપર શિખરની જેમ શોભે અથવા કુદરતી મસ્તકના મુકુટની જેમ શોભે તે ચૂલા અથવા મૂળસૂત્રમાં ન જણાવેલ હકીકતને જણાવે, તે ચૂલિકા અથવા ગ્રન્થનું પરિશિષ્ટ.

(10) પંચ મંગલ અથવા નમસ્કાર મંત્ર.

Reverence for life, light & love.

ચિત્તનું કાર્ય ચિન્તન છે, મનનું કાર્ય મનન છે,
બુદ્ધિનું કાર્ય નિર્ણય છે, કિન્તુ
અહંકારનું કાર્ય 'જે બધું બનતું કાર્ય છે'
તેને ભૂલાવીને 'મારું કાર્ય છે' એવું ભાન કરાવે છે.

તત્ત્વતઃ ચિન્તનાદિ સર્વ કાર્ય કર્મપ્રકૃતિનું સર્જન છે તથા કર્મપ્રકૃતિ તો ચૈતન્યના એક અંશમાત્રનું સર્જન છે. સમગ્ર ચૈતન્ય અચિંત્ય, અતર્ક્ય, બુદ્ધિ-અહંકારથી પર છે. મંત્રચૈતન્ય પ્રકટાવનાર અભિન્ન નિમિત્તોપાદાન કારણ મંત્રના અક્ષરો છે. અહિંસા, સંયમ, તપ વગેરે ધર્મો ચૈતન્યના બહુમાનસ્વરૂપ છે. અંગ્રેજીમાં તેને 'રેવરન્સ ફોર લાઈફ' કહે છે. બુદ્ધિનો પક્ષપાત થયા પછી જ શાસ્ત્રનો આદર થઈ શકે છે, ઇચ્છાયોગમાં બુદ્ધિનો પક્ષપાત અને શાસ્ત્રનો આદર છે, તેથી તેમાં પ્રચંડ શક્તિ છે. ઇચ્છાયોગમાં જે અપૂર્વ શક્તિ છે, તેમાં કારણ બુદ્ધિની ભાવના છે. ભાવનાથી મોટી તાકાત વિશ્વભરમાં નથી.

'નમો' પદ દ્રવ્ય-ભાવસંકોચ અર્થમાં છે.
ધ્યાતાનો ધ્યેયમાં દ્રવ્યસંકોચ કર-શિર-પાદાદિનો અને ભાવસંકોચ મનનો બાહ્યભાવ ટાળી પરમ પંચપરમેષ્ઠિમાં.

ધ્યેયનો ધ્યાતામાં દ્રવ્ય-સંક્રમ ત્રણે કાળના પરમેષ્ઠિઓના આત્મદ્રવ્યનો અને ભાવસંક્રમ તેઓના શુદ્ધ ભાવનો.

'નમો' પદ વડે સ્વકીય શુદ્ધ ભાવમાં આપણા દ્રવ્ય-ભાવ પરમેષ્ઠિઓમાં અને પરમેષ્ઠિઓના દ્રવ્ય-ભાવ આપણામાં સંક્રમાય છે અર્થાત્ આપણા ત્રણ કરણ-ત્રણ યોગમાં પરમેષ્ઠિઓનું અને પરમેષ્ઠિઓના નિર્મળ આત્મદ્રવ્ય અને આત્મભાવનું આપણા આત્મદ્રવ્ય-આત્મભાવમાં એકીકરણ થાય છે.

પરમેષ્ઠિઓમાં આપણે અને આપણામાં
પરમેષ્ઠિ જ્યારે અભેદભાવને પામે છે,
ત્યારે 'નમો' પદની સાર્થકતા થાય છે.

પ્રથમ પદસ્થિત નમનની દૃષ્ટિએ આપણા પદસ્થિતનું પરમેષ્ઠિઓમાં સમર્પણ થાય છે અર્થાત્ તેમના ધ્યાનમાં આપણા ત્રિકરણ યોગ પરોવાય પછી પરમેષ્ઠિઓના દ્રવ્ય-ભાવનો આપણા આત્મામાં સંક્રમ થાય છે.

ગદ્ગદ-ભાવ, વિરાગ અને મૈત્ર્યાદિનું સંવેદન એ ધ્યાનની ભૂમિકામાં જવા માટેની પ્રથમ શરત છે. સાધુ જીવન જગતની માતા સમાન છે. તે માતાની જેમ કોઈપણ જીવના દુઃખને સહન કરી શકતું નથી અને

અન્યના હિતમાં પોતાનું સમગ્ર જીવન વ્યતીત કરે છે.
બીજાના સુખ-દુઃખને જ્યારે પોતાના સુખ-દુઃખ
જેટલું જ મહત્ત્વ આપવામાં આવે છે, ત્યારે જીવન
જીવવા જેવું જણાય છે. તે પહેલાંનું જીવન જીવવા
છતાં ન જીવવા જેવું અર્થાત્ મરવા જેવું બને છે.

નમો અરિહંતાણં । પદનું માહાત્મ્ય

'નમો અરિહંતાણં ।' પદ વડે અંતરાત્મભાવમાં રહીને
પરમાત્મભાવનું જે ભાન થાય છે,
તેનું જ નામ 'આત્મસમર્પણ' કહેવાય છે, કેમકે
તેમાં બહિરાત્મભાવનો ત્યાગ અને
અંતરાત્મભાવનું પરમાત્મભાવમાં વિલીનીકરણ થાય છે.
ભાગત્યાગલક્ષણાથી અભેદનું ભાન થાય છે,
'નમો'માં રહેલ અલ્પસત્ત્વ અને
'અરિહંતાણં'માં રહેલ સર્વસત્ત્વનો ત્યાગ થાય છે અને
બંનેમાં રહેલ ચૈતન્યના ભાગનો સ્વીકાર થાય છે.
શુભાશુભ કર્મના સ્વામી પરમાત્મા છે,
તેથી જ તેને 'દૈવ' કહેવાય છે.
દેવની આરાધનાનું ફળ શુભકર્મ - વિરાધનાનું ફળ
અશુભકર્મ છે. એને જ દૈવ - શુભાશુભ દૈવ ગણાય છે.

શુદ્ધ નિશ્ચયનયથી તો આત્મા જ પરમાત્મા છે, તેથી તેની જ આરાધના-વિરાધના દેવ નામથી સંબોધાય છે. સર્વ કર્મો અને તેના ફળોનું સમર્પણ પરમાત્માને કરવાનું છે, તે વ્યવહાર-નિશ્ચય ઉભયનય મતે સિદ્ધ થાય છે.

'નમો અરિહંતાણં।' એ મંત્રમાં
'દાસોऽहं', 'સોऽहं' અને 'ॐ' એ ત્રણે મંત્રો રહેલા છે.
આ મંત્ર દ્વારા દેહદૃષ્ટિથી દાસપણું, જીવદૃષ્ટિથી તદંશપણું
અને આત્મદૃષ્ટિથી તદ્રૂપપણું પ્રકટે છે.

યમ એટલે...

જેનો કોઈપણ અવસ્થામાં ત્યાગ ન થઈ શકે તે.

નિયમ એટલે...

મહાવ્રતો અને કાર્યાકાર્ય પરત્વે જેનો ત્યાગ થઈ શકે તે. ઉત્તર વ્રતો એટલે સમિતિ ગુપ્ત્યાદિ. પ્રત્યેક જીવમાં રહેલ ચિતિશક્તિ-ચૈતન્ય પરમાત્માનો અંશ જ છે, છતાં શરીર-ઇંદ્રિયો-અંતઃકરણાદિ જુદાં જુદાં હોવાથી સર્વ પોતાને જુદા જુદા માને છે. આત્મજ્ઞાની પુરુષો પરમાર્થ દૃષ્ટિવાળાં હોય છે, તેથી પોતાના ચૈતન્યને સર્વ જીવોથી અભિન્ન-પરમાત્મસ્વરૂપથી પણ અભિન્નરૂપે જુએ છે જાણે છે અને તેમની સાથે યથોચિત વ્યવહાર કરે છે. કહ્યું છે કે:

भावाद्वैतं सदा कुर्यात् क्रियाद्वैतं न कर्हिचित् ।
अद्वैतं त्रिषु लोकेषु नाऽद्वैतं गुरुणा सह ॥ (પરિશિષ્ટ-૭)

પૃથ્વી ઉપર કુવા કે જલાશયો ભિન્ન ભિન્ન દેખાતા હોવા છતાં સર્વમાં જલ તો એક જ સમાન છે. એ પાણીનો પ્રવાહ ભૂમિ નીચે એક જ છે, છતાં તેના સ્થાનો ભિન્ન ભિન્ન હોઈને જલાશય જુદાં જુદાં મનાય છે, તેમ પ્રત્યેક જીવના અંતસ્તલમાં ચૈતન્ય એક જ છે, ફક્ત ઉપાધિએ જુદાં જુદાં મનાય છે.

## પાતંજલયોગ પ્રમાણે સાધનાક્રમ

(૧) મલિન એવા બાહ્યવાસનાનો ત્યાગ - લોકૈષણાનો ત્યાગ.
(૨) મલિન અંતરવાસનાનો ત્યાગ - શાસ્ત્રૈષણાનો ત્યાગ.
(૩) નિર્મળ મૈત્ર્યાદિ ભાવોનું ગ્રહણ.
(૪) વિચાર અને વિવેક રૂપી સાધનદશામાં તેનો લય.
(૫) પ્રત્યલોક - વિવેકજ્ઞાન - કૈવલ્ય
આત્મસાક્ષાત્કાર - પરમાત્મપદનો લાભ.

## સાધકનો પ્રારંભ એટલે...

ઊંટ જેવી ધીરતા, સહિષ્ણુતા અને શાંતીભાવપણું.

अघोषमव्यंजनमस्वरं च अकण्ठतालव्यमथानुनासिकं च।
अरेफजातमुभयोष्ठवर्जितं यदक्षरं न क्षरते कदाचित् ॥
'ॐ' इत्यक्षरम् । (પરિશિષ્ટ-૮)

## ઊંટ જેવી भिक्षा

निंदा अने ग्लानिरूपी कांटा - झांखरामांथी पशु जे पोतानो समत्वरूपी खोराक मेळवी शके छे अने शुष्कता तथा विषमताना आतर समा रहेलां मरुभूमि तोफानो उन्नतनी जेम धसी आवे, त्यारे ते रेती ऊपर मायुं पूरेपूरूं नमावी दईने तोफानने माथा ऊपर थईने चाल्युं जवा दे छे, ते ऊंट जेवी भिक्षा साधके केळववानी रहेय छे.

### बे प्रकारनां कारणो

अनंतर - स्वरूप सत् = शुद्धोपयोग = भावतीर्थ.
असमवायि - व्यापारवत् = प्रवचनादि स्थावर - जंगमतीर्थ.

कारण आफळमां पूर्व कारण परमात्मा छे.
भावनिक्षेपे 'नो आगम'थी अरिहंतो मंगळ अने आगमथी भावनिक्षेपे अर्हदाकार सम्यग्दृष्टिनो उपयोग मंगळ छे.

### दुष्कृतगर्हानुं महत्त्व

दुष्कृतथी छूटवा माटे अने सुकृतना मार्गे चढवा माटे छे.

### सुकृतानुमोदनानुं महत्त्व

अर्हदादिनी आज्ञापालनरूप शरणागमन माटे छे. आज्ञा - पालनरूप शरणागमन रत्नत्रय स्वरूपभूत (अभिन्न निमित्तोपादान) आत्मतत्त्वथी अभेद साधवा माटे छे.

material cause - ઉપાદાન કારણ
Instrumental cause - કરણ
Formal cause - નિમિત્ત કારણ
Final cause - ધ્યેય, આદર્શાદિ કારણ

material - ભવ્યજીવ
Instrumental - ધર્મક્રિયા
Formal - દેવગુરુ શાસ્ત્રાદિ
Final - પરમાત્મા, સુસ્થિત મહારાજ

## સાચી તુષ્ટિ - પુષ્ટિ કઈ ?

દૂરવર્તી સ્વજનાદિના સમાચાર તુષ્ટિ - પુષ્ટિ કરે જ છે, તેમ દૂરવર્તી અર્હદાદિનું સ્મરણ આત્મિક લાભ કરે જ છે. તે સ્મરણ આત્મસ્વભાવરૂપ હોવાથી નજીક જ છે અને અનાત્મભાવપોષક - બાહ્યભાવપોષક વસ્તુ ગમે તેટલી નજીક હોય તો પણ પરમાર્થથી દૂર જ છે. આત્મામાં જે કોઈ શુભાશુભ પરિણામ થાય, તે કોઈને કોઈ આલંબન (દ્રવ્યાદિ) લેવાથી કે મળવાથી જ થાય છે.

Avoid negative emotional response to any outer conditions or people.

# નિમિત્ત અને ઉપાદાન કારણ

કોઈપણ કાર્યની ઉત્પત્તિ નિમિત્ત કારણ અને
ઉપાદાન કારણ - બંને ઉભયની અપેક્ષા રાખે છે.
નિમિત્ત = સ્વભિન્ન અને ઉપાદાન = સ્વ-અભિન્ન.
સ્વભિન્ન નિમિત્ત કારણ મુખ્ય અને અમુખ્ય.
મુખ્ય તે કે જે કાર્યની સિદ્ધિ કરતો હો,
તે ગણનામાં ગણેલ હોય તે.
અમુખ્ય અન્ય કારણ સામેલ હોય તે.
વ્યાપારવત્ અસાધારણ કારણ તે કરણ.
સ્વઉપસ્ત કારણ તે અનંતર કારણ,
જેના પછી કાર્યની સિદ્ધિ અવશ્ય થાય.
ઉદાહરણ તરીકે ઘટકાર્યમાં કુલાલાદિ મુખ્ય કારણ
તથા દંડ આદિ અસાધારણ કારણ.
મૃત્તિકા સમવાયી - ઉપાદાન કારણ,
કપાલદ્વય સંયોગ અસમવાયી - સ્વઉપસ્ત કારણ.
ઘર બનાવવામાં ઉપાદાન = માટી, ચુનો, ઈંટ, પત્થર.
નિમિત્ત = કડીયા, સુથાર, કોદાળી, પાવડા વગેરે.
મુખ્ય નિમિત્ત = ઈજનેરાદિ.
પરમ કારણ - મૂળ કારણ = ઘરનો માલિક.

o सव्व पावस्साऽकरणं कुसलस्सोपसंपदा ।
सचित्तपरियोदापनं एतद् बुद्धानं शासनम् ॥ अर्थात्ः
(१) सर्व प्रकारना पापने न करवा.
(२) सर्व प्रकारना पुण्यने करवा.
(3) स्वचित्तनुं परिशोधन करवुं.
बुद्धना शासननुं रहस्य आ 3 पदोमां आवी जाय छे:
आत्मानुं तिर्यग् अने ऊर्ध्व प्रचय उभय स्वरूपने
स्वीकारवाथी त्रणे प्रकारनी साधना सुलभ बने छे.
o श्रुतसामायिकनुं फल १४ पूर्वनुं ज्ञान छे,
सम्यक्त्वसामायिकनुं फल १४ राजलोकनुं दर्शन अने
सर्वविरतिसामायिकनुं फल १४ गुणस्थानकनुं आरोहण छे,
Similarity of substance छे.
तेम sameness of purpose छे.
First, thinking and then feeling
and afterwards being.
Tolerance ए पर सिद्धांत प्रत्ये औदार्य, not
compromising ए स्वसिद्धांतनो त्याग छे.
o
Not coercion but conversion.
Not suppression but persuation.

## કરુણાનો સાર નમસ્કાર

રત્નત્રય, દાનાદિ ૪, જ્ઞાનાચારાદિ ૫, ક્ષમાદિ ૧૦ -
એ બધો ધર્મનો વિસ્તાર છે, તેનો સાર કરુણા છે
અને કરુણાનો સાર નમસ્કાર છે.

ગુણ = કરુણા. કરુણામાં જીવાદિ તત્ત્વોનો સ્વીકાર છે.
યોગનિરોધની અવસ્થા એ લોકોત્તર કરુણા છે અને
સિદ્ધની અવસ્થાની અવસ્થા તે લોકાતીત કરુણા છે.

કરુણાની તીવ્રતા - મંદતાદિના ભેદે જ
ગુણસ્થાનકની ભિન્નતા છે. કરુણા = ભાવઅહિંસા.

હેયોપાદેયનું પૃથક્કરણ તે જ્ઞાન,
હેયનું હાન, ઉપાદેયનું ઉપાદાન.
તેની તીવ્ર ઇચ્છા તે દર્શન અને તેનો અમલ તે ચારિત્ર.

જિનેશ્વરોને જે જિન ન માને,
તે જિનેશ્વરોને પરમ કલ્યાણમિત્ર કેમ માની શકે?

મૈત્રીભાવ તે અદ્વૈત મત છે.
પ્રમોદભાવ તે વિશિષ્ટાદ્વૈત મત છે.
કરુણાભાવ તે તથાગત મત છે અને
માધ્યસ્થ્યભાવ તે દિગંબર મત છે.
ભાવચતુષ્ટયરૂપ જે અનેકાંત છે, તે જિન મત છે.

ધર્માત્મા પ્રત્યે વચનની એક મૈત્રી ખૂબ ઉપકારક છે.
મૈત્રીના સ્થાને 'અહિંસા' શબ્દ આગમોમાં વ્યાપ્ત છે.
ક્ષમા - અહિંસાદિ ધર્મોમાં મૈત્રીભાવ વ્યાપ્ત છે.
નવતત્ત્વનો સાર દેવ - ગુરુની ભક્તિ છે.
તેનો સાર અહિંસા અને અહિંસાનો સાર મૈત્રી છે.
શુદ્ધ અહિંસા એટલે મૈત્રીભાવ - પરપીડાનું વર્જન.
દેવ - ગુરુ અને ધર્મ - એ ત્રણે મૈત્રીયુક્ત છે.
સમ્યક્ત્વ એ મૈત્રી અને તદ્યુક્તતામાં શ્રદ્ધારૂપ છે.
શાન્તાદિ દયા, દયાદિ આત્મસમદર્શિત્વ.
આત્મસમદર્શિત્વ શુદ્ધ શ્રુતધર્મ.
આત્મસમવર્તિત્વ તે ચારિત્રધર્મ.
પુરુષાર્થ = પુરુષની ઇચ્છાનો વિષય, પુરુષ = પરમાત્મા.
પરમાત્માનું અનુસંધાન છે વિષય જેનો, તે પુરુષાર્થ.
પુરુષાર્થ = ચૈતન્યની પ્રધાનતાવાળી ક્રિયા. બંધનમાંથી
છોડાવવાનું સામર્થ્ય બંધનમુક્ત પ્રભુના અનુસંધાનમાં છે.
o પરમાત્મત્વનું એટલે...
સર્વમાં સ્વાત્મા તથા સ્વાત્મામાં સર્વનો અનુભવ થવો.
પરમાત્માની દુઃખવિમોચની શક્તિનું ભાવન કરવું,
એ જ સાધનાની પ્રથમ ભૂમિકા છે.

વીતરાગ = જેમના વ્યક્તિગત રાગ-દ્વેષ નાશ પામ્યા છે.
તેથી સર્વભૂતાત્મભાવનાથી લોકોત્તર કરુણાના સ્વામી છે,
સ્વના સુખ - દુઃખ પ્રત્યે ઉદાસીન છે,
સર્વના સુખ-દુઃખ પ્રત્યે કરુણાવાન છે. જે જીવોના
દુઃખને ન જાણે, તે પરમાત્મસ્વરૂપને કેવી રીતે જાણે?
'અજ્ઞાન સમાન દુઃખ નહિ' એમ જે જાણે તે કેવળી.
તેમનું અસ્તિત્વ અજ્ઞાનને જ હણી નાંખવાને માટે છે,
અર્થાત્ દુઃખને જ હણી નાંખવા માટે છે.
ઈચ્છા = 'ઇષ્' = ઈશ્વર થવાનું ગુપ્ત અભિમાન.
ઇષે = To command. સમભાવ = ઈચ્છાનો અભાવ.
સમગ્ર વિશ્વ આજ્ઞાપાલન અને ભંગનું પરિણામ છે.
અનુગ્રહ = પુણ્યકર્મ કરવાં,
નિગ્રહ = પાપકર્મ ન કરવાં. એમ પરમાત્માની આજ્ઞા
અનુગ્રહ તથા નિગ્રહ - ઉભયસ્વરૂપી છે.
ઈચ્છારહિત તે વીતરાગ અને મૂર્છારહિત તે નિર્ગ્રન્થ.
શાસ્ત્ર એ ભગવાનનું જ વાઙ્મય સ્વરૂપ છે.

*To understand, accept and act
is practical way to
reach the ideal.*

## નવકારમાં દેવ - ગુરુ - ધર્મ

(૧) દેવ એ સાર છે - (દર્શક માટે)
(૨) ગુરુ એ દ્વાર છે - (દેખાડનાર માટે)
(૩) ધર્મ એ માર્ગ છે - (ચલાડનાર માટે). સ્મૃતિ

## નવકારમાં યોગ

(૧) પહેલાં પાંચ પદો ધારણા - (મન)
(૨) પછીનાં બે પદો ધ્યાન - (બુદ્ધિ)
(૩) છેલ્લા બે પદો સમાધિ - (અહંકાર - આત્મા)

## નવકારમાં સમાપત્તિ

(૧) પહેલાં પાંચ પદમાં વિષય સમાપત્તિ.
(૨) પછીના બે પદમાં ઉભય સમાપત્તિ.
(૩) છેલ્લા બે પદમાં આત્મસમાપત્તિ.

## નવકારમાં સિદ્ધપદ

(૧) સમાપત્તિ (object) વડે ધ્યાન થાય છે.
(૨) આપત્તિ (subj - obj) વડે જિનનામ બંધાય છે.
(૩) સંપત્તિ (subject) વડે સિદ્ધપદ મેળવાય છે.

## વસ્તુપાળની પરમાત્મને પ્રાર્થના

અનાયાસેન મરણં વિના દૈન્યેન જીવનમ્।
દેહાન્તે તવ સાન્નિધ્યં દેહિ મે પરમેશ્વર! ॥૧॥

(પરિશિષ્ટ-૯)

## કોનો કયો ગુણ બહુમાન્ય ?

(૧) ગૌતમ - ચંદનાનો વિનય (૨) નંદિષેણની વૈયાવચ્ચ
(૩) ગજસુકુમારની ક્ષમા (૪) સુનક્ષત્રની ગુરુભક્તિ.

ગુરુની આજ્ઞાને ન માનનાર મુનિ ઉપકોશાદિ પડ્યા.

મહાપુરુષોની સ્મૃતિ એમ મંગલકારી છે, તેમ તેમના સ્વર્ગગમન બાદ તેમની સ્મૃતિ પણ મહામંગલકારી અને સર્વસંપત્કરી માનવામાં આવેલી છે.

દુઃખમાં સહિષ્ણુતા અને સુખમાં ઉદારતા - એ બન્ને સદાચરણને શોભાવે છે અને સુદૃઢ પણ બનાવે છે. સદ્વિચારને વિકસાવવા સદાચાર પૂર્વભૂમિકા બને છે અને સદ્વિચાર સદાચરણને સદા સ્વરૂપ બનાવે છે. તનથી સહિષ્ણુતા, ધનથી ઉદારતા, મનથી સદ્વિચાર, વચન સહિત કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોથી સદાચાર. સદાચારમાં ઇંદ્રિયોનો અને સદ્વિચારમાં મનનો વિજય છે. સહિષ્ણુતામાં તનનો અને ઉદારતામાં ધનનો વિજય છે.

સુખમાં ઉદાર બનો, દુઃખમાં સહિષ્ણુ બનો.

એમ કરવાથી સુખ-દુઃખનો વિજય પ્રાપ્ત થાય છે.

સદાચરણ અને સદ્વિચારથી રાગ-દ્વેષનો વિજય થાય છે. ઇંદ્રિયોના વિષયો પ્રત્યે રાગ હોય, જે સદાચારથી જિતાય.

જગ પ્રત્યે દ્વેષ રહેલ છે, જે સદ્‌વિચારથી જતાય છે.
રાગનો વિષય સ્વ છે, દ્વેષનો વિષય પર છે.
રાગ-દ્વેષથી પર થવા માટે સર્વ વિષયો પ્રત્યે વૈરાગ્ય
અને જીવો પ્રત્યે મૈત્રી કેળવવા જોઈએ.

ચતુષ્પાદ બ્રહ્મ વિષે 'બ્રહ્મોપનિષદ'માં કહ્યું છે કે
अथाऽस्य पुरुषस्य चत्वारि स्थानानि भवन्ति -
नाभिर्हृदयं कण्ठं मूर्धा च । तत्र चतुष्पादं ब्रह्म विभाति ।
जागरिते ब्रह्मा, स्वप्ने विष्णुः, सुषुप्तौ रुद्रः, तुरीयमक्षरम् ।
નાભિ એટલે જાગ્રતાવસ્થા, હૃદય એટલે સ્વપ્નાવસ્થા,
કંઠ એટલે સુષુપ્તિ અવસ્થા, મૂર્ધા એટલે તુરીયાવસ્થા.
આ ૪ અવસ્થા મળી ચતુષ્પાદ બ્રહ્મ થાય. ૮મા પ્રકાશમાં
અર્હંના ધ્વનિમાં આ ચારે ય સ્થાનો આવતા જાય છે.
ઉવસગ્ગહરંમાં 'કણ્ઠે ધારેઇ' અર્થાત્ 'સુષુપ્તિ દશામાં જો
મંત્રને ધારણા કરવામાં આવે તો' એવો અર્થ થાય છે.

अर्थाकारो ग्राह्यत्वेन प्रतीयते,
बोधाकारस्तु ग्राहकत्वेन ।
- સ્યાદ્વાદરત્નાકર, ૧/૧૪૯

અર્થાત્: બાહ્યબોધ અર્થ તે ગ્રાહ્ય અને
જ્ઞાનમાં થતો તેનો આકાર તે ગ્રાહક જાણવા.

સુષુમ્ણામાં જ્ઞાનને બાહ્યાલંબન હોતું નથી, તેથી ગ્રાહ્ય-ગ્રાહક ભાવ નથી. સુષુમ્ણામાં અંતરંગ આલંબન હોય છે, તેમાં ગ્રાહ્ય-ગ્રાહક આ બે શબ્દોનો પ્રયોગ ઘટતો નથી. ગ્રહીતા કે ગ્રહણ સમાપત્તિને સ્પર્શ્યા પછી જ સાચી રીતે જાણી શકાય. તે પહેલાં તર્ક ઉઠે પણ સુષુમ્ણામાં તર્ક શમી જાય. શંકા-સમાધાનાદિ જંજાળ ઇડા-પિંગલાની છે. સુષુમ્ણામાં તો અર્થનો અંતરંગ સ્પષ્ટતયા હોવાથી શંકા થતી નથી અને તેથી સમાધાનની જરૂર પડતી જ નથી.

શંકા હોય તો સમાધાનની જરૂર છે, કિન્તુ
શંકા જ ન હોય, ત્યાં વળી સમાધાન કેવું?

स्वव्यतिरिक्त-ग्राह्यग्राहकविरहात्
बुद्धिः स्वरूपेव आत्मस्वरूप-प्रकाशिका, प्रकाशवत्।
- स्याद्वाद रत्नाकर, पृ० १५०

આ નિર્મળ બુદ્ધિ છે.

પ્રમોદ એટલે ચંદ્ર-જિનચંદ્ર. પ્રમાણ એટલે સૂર્ય-દેવ. પ્રમોદ પ્રમાણમાં અને પ્રમાણ પ્રમાતામાં લીન થાય,
ત્યારે સુષુપ્તિ-મહાદશા આવે, તે સુષુમ્ણારૂપ છે.
ઉવસગ્ગહરં સૂત્રની પાંચમી ગાથામાં 'જિણચંદ' તરીકે સંબોધન કરાયું છે. ચંદ્ર એટલે પ્રમોદ તરીકે 'જિન'.

Dt: 24/3/71

'સંથુઓ ભત્તિબ્ભર નિબ્ભરેણ હિઅએણ ।'

ભક્તિ: ભક્તિથી ભરપૂર સ્વપ્નદશામાં ધ્યાન ધર્યું છે. 'સંથુઓ'નો અર્થ 'ધ્યાન ધર્યું છે' એમ પણ થાય છે. ચંદ્રરૂપી પ્રમોદ સૂર્યરૂપી પ્રગટપણામાં ભક્તિ ધ્યેય ધ્યાનમાં લીન થાય અને ધ્યાન ધ્યાતામાં લીન થાય, ત્યારે જ સુષુપ્તિ દશા આવે અને તે બુદ્ધિને નિશ્ચલ કરે છે, તેવી નિશ્ચલ બુદ્ધિ હૃદયમાં છે, તે 'બોધિ' છે અને તે બુદ્ધિ ભવોભવ મળે, તેવી યાચના કરવામાં આવી છે. આ પ્રમાણે અર્થ કરાય, તો એક જ ગાથામાં ત્રણ સંબોધન 'મહાયશ', 'દેવ' તદુપરાંત 'પાસ જિણચંદ' જે દૃશ્યમાન થાય છે, તે સકારણ જણાય. આ અર્થથી મંત્રની ભૂમિકા સ્પષ્ટ તથા વિશદ પ્રકારે ગ્રહણ થાય.

સત્યમ્ = Truth, Self-knowledge.
શિવમ્ = Peace, Self-appreciation.
સુંદરમ્ = Bliss, Self-realisation.

સાચો સાધક સત્યમ્, શિવમ્ તથા સુંદરમ્નો ઉપાસક હોવાથી આ ત્રણમાંથી એક પણ વાતનો વિરોધી હોય, એવી બાબતથી તે દૂર રહે છે.

## જીવનમાં પવિત્રતાની આવશ્યકતા

પવિત્રતા વિના શાંતિ નહિ, તેમ સુંદરતા પણ નહિ.
પવિત્રતા ભંગ થાય તે પળે સૌંદર્ય પણ ખંડિત બને છે.
પ્રકૃતિનું સર્વોત્તમ સુંદર સર્જન પુષ્પ ગણાય છે. એમાં
સાદાઈ, નિર્મળતા અને સુંદરતાનો સુભગ સમન્વય છે.
આંતર - બાહ્ય સર્વાંગી જીવન પુષ્પ જેવું પવિત્ર રાખવું
અને પ્રભુને અર્પણ થઈ ચુકેલા પુષ્પની માફક જીવવું
તે શાસ્ત્રોક્ત યોગપ્રણાલી છે.

મનને આત્મામાં જોડવાથી
મન અને શરીર - બંને શાંત - સુંદર બની જાય છે.
ધ્યાન વડે આત્માના અપાર સૌંદર્યની સુરખી
બાહ્ય શરીરમાં પણ આવિર્ભાવ પામે છે.

## યોગના બે હેતુ

યોગનો એક હેતુ મનની શાંતિ પ્રાપ્ત કરવાનો અને
બીજો હેતુ શરીરનું આરોગ્ય - સૌંદર્ય મેળવવાનો છે.
જે સાધનાથી ભવસાગર તરી શકાતો હોય
અને પ્રભુમિલન થઈ શકતું હોય,
તે સાધના વડે દુન્યવી કઈ ચીજો હાંસલ ન થઈ શકે?
પરંતુ સાધક જ્યારે સાધનામાં આગળ વધે,

ત્યારે દુન્યવી ચીજો એને તુચ્છ અને છોડવા માલુમ પડે છે અને તેથી તેનો મોહ આપોઆપ વિદાય લે છે.

## સાચું સુખ કઈ રીતે મળે ?

સાધનામાં જ્યારે થોડી પળો માટે સાધકને ગહન અને અસીમ અકળ અલૌકિક શાંતિનો અનુભવ થાય છે, ત્યારે જ એને સાચું સુખ મળ્યાનો આનંદ થાય છે.

એ શાંતિની અનુભૂતિની પાછળ
પ્રભુની કૃપા રહેલી અવશ્ય હોય છે.
આ શાંતિ વધુ ને વધુ વખત ટકી રહે,
તે માટે સાધકના પ્રયત્નો રહે છે.

થોડી પળોની પણ આ શાંતિની અનુભૂતિ વખતે એવો તો અપાર અને સર્વાંગસંપૂર્ણનો અનુભવ થાય છે કે
દુન્યવી ચીજની એને સ્પૃહા રહેતી નથી.
ધન, કીર્તિ, સત્તાદિ એને દમ વિનાના જણાય છે.
ઇન્દ્રનો વૈભવ પણ એને મોળો અને ફીક્કો લાગે છે.

o

Life with God is not immunity from difficulties, but peace in difficulties. A life consecrated with the Divine is the only worth living. - The mother

## ચિત્તશુદ્ધિના બે ઉપાય

નમન અને મનન - એ બે ચિત્તશુદ્ધિના ઉપાય છે. દેવ - ગુરુના નમન વડે મન ઉપર વિજય મળે છે. નામના મનનથી પ્રભુના ચરણમાં પ્રીત જાગે છે, એ જ સાચું નમન છે, તેથી મન ઉન્મન બની જાય છે.

## નમવું એટલે શું ?

નમવું એટલે ચાલવું, મળી જવું તથા એકમેક થઈ જવું. નમવું એટલે ભાર દેવો, આભાર માનવો, મૂલ્યાંકન કરવું. નીચું નમે તે પલ્લું ભારે અને કીમતી મનાય છે. નમવાની ક્રિયા એ અધિક ચિંતન આંકવાની ક્રિયા છે. ઉન્મન અવસ્થાને જ શાસ્ત્રમાં મનનો વિજય કહ્યો છે. મન વશ થવાથી આત્મા-સ્વરૂપમાં આવે છે. આત્માનું સ્વરૂપ સચ્ચિદાનંદઘન હોવાથી સઘળાં સંતાપ નાશ પામે છે અને અપૂર્વ શાંતરસનો અનુભવ થાય છે.

## ઉન્મનભાવ શેનાથી પ્રગટે ?

મનને ઉન્મન કરવાનો ઉપાય પ્રભુના નામમંત્રનું મનન છે. મન વડે મંત્રનું મનન થવાથી પ્રભુ પાસે જવાય છે. પ્રભુ પાસે જવા માટે પ્રભુ ઉપર પ્રીત થવી જોઈએ. મંત્રમનનથી પ્રીતિ જાગે છે, જે ઉન્મનભાવ અપાવે છે.

'પુનિત' મહારાજે કહ્યું છે કે:

નમન - મનન જો ચિત્તશુદ્ધિ ઉપાય છે જો,
ટૂંકામાં ટૂંકી છે એની રીત જો. ...(૧)
હરિ - સ્મરણ ને સંત - સ્મરણમાં નમતાં જો,
મનડાં ઉપર થઈ જવાની જીત જો. ...(૨)
મનન કરશું નામ હરિનું મુખમાં જો,
પ્રભુસ્મરણમાં સાચી જાગે પ્રીત જો. ...(3)
પુનિત પ્રભુની પાસે મનડું લઈ જશે જો,
સાધકનું તો એમાં થાશે હિત જો. ...(૪)

## શબ્દબ્રહ્મ વડે દેહભાવ થાય દૂર

દેહભાવ તદ્દન ધોવાઈ ગયે દુઃખનો અનુભવ થતો નથી. શબ્દબ્રહ્મ શ્રવણ - ઇંદ્રિય અને મનોમય છે. મંત્ર વડે શ્રવણ - ઇંદ્રિય - મનની એકતા સધાય છે, તેથી મંત્રમાં નિષ્ણાત એ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત બને છે.

'શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે'

તેનો એક અર્થ: મંત્ર પોતે શબ્દના અક્ષર, પદ, વ્યંજન, સ્વર, માત્રા અને બિંદુમાં એકાગ્ર બનાવે છે, તે એકાગ્રતા વડે શબ્દબ્રહ્મની સાધના થાય છે અને એ સાધના વડે પરબ્રહ્મની પ્રાપ્તિ સાવ સુલભ બને છે.

કહ્યું છે કે : शब्दब्रह्मसुदुर्बोधं प्राणेन्द्रिय-मनोमयम्।
अनन्तपारं गंभीरं दुर्विगाह्यं समुद्रवत् ॥१॥

અર્થાત્: પ્રાણ, ઇંદ્રિય અને મનોમય શબ્દબ્રહ્મ એ અત્યંત દુઃખે કરીને જાણી શકાય છે. તે અનન્ત, અપાર, ગંભીર છે. જેમ સમુદ્રનો અંત નથી, તેનો પાર પમાતો નથી, તે ઘણો જ ગંભીર - ઊંડો છે, તેમ શબ્દબ્રહ્મ પણ સમુદ્રની જેમ અનન્ત, અપાર અને ગંભીર છે, તેને જે કોઈ પાર કરી શકે છે, તે પરબ્રહ્મને પામે છે.

પરબ્રહ્મપ્રાપ્તિ કોને કહેવાય ?

વર્ણાત્મકનામનું ઉચ્ચારણ પ્રથમ પ્રાણમાં, પછી ઇંદ્રિયમાં અને છેલ્લે મનમાં અસર ઉત્પન્ન કરી શુદ્ધિ કરાવે છે. શુદ્ધ થયેલાં મન-પ્રાણ-ઇંદ્રિયમાં આત્મા પ્રકાશિત થાય, તેનું જ નામ 'પરબ્રહ્મની પ્રાપ્તિ' કહેવાય છે.

अर्हं અર્થાત્...

(૧) ધ્યેય અથવા પૂજ્ય. (૨) પરમ મંત્રાક્ષર બીજ - નાદ, બિંદુ, કલા અને જ્યોતિથી યુક્ત. (૩) અ થી હ સુધીના પરમ વાઙ્મયરૂપ. (૪) પંચપરમેષ્ઠિવાચક અર્હદાદિરૂપ પરમતત્ત્વ.
अर्हम् = 3 વ્યંજન. अ + र् + ह् + अ + म् = ૨ માત્રા, ૧ બિંદુ, ૨ વ્યંજન, ૨ સ્વર.

## મંગલ વિચારકણિકાઓ

(1) મૃત્યુનું મૃત્યુ તે અમરતા - અંતનો અંત તે અનંત.
ભયનો પણ ભય ટળે તે બ્રહ્મ.
અહંનો મૃત્યુ છે - અર્હં અમર છે.
અહં અટલ દેહ અને અર્હં અટલ આત્મા.
મન મૃત્યુમય છે - મર્ત્ય છે, જ્યારે જીવન અમર્ત્ય છે.
ભવિષ્યનો વિચાર મરણને લાવે છે,
વર્તમાનનો વિચાર અમરતાને પ્રકટાવે છે.
ભવિષ્ય તૂટે છે, વર્તમાન અતૂટ છે. મનને અમનમાં
અને સમયને અનંતતામાં પરિવર્તિત કરી નાંખો.
આ સત્યને કાલ્પનિક કે આભાસિક ન માનતાં
જીવ જગાવો અને જીવનને સાર્થક કરો.

(2) હું કોઈપણ માણસ માટે ભૂંડું બોલીશ નહિ પણ દરેક જણમાં રહેલી ભલાઈ વિષે જ બોલીશ. - ડેલ કાર્નેગી

(3) સફળતાના સર્વ પતંગ નિષ્ફળતાના વાયરાની સામે રહીને જ સદા ઊંચે જઈ શકે છે. - નેપોલિયન હીલ

(4) માનવજીવનની સફળતાની માપશાસ્ત્ર તે કેટલું જીવ્યો, તે નહિ પણ તે કેવું જીવ્યો, એ જ છે. - ટોલસ્ટોય

(5) મૃત્યુને જાણો અને જીવનને જીવો. - જે. કૃષ્ણમૂર્તિ

(6) જીવનનો દાખલો એવા રીતે ગણો,
કે મરણનો જવાબ સાચો આવે. - વિનોબા ભાવે

(7) સદ્ગુરુ જ્યાં દેખાય, ત્યાં પૂજવાં અને
સદ્ગુરુ જ્યાંય મળે, ત્યાંય ખીજવવે. વિ. કાંતિલાલ

(8) જ્ઞાનની ઉપાસના અને શાસનની સેવા - એ જ
સાચી પદવી છે. મનુષ્ય જન્મ દુર્લભ છે. તેમાં સાધુતા
અતિદુર્લભ છે, તે માટે વિદ્વતા અને સુયોગ્યતા પ્રાપ્ત
થવા વિશેષ દુર્લભ છે. એ બધી યોગ્યતા હોવા છતાં
જેઓ પદવીથી દૂર રહે છે, તેઓ વિશેષ યોગ્ય છે.

(9) મૂળ જ્ઞાન તથા મૂળ અજ્ઞાન શું છે?
સ્વસ્વરૂપ આત્મા મનાય, તે મૂળજ્ઞાન, ઊંધું જાણવું.
પોતાનું સ્વરૂપ દેહ મનાય, એ મૂળ અજ્ઞાન.
સત્પુરુષ સંગે આત્મજ્ઞાન થાય - આત્મઅજ્ઞાન જાય.
આત્મજ્ઞાન જેવું પવિત્ર આ લોકમાં કાંઈ છે જ નહિ.
આત્મજ્ઞાનમાં સર્વ કર્મો પર્યવસાન પામે છે. પાપીમાં પાપી
જીવ પણ જ્ઞાનનાવ વડે પાપરૂપી સમુદ્રને તરી જાય છે.
જ્ઞાનાગ્નિ સર્વ કર્મબંધનને બાળી નાંખે છે.
અજ્ઞાનનું કારણ મન છે.
તે મનને નમન વડે ઉન્મન કરવું, તે મોક્ષનો માર્ગ છે.

પોતાના આત્માને પ્રત્યક્ષ ભિન્ન માનવો, તે ભાન છે.
તે ભાનરૂપી ગ્રન્થિનો ભેદ કરવો, તે 'ગ્રન્થિભેદ' છે.
સંત સમાગમ માટે અજ્ઞાનીમાં અજ્ઞાની થઈને જવું.
દાસના દાસ થઈને રહીએ, ત્યારે
મોટા પુરુષ રાજી થાય તથા આપણા ઉપર દૃષ્ટિ કરે.
ભગવાન અને સંત આગળ માન - મોટાઈ ન રાખવા.
સર્પ બધે વાંકો પણ દરમાં સીધો.
ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવવા દેવો,
તો જ આત્માના કલ્યાણનું જતન થાય.
નિર્ગુણ = સંત કહે તેમ કરવું. સગુણ = મનનું ધાર્યું કરવું.
જેને ભગવાનનું જ્ઞાન છે, તે જ્ઞાની છે,
ભગવાનના મહિમાનો વિચાર કરે, તે ધ્યાની છે.
જ્ઞાન હશે તો ધ્યાન ટકશે. મોટા પુરુષની સમીપમાં જો
આપણે બેસવું હોય, તો તેના નિયમો પાળવા જોઈએ.

(10) મોક્ષ એટલે મોહનો ક્ષય.

'મોહ' એટલે અનાત્માને આત્મા - આત્માને અનાત્મા
માનવો અને અનાત્મા વસ્તુસંબંધી રાગ-દ્વેષ કરવા.
'મોક્ષ' એટલે આત્મામાં આત્મબુદ્ધિ દૃઢ કરવી, રાગ-
દ્વેષની ભાગાભાગીથી રહિત થઈ વિશુદ્ધ આત્મસ્વરૂપને
પ્રાપ્ત કરવું, તે મોહના ક્ષયરૂપી 'મોક્ષ' કહેવાય છે.

(11) સુખ - દુઃખની મૌલિક મીમાંસા

સંસારનું સારામાં સારું સુખ પણ પાપથી સંકળાયેલું છે, તેથી તેનું ફળ દુઃખ છે. સુખ અને દુઃખને ગૌણ કરી તાત્ત્વિક થવાથી સાચું સુખ મળે. પ્રમાદ તથા મોહ ટાળવા.

મોહ = સત્યમાં અસત્યની - અસત્યમાં સત્યની ભ્રાંતિ.

પ્રમાદ = જે કરવાનું હોય, તે ન થાય અને ન કરવાનું હોય તે થાય, તેનું નામ 'પ્રમાદ'.

ટેક અને નેક હોય તો ભગવાન સદા સહાયમાં છે.

'દુષ્કૃત' એટલે દુઃખને ખેંચી લાવનારું કૃત્ય.

'સુકૃત' એટલે સુખને ખેંચી લાવનારું કૃત્ય.

'જ્યાં સુધી એક જીવને પણ પીડા છે, ત્યાં સુધી દુઃખ કાયમ છે. એક જીવને પણ આપણાથી સુખ છે, તો તેનું પરિણામ સુખમાં આવે જ છે.' એ હકીકત વ્યષ્ટિને સમષ્ટિ સાથે રહેલા અભેદ સંબંધને સૂચવે છે. વ્યષ્ટિ સમષ્ટિનો અંશ છે. સમષ્ટિના હિતમાં વ્યષ્ટિનું હિત રહેલું છે. સર્વને સુખ કરનારને શરણે ગયા વિના સમષ્ટિભાવ વિકસતો નથી. વ્યષ્ટિ સમષ્ટિને નમે છે, તો પરમેષ્ઠિ થાય અને પરમેષ્ઠિને નમે છે, તો સમષ્ટિભાવ આવે. એમ વ્યષ્ટિ - સમષ્ટિ - પરમેષ્ઠિ પરસ્પર સંકળાયેલા છે.

આપ મંગળ છો,
કેમકે વ્યક્તિભાવરૂપ અમંગળને દૂર કરો છો.
આપ લોકોત્તમ છો,
કેમકે સમષ્ટિભાવરૂપ મંગળને ઉત્પન્ન કરો છો.
આપ શરણભૂત છો, કેમકે તેઓ સમષ્ટિભાવનો
વ્યક્તિભાવમાં વિલીન કરીને પરમેષ્ઠિ પદ પામેલાં છો.

પ્રભુની પાસે જવું હોય તો એકલા નહિ જવાય.
એકભાવની સાથે જવું જોઈએ. ભગવાન તો બધા
આત્માને સર્જે છે, તેથી સૌ સાથે ભેદભાવ તજીને,
અન્યજનને મદદરૂપ થઈ, એકલપણાંનો ભાવ તજી દઈને,
વ્યક્તિને બદલે સમષ્ટિની સાથે તાદાત્મ્યભાવ કેળવીને
જીવન વ્યતીત કરીએ, તો જ પ્રભુનો સાક્ષાત્કાર થાય
અને જીવનની સાર્થકતા પણ અનુભવાય.

તપ, જપ, ધ્યાન, સેવા વગેરે ગમે તેટલાં કરો, કિન્તુ
'હું' ન જાય, ત્યાં સુધી તે ફળે નહિ.
'હું'ના સ્થાને 'તું' આવે, તો 'તે' મળે.
'અહં' ભાવનો નાશ કર્યા વિના પ્રભુ કેવી રીતે મળે?
'હું' વ્યક્તિભાવ, તું સમષ્ટિભાવ, તે પરમેષ્ઠિભાવ છે.
સમષ્ટિભાવ એ વ્યક્તિભાવમાંથી છોડાવીને
પરમેષ્ઠિભાવમાં લઈ જાય છે.

(12) નમસ્કારભાવ સામાના હૃદયનું પરિવર્તન કરે છે, દુશ્મનને પણ મિત્ર બનાવે છે અને નમસ્કારભાવથી બીજા અનેક જીવોને આલંબનરૂપ બનાય છે. નમસ્કારભાવયુક્ત પરમેષ્ઠિઓ પ્રત્યે વિશિષ્ટ સદ્ભાવ પરમ શુભ અધ્યવસાયોનું કારણ બને છે. સ્વોપકારમાં પરોપકાર સમાય પણ પરોપકારમાં સ્વોપકારની ભજના છે. સ્વોપકાર કષાયના ઉપશમમાં છે, ઉપશમ નમસ્કારરૂપ છે. ઉપશમભાવ ન રહે, એવો પરોપકાર મલિન છે. બીજાનો ઉપકાર માનવાથી ઉપશમભાવ ટકી રહે છે. 'શત્રુ પણ ઉપકારી છે' એ વિચાર મુખ્ય બને, તો જ સ્વોપકાર શક્ય છે. એટલે જ શાસ્ત્રોમાં કહ્યું છે કે:

'આક્રોશ, તર્જના, ઘાતના ધર્મભ્રંશને ભાવે રે;
અગ્રિમ અગ્રિમ વિરહથી, લાભ તે શુદ્ધ સ્વભાવે રે.'

આક્રોશ કરે છે પણ તર્જના કરતો નથી, એ લાભ છે. તર્જના કરે છે પણ ઘાત કરતો નથી, એ લાભ છે. ઘાત કરે છે પણ ધર્મથી ભ્રષ્ટ કરતો નથી, એ લાભ છે. આમ વિચારવાથી શુદ્ધ સ્વભાવનો લાભ થાય છે.

(13) ટીકા થતી અટકાવવાનો સાચો ઉપાય તો જીવનને સુધારવાનો છે, ટીકાકારોને દબાવવાનો નહિ.

(14) પ્રાપ્તિ કરતાં પ્રયત્નમાં આનંદ વધુ છે.
ભોગ થકી ભૂખ્યું સારું! ભુક્તિ થકી ભક્તિ અધિક છે!
વિઘ્ન એ સિદ્ધિની રસાયણક્રિયા - કેમિકલ પ્રોસેસ છે.

સાધનાનું બાહ્યસ્વરૂપ ઉગ્ર છે,
સાધનાનું આંતરસ્વરૂપ કોમળ આનંદમય છે.

શરીરમાંથી કંચન - મારમાંથી મહાવીર બનવાનો એક જ ઉપાય: વિઘ્નોને આવકારો - અંતરમાં સમાધિસ્થ રહો. જીવન પર છવાયેલાં આવરણ અને જડતાનાં આવરણો છેદી નાંખો. કેટલીક વખત નામ સાથે રૂપ કે રૂપ સાથે નામ યાદ આવતું નથી. રૂપ અને નામ સાથે રહે તો તેમની સાથે આધ્યાત્મિક સંબંધ જળવાઈ રહે છે. સૂક્ષ્મ પ્રવેશ માટે નામ - રૂપ બંનેની જરૂર રહે છે. દરેક વસ્તુને આકાર હોય છે, તેનું મૂળ શબ્દ છે.

જેવો શબ્દ - તેવો આકાર પ્રકટે છે.

'કમળ' શબ્દ બોલવાથી કમળના ફૂલનો આકાર પ્રકટ થાય છે.

(15) માનવનો દેહ ક્ષુદ્ર વાસના માટે નથી. તપશ્ચર્યા માટે - શ્રમ માટે છે. મર્યા પછી આનંદ મેળવવા માટે છે.

'ૐ' સંમતિસૂચક છે, 'અર્હં' ઉચ્ચારવાચક છે.
બંને મળીને પ્રકૃતિવાચક અને સમાધિકારક બને છે.

ॐ

## સમાધિ અવસ્થાનો પરમમંત્ર કયો?

'ૐ અર્હં નમઃ ।' એ પ્રકૃતિની શુદ્ધિ અને તે દ્વારા અંતઃકરણનાં સમાધાન – સમાધિ અવસ્થાનો પરમમંત્ર છે. તેના જાપથી પળમાં જીવનભરનું ભાથું બંધાઈ જાય છે.

તે ભાથું બોધિ અને સમાધિનું છે.

'વિશ્વ સ્વયં પૂર્ણ છે' એવું જ્ઞાન તે બોધિ અને પ્રકૃતિના જ્ઞાનથી જન્મતી ચિત્તની પરમ શાંતિ તે સમાધિ.

(16)

## ધર્મનો સાચો અર્થ

માનવમાં એક અનોખું તત્ત્વ છે કે
જેને ઈશ્વરી અંશ કહો, આધ્યાત્મિક ચેતના કહો,
જે તત્ત્વ તેને સતત ઉર્ધ્વગામી થવા પ્રેરે છે.
એ ચેતના બધા જીવોમાં છે પણ
માનવમાં ઘણા વિકસિત અને વિકાસશીલ છે.
આ ચેતનાનો વિકાસ એટલે હદે જઈ શકે છે કે મનુષ્ય ઈશ્વરત્વને પામે, પૂર્ણ થાય, કેવળ અને બુદ્ધ થાય.
આવા વિકાસ માટે માનવને પ્રેરે, માર્ગદર્શન આપે, મદદ કરે અને જીવનને ઉર્ધ્વગામી બનાવે, તે ધર્મ.
આ વિકાસ એટલે આંતરચેતનાનો વિકાસ,
જેને પરિણામે શાશ્વત સુખ અને શાંતિ મળે.

most important.

## સાચા ધર્મના લક્ષણો

ધર્મનું પ્રથમ લક્ષણ : ધન - સંપત્તિ આદિ બાહ્યવસ્તુ કે
તેઓની ઉપલબ્ધિથી સાચાં સુખ - શાંતિ મળતાં નથી,
તે અનુભવસિદ્ધ હકીકતનું દર્શન તે ધર્મનું પ્રથમ લક્ષણ.
ધર્મનું બીજું લક્ષણ : આવા દર્શનથી જે સત્ય લાધ્યું,
તેને પ્રાણાંતે પણ અનુસરવાની વૃત્તિ તે
ધાર્મિક જીવનનું કે ધર્મજિજ્ઞાસુનું બીજું લક્ષણ છે.
ધાર્મિક જીવનની સાધના માટે જરૂરી વસ્તુ છે સદાચાર.
જે વડે સદ્ગુણોનું પોષણ - સંવર્ધન થાય, દુર્ગુણોનું
નિવારણ અને તેમાંથી મુક્તિ - તેનું નામ સદાચાર.
આત્મવિકાસના પોષક ગુણો છે:
સત્ય, પ્રેમ, કરુણા, ત્યાગ, સંયમ, ક્ષમા આદિ.
આત્મવિકાસના અવરોધક દોષો છે:
અસત્ય, હિંસા, લોભ, માન, માયા, ક્રોધ, વિલાસ આદિ.

### ધર્મ અને પંથમાં શું ફેર ?

ધર્મનો આત્મા એક છે.
જુદા-જુદા ધર્મો કહેવાય છે, તે પંથો અને સંપ્રદાયો છે
અને તે ધર્મના દેહ અથવા કલેવર છે.
ધર્મમાં અંતર્દર્શન છે, પંથમાં બાહ્યદર્શન છે.

ધર્મમાં નમ્રતા છે, પંથમાં અભિમાન છે.
ધર્મમાં એકતા - અભેદ છે, પંથમાં ભિન્નતા - ભેદ છે.
ધર્મમાં સત્યની જિજ્ઞાસા છે, પંથમાં મતનો આગ્રહ છે.
પંથના આગ્રહી તેજોહીન - મંદમતિ - ક્રિયાકાંડી છે, ધર્મમાં
તેજસ્વિતા, બુદ્ધિની તીક્ષ્ણતા અને ક્રિયામાં સરળતા છે.
ધર્મમાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ, કરુણા, સમભાવ હોય,
પંથમાં સ્થાપિત હિતો, ઝઘડાઓ અને યાદવાસ્થળી છે.
ધર્મની દૃષ્ટિ ચિત્તશુદ્ધિ છે, તે દૃષ્ટિએ દેવો કરતાં પણ
શ્રેયાર્થી મનુષ્ય જ વધુ પ્રતિષ્ઠાને પાત્ર છે.

## અહિંસા એટલે શું?

સર્વ આત્માઓ સાથે પોતાનો વાસ્તવિક અભેદભાવ
- એ અહિંસાનો પાયો છે. આ આત્મૌપમ્યની દૃષ્ટિ છે,
તે સર્વ જીવની સમાનતાની શ્રદ્ધા ઉપર રચાયેલી છે.
જીવ સર્વ સમાન છે. ચેતનાના વિકાસની દૃષ્ટિએ ભલે
ભેદ છે, પરન્તુ સત્તાએ સર્વ જીવો સમાન છે.
Potentially all are divine.
ભગવાન મહાવીરનું દર્શન આત્મદર્શન છે.
અહિંસાની ભાવ ભૂમિકા અનુભવની છે.
સર્વ જીવને જીવન પ્રિય છે, સુખ પ્રિય છે.

સર્વ જીવ જીવવા ઇચ્છે છે તથા સુખ મેળવવા ઇચ્છે છે,
તો પછી કોઈ પણ જીવની હિંસા કેમ થાય ? કોઈને
દુ:ખ થાય તેવું વર્તન, વાણી કે વિચાર પણ કેમ થાય?
*This is true reverence for all life.*

સંયમ એ અહિંસાનું જ બીજું સ્વરૂપ છે.

સમયા સવ્વ ભૂએસુ સત્તુ મિત્તેસુ વા જગે । જગતમાં
શત્રુ કે મિત્ર - સર્વ જીવો પ્રત્યે સમતા તે સંયમ છે.

અસંયમી જીવનમાં કામભોગોમાં હિંસા છે.

પ્રમાદ અને આસક્તિ એ હિંસાનું મૂળ છે.

તપ અગ્નિ છે, કર્મમળને બાળી નાંખે છે.

પરિગ્રહ મેળવવામાં તથા તેનો સંગ્રહ કરવામાં હિંસા છે,
તેથી અપરિગ્રહ પણ અહિંસાનું મૂળ છે.

અનેકાન્તવાદ એ પણ અહિંસા માટે અનિવાર્ય છે.

સત્યને અગણિત પાસાં છે.

સત્યનિષ્ઠ વ્યક્તિમાં મતાગ્રહને અવકાશ નથી.

મતાગ્રહમાં માનસિક, વાચિક અને
બૌદ્ધિક હિંસા અને બળજબરીનું તત્ત્વ છે.

અનેકાંતમાં સહિષ્ણુતા અને સમભાવ છે, તેથી
આંતરકરુણા અને અહિંસાનો ભાવ અખંડિત રહે છે.

o જે વ્યક્તિ કોઈની હિંસા ન કરે,
સત્ય, સંયમ જીવન સ્વીકારે અને
અનેકાન્તવાદના આધારે સદ્ધ્યાનમય જીવન પસાર કરે,
તે અન્યના દુઃખ પ્રત્યે પણ ઉપેક્ષાભાવને ધારણ ન જ કરે.
તેનું અંતઃકરણ સદા જ
કરુણામય અને પ્રાણીમાત્ર પ્રત્યે દયાપરાયણ રહેવાથી
પરમોચ્ચ શાંતિને પ્રાપ્ત કરે. C. Chakubhai

બ્રહ્માંડમાં રહેલી એક વિશ્વશક્તિ

આધ્યાત્મિક અનુભૂતિ અનુભવગમ્ય અને વાસ્તવિક છે.
તે માત્ર સ્વપ્ન કે અટકળ નથી.
એક વિશ્વશક્તિ આ બ્રહ્માંડનું નિયમન કરી રહી છે, તે
શક્તિ એ જ કોટિની છે, જે સૌનું શરીરનિયમન કરે છે.
આવી કોઈ વિશ્વશક્તિ ન હોત, તો
આ બ્રહ્માંડ ક્યારનું ય ભાંગીને ભુક્કો થઈ ગયું હોત,
જેમ આપણા દેહમાં રહેલી આ શક્તિ દેહને ત્યજી
જાય છે, ત્યારે દેહ માત્ર જડ-ચેતનહીન બને છે તેમ.
આપણી અંદર અને બહાર રહેલી આ શક્તિ
એક જ કોટિની હોઈ બુદ્ધિગમ્ય અને અનુભવગમ્ય છે.
આ શક્તિ આધ્યાત્મિક અને નૈતિક છે, એ જડ નથી.

એ ચિન્મય - ચૈતન્યમય છે, માટે આધ્યાત્મિક છે.
માત્ર કોઈ જડશક્તિ આ વિશ્વને અથવા આપણાં
શરીરને ધારણ કરી શકે નહિ અથવા ટકાવી શકે નહિ.
આ ચેતનશક્તિ - આધ્યાત્મિકશક્તિ
કોઈપણ જડશક્તિ કરતાં અનંતગણી બળવાન છે.
આપણાં દેહની પેઠે, સકળ વિશ્વની ઉપર
એ આધિપત્ય ભોગવે છે, એ શક્તિ સર્વોપરી છે.
આ શક્તિ જ્ઞાનસ્વરૂપ અને સહેતુક છે. જડશક્તિની
પેઠે તે અંધ અને યાંત્રિક નથી. આ શક્તિ નૈતિક છે,
આપખુદ કે મનસ્વી નથી. આ નૈતિક નિયમ અટલ છે,
તેથી આ શક્તિ દયાળુ અથવા તો માયાળુ ગણાય છે.
આનું જ નામ 'કર્મનો સિદ્ધાંત' છે.
દરેક વ્યક્તિ પોતાના ભાગ્યની સ્વતંત્ર વિધાતા છે, જે
moral & spiritual freedom કહેવાય છે.
વિશ્વમાં રહેલ અનિષ્ટો અને દુઃખો
દરેક સંવેદનશીલ આત્માઓને વ્યથિત બનાવે છે, છતાં
પણ અંતે અનિષ્ટ ઉપર ઈષ્ટનો જ વિજય થાય છે.
અનિષ્ટ એ કોઈ સ્થાયી તત્ત્વ નથી,
જીવનની સાધનાનું જ તે એક અંગ છે.

દુનિયામાં જે દુઃખ અને અનિષ્ટ છે, તે માનવની સ્વાર્થ - રાગ-દ્વેષયુક્ત વૃત્તિનું પરિણામ છે. દેખાતું અસત્ય, અનિષ્ટ કે અસુંદર તત્ત્વ ગમે તેટલું હોય પણ અંતિમ વાસ્તવિકતા સત્યમ્, શિવમ્, સુંદરમ્ છે. આમ ન હોત તો જીવનનો ક્યારનો ય અંત આવ્યો હોત. આ મૌલિક શ્રદ્ધા ઉપર જ જીવન ટકી શકે છે.

સર્વ માનવના સ્વભાવમાં પાયાની સચ્ચાઈ છે. માનવ પાયામાં ઈમાનદાર - વિશ્વસનીય છે, કારણકે વિશ્વશક્તિની જેમ તે આધ્યાત્મિક અને નૈતિક જ છે. આ વિચારથી મન આશ્વાસન અને સમતા મેળવી શકે છે. માનસિક શાંતિ માટે વિશ્વશક્તિની નૈતિકતા અને આધ્યાત્મિકતાનો વિચાર જ અંતિમ ઉપાય છે. ઊંડેથી વિચાર કરતાં અમને લાગે છે કાર્ય-કારણના અફર નિયમાનુસાર કોઈથી પણ ન નિવારી શકાય એવી એક શક્તિ આ વિશ્વમાં નિયમબદ્ધપણે કામ કરી રહી છે. આ વિશ્વશક્તિ વિશ્વવ્યાપી છે, જે અગાધ શક્તિએ આ બધું નિર્માણ કર્યું છે, તે અનુલ્લંઘનીય નિયમોને આધીન છે. આ દૈવી શક્તિમાં જેમણે શ્રદ્ધા અનુભવી છે અને તે શક્તિ સાથે જેમણે અનુસંધાન પ્રાપ્ત કર્યું છે, તેમણે અનુસરવું, તે જ એક શાંતિ મેળવવાનો માર્ગ છે.

તું કાંઈ જ નથી, માત્ર એક ઈશ્વર જ સત્ય છે.
તે જ મહાન છે અને તે જ સૌનો આરાધ્યદેવ છે.
જેટલો સમય આ સંસારમાં છો, તેટલો સમય તમે
પ્રભુનું ભજન કરો, તો હારની બાજી તમે જીતી જશો,
બાકી કોઈ ઉપાય કામ લાગવાનો નથી.
આયુષ્ય લંબાવવાના અનેક ઉપાયો કરો પણ
ધાર્યું તો ધણીનું જ થવાનું છે,
એનો આધાર જ સાચો છે, એના વિના ઉદ્ધાર નથી.
આ ધણી મળે તો જ જીવને મુક્તિ મળવાની છે.

## જૈન દર્શન શેનું પ્રતીક ?

જૈન દર્શન જડતાનું પ્રતીક કે જડતાનું ઉપાસક નથી.
એ તો છે ચૈતન્યનો અસ્ખલિત પ્રવાહધોધ અને તેની
ઉપાસનાનો પરમ સ્રોત, પછી તે ચૈતન્ય એકેન્દ્રિયનું હો કે
પંચેન્દ્રિયનું હો. ચૈતન્ય મહાસાગરની ઉપાસનાનું ફૂલ છે.
જેની આદિ છે અને અંત નથી, એવા સુખનાં
સાગરના સાગર, તે પણ અવ્યાબાધ, દુઃખનાં લેશ
વિનાના અને જેનાથી અધિક કોઈને પણ ન હોય તેવા.
તત્ત્વજ્ઞાન અને જીવન જુદું છે, એમ નહિ પરન્તુ
તત્ત્વજ્ઞાન અને જીવન વચ્ચે તો સાધો સંબંધ છે.

રાજા કોઈ વ્યક્તિ નથી, તે પ્રજાની શક્તિનું પ્રતીક છે.
પ્રજા જાગે, ત્યારે રાજા જાગે છે.
પ્રજા ક્રિયાશીલ બને, ત્યારે રાજા ક્રિયાશીલ બને છે.
રાજદંડ તથા તાજ - એ હકીકતમાં પ્રજાનાં પોતાનાં જ છે.

## પ્રેમ અને પ્રભુ

The prophet એ ખલિલ જિબ્રાનનું લખેલું પુસ્તક છે.
તેનું લખાણ શાંત, પ્રસન્ન, નદીના નીતર્યાં જળ જેવું છે.
એ કહે છે કે: 'પ્રેમ કોઈને આલિંગન કરતો નથી અને
પ્રેમ પોતે આલિંગન થતો ય નથી. પ્રેમ કરો ત્યારે
તમે એમ નહિ કહેતાં કે 'પ્રભુ મારા હૃદયમાં છે.'
એમ કહેજો કે 'હું જ પ્રભુના હૃદયમાં છું.'
त्वत्पादौ मम हृदये, मम हृदयं त्वत्पदद्वये लीनम् ।
तिष्ठतु जिनेन्द्र ! तावत् यावन्न निर्वाणसंप्राप्तिः ॥१॥
જાગો ત્યારે હર્ષથી જાગો અને કહો કે: (પરિશિષ્ટ-૧૦)
'પ્રભુ, તું કેટલો સારો છે કે...
પ્રેમ કરવા માટે તેં મને એક વધુ દિવસ આપ્યો છે.'
શોક જેટલો ઊંડો ઉતારશો, તેટલો પ્યાલામાં વધુ ભરાશે.
શોક જેટલો ઊંડો, એટલું જીવન હર્ષસભર.
તમને જે બાબતે એકવાર અત્યંત દુઃખ થયું હતું,
એ બાબતે સૌથી વધુ આનંદ આજે થતો હશે.

શોક અને હર્ષ - એ બંને જોડિયા ભાઈ જેવા છે.
એક જ્યારે તમારી સાથે જમવા બેઠો હોય તો ખાતરી
રાખજો, બીજો પથારીમાં તમારી રાહ જોતો બેઠો છે.

## વિશ્વવિખ્યાત ફીલસૂફ ખલિલ જિબ્રાન

૧૮૮૩માં સિરિયાના એક ગામમાં જિબ્રાન જન્મ્યો હતો.
૧૨ વર્ષની વયે ફ્રાંસ - યુરોપમાં ચિત્રકળા શીખ્યો હતો.
૧૦ વર્ષ અમેરિકામાં રહી સારાયાના મદ્રેસામાં રહ્યો હતો.
પ્રથમ વિશ્વયુદ્ધ પછી પાછો અમેરિકા જઈને વસ્યો હતો.
૧૯૧૮ પછી તેણે માત્ર અરબીમાં નહિ પણ અંગ્રેજીમાં ય
લખવાનું શરૂ કર્યું પછી તેઓ વિશ્વવિખ્યાત થઈ ગયા.
જેમનાં લખાણો જૂના ફીલસૂફોથી જુદા પ્રકારના હતા.
તેમણે નવી દુનિયા જોઈ, નવું તત્ત્વજ્ઞાન આપ્યું તથા
ફ્રેંચ-રૂસી ક્રાંતિ જોઈ સમાજવાદની વાતો ય સાંભળી હતી.
અન્ય ફીલસૂફો કહે છે કે દુનિયા નિઃસાર છે. જિબ્રાનને
આ જગત જીવંત લાગે છે તથા તેને છોડતાં દુઃખ થાય છે.
અન્ય ફીલસૂફોથી વિરુદ્ધ આ જિબ્રાનને લાગ્યું હતું કે
તત્ત્વજ્ઞાન અને જીવન વચ્ચે તો સીધો સંબંધ છે.
પ્રભુસર્જિત આ દુનિયાને તેણે પૂરા દિલથી પ્રેમ કર્યો હતો.
દુનિયા છોડતાં કાંચળી ઉતારતાં થાય એટલી જ વ્યથા તેને થઈ.

પ્રેમનું વૃક્ષ એ તો કલ્પવૃક્ષ છે.
એની નીચે બેસીને જે પણ ઔચિત્યપૂર્વકના
ફળો માંગીએ, તે મળી શકે એમ હોય છે.
સમૃદ્ધિ આશાનાં, ઉમળકાનાં, સાંત્વનનાં, શુભેચ્છાનાં,
નિઃસ્વાર્થનાં, આત્મભોગનાં, ઔદાર્યનાં, શુભસંકલ્પનાં
અને શ્રદ્ધાનાં મનમાન્યાં ફળો મેળવી શકાય છે.

એ માટે ત્રણ શરતો એ છે કે:

પ્રેમને વાવવો પડે,
વાવેલા એ પ્રેમને નિખાલસતાના ખાતરથી પોષવો પડે,
શ્રદ્ધાજળ સિંચીને જતન કરવું પડે.
આપણી જે સત્યમ્, શિવમ્ તથા
સુંદરમ્‌ની આખી બુનિયાદ છે,
તે પ્રેમની ક્યારી ઉપર જ નિર્ભર છે.

जेण सुहज्झप्पजणं अज्झप्पाणयणमहियमयणं वा ।
बोहस्स संजमस्स व मोक्खस्स व जं तमज्झयणं ॥१॥

અર્થ: 'અધ્યયન' એટલે જે...
(1) ચિત્તને સારી રીતે અધ્યાત્મવાળું બનાવે.
(2) ચિત્તને સારી રીતે અધ્યાત્મ તરફ ખેંચી જાય.
(3) બોધ, સંયમ અને મોક્ષનો અધિક લાભ કરાવે.

## સાચું દાન - સર્વસ્વનું દાન

ભરેલા વાસણમાંથી થોડું - થોડું આપો, તે દાન નથી.
તમારા જીવનનો થોડો અંશ આપો, તે દાન છે.
ફૂલ સુગંધ આપે તેમ સાહજિકતાથી સર્વસ્વ આપો.
લેનારની પાત્રાપાત્રતા નક્કી કરવાનો કોઈને હક્ક નથી.
પાત્રતા તો પ્રભુએ નક્કી કરેલી છે.
પ્રભુ પાસેથી દિવસ અને રાત્રિઓ સૌએ મેળવેલા છે.
લેનારા બહુ ગળગળા થઈને - આભારવશ થઈને ન લે.
દાન લો તે સહજભાવે લેજો,
જો તમે દીન થઈને દાન લેશો, તો
પરમાત્મા જેવા સમર્થ પિતા અને
વસુંધરા જેવી ઉદાર માતાનું અપમાન થશે.
પ્રભુને મળવાના બે માર્ગ : એક નાનો તથા બીજો મોટો.
નાનો માર્ગ દુનિયાના સંગથી જુદા થવાનો છે,
મોટો માર્ગ ઈશ્વર તરફ વળવાનો છે.

## પ્રભુ સાથે મિલન

પ્રભુની શોધ પુસ્તકો કે પ્રવચનોમાંથી નહિ થાય,
એ શોધવા માટે તમારે ઉઘાડી આંખે જગતને જોવું પડશે.
ખિલખિલતાં બાળકો, ઝાકળમાં નહાતી ફૂલની કળી તથા

આકાશનાં રંગબેરંગી વાદળોમાં પ્રભુ રમતો દેખાશે.
વીજળી અને વાદળની ગર્જના એ પ્રભુનું રૂદ્રરૂપ છે,
મેઘવર્ષા એ પ્રભુની અમીકૃપા છે.

ઈશ્વરનો કાયદો એટલે પશ્ચાતાપ.

સાચો કાયદો પોતે જ ન્યાય કરે છે અને ખરો ન્યાય છે પસ્તાવો. એક માનવી બાળકને સજા કરે, તો એમાં ન્યાય નથી થતો, તેમ અપરાધ પણ નથી થતો.

૦ 'આત્મૌપમ્ય' એટલે પોતાની ઉપમા.

પોતાનો ન્યાય બાળક ઉપર લાગુ કરવો તે. આપણે જે પ્રકારના વ્યવહારની અપેક્ષા અન્ય પાસે રાખીએ છીએ, તે પ્રકારનો વ્યવહાર બાળક સાથે કરવો. આપણને જેવું સુખ - દુઃખ થાય છે, તેવું જ બાળકને પણ થાય છે, એ ભાન રાખીને સમત્વથી વર્તવું. - ગીતા

પ્રભુપ્રતિમા - એક અનન્ય આલંબન

ધર્મક્રિયા, ધ્યાનાદિ આરાધનાનો પ્રવાહ છે, જેના વિના સાચી શાંતિ મળે નહિ, માટે યોગસાધના જરૂરી છે. એકાગ્રતાના અભ્યાસ માટે જિનેશ્વર પ્રભુની પ્રતિમા અદ્ભુત અને અનન્ય આલંબન પૂરું પાડે છે.
વીતરાગભાવને દર્શાવતી નિરૂપાધિક અને નિર્દોષ એવી

પ્રભુપ્રતિમા ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગસાધનાની
અનન્ય ચાવી છે. ધ્યાન માટે જેટલી સાદી અને સરળ
જિનપ્રતિમાના ધ્યાનની પ્રક્રિયા છે,
તેટલી બીજી કોઈ સરળ વસ્તુ એ માટે વિદ્યમાન નથી.
જિનબિંબની આકૃતિ એ એવી ઉચ્ચમાં ઉચ્ચ અને
સરળમાં સરળ ધ્યાન પ્રક્રિયાને સૂચવનારી આકૃતિ છે.
પ્રતિમાનું રહસ્ય સમજી ધ્યાનનો અભ્યાસ કરશો, ત્યારે
જ આત્મા સ્થિર બનશે અથવા ધ્યાનાભ્યાસ જેમ જેમ
વધશે, તેમ તેમ પ્રતિમાનું પરમ રહસ્ય સમજાતું જશે.

## ૐ અર્હંનો જાપ

સિદ્ધાસન, ભૃકુટિમાં ઉપયોગ અને ૐ અર્હંનો જાપ-
એ ત્રણ વસ્તુ પણ ધ્યાનના અભ્યાસમાં ઉપકારક છે.
ભ્રમને ઓંકારબિંદુ વાંટવું, ભાલસ્થળમાં ૐ કળા અને તેના
ઉપર જે બિંદુ છે, તે સ્થાને અર્હંની કલ્પના કરવી.
ઓં બોલતાં ૐ ની કલ્પના અને અર્હં બોલતાં બિંદુમાં
ઉપયોગ જવો જોઈએ. એથી સ્થિરતા આવે છે. ઓં
બોલતી વખતે શ્વાસ લેવો અને અર્હં બોલતી વખતે
શ્વાસ મૂકવો, બીજું કાંઈ ચિન્તવવું નહિ. ભ્રમ સ્થાને
પાંચ અનુત્તર કલ્પવા, એ રીતે 'ૐ અર્હં'નું ધ્યાન કરવું.
તેમાં ધ્યાનના સર્વ પ્રકાર સમાઈ જાય છે.

વળી ૐ એટલે આર્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ.
વિષયવ્યવસ્થાને ન માનવી, તે આર્તધ્યાન છે,
તેને બદલાવવા ઉગ્ર થવું, તે રૌદ્રધ્યાન છે.
ૐ સ્વીકાર અર્થમાં છે.
તેના ઉચ્ચારણ દ્વારા વિષયવ્યવસ્થાનો સ્વીકાર થાય છે,
'સર્વજ્ઞ ત્રિગુણની રમત થઈ રહી છે' તેનું ભાન થાય છે.
એથી જે સમતા આવે છે, તેનું જ નામ છે:
આર્તરૌદ્રરૂપ અશુભ ધ્યાનનો ત્યાગ.
પછીનું અર્હંપદ ધર્મધ્યાન - શુક્લધ્યાનનું ધ્યેય બને છે.
એ રીતે આ બન્ને પદ પરમ શાંતિદાયક બને છે.
આ બધી વિચારણા ધ્યાન પહેલાં અને
ધ્યાન પછી કરવાની છે, કેમકે તે ભાવનારૂપ છે અને
ભાવનામાં ચિત્તની ચંચળતા અપેક્ષિત છે.
ધ્યાન સ્થિર મનથી કરવાનું છે. ચિન્તા-ભાવનાપૂર્વક
ચિત્તનો સ્થિર અધ્યવસાય તે 'ધ્યાન' છે. ધ્યાન વખતે
તો ફક્ત ઓંકાર અને તેમાં રહેલ અર્હંકાર જોવાનો છે.
ઓંકારના ચિત્રમાં બિંદી છે, ત્યાં અર્હંકાર ચિન્તવવાનો છે.
એક જ અક્ષરની ચિન્તવના લેવાથી એકાગ્રતા થવામાં
સરળતા રહે છે, એથી આત્મજાગૃતિ ઉત્પન્ન થાય છે.

આનંદઘનજી, દેવચંદ્રજી, હેમચંદ્રાચાર્યજી આદિ મહાન પુરુષોના વક્તવ્યોનો સંગ્રહ આમાં આપવા જાય છે.

## પ્રભુના નામનો અપૂર્વ મહિમા

નામ અને નામીનો કથંચિત અભેદ હોવાથી કોઈપણ નામ ગ્રહણ કરતાં તે નામથી વાચ્ય થતી વ્યક્તિનું સ્વરૂપ - પ્રતિમા માનસપટ ઉપર અવશ્ય પ્રકટ થાય છે.

## શ્રી જિનેશ્વર દેવનું નામ

હૃદયમાં સ્થિર થતાં અર્થાત્ વચનોની મધ્યમા અવસ્થામાં પ્રવેશતાં આરાધકને તે પરમાત્મા જાણે...

(a) ચક્ષુ વડે પોતાની સામે દેખાતા હોય (b) હૃદયમાં પ્રવેશ કરતા હોય (c) મધુર આલાપ કરતા હોય (d) સર્વ અંગોમાં અનુભવાતા હોય તથા (e) તન્મયપણાને પામી જતા હોય તેવો અનુભવ થાય છે. આ જાતના અનુભવે સકલ કલ્યાણની સિદ્ધિ થાય છે.

## નામ અને રૂપનો

આવો વિશિષ્ટ સંબંધ હોવાથી નામનો અપૂર્વ મહિમા છે. આપેક્ષાએ નામ નિત્ય અને અવિનાશી મનાય છે. નામના ઉચ્ચારણ સાથે નામીની ઉપસ્થિતિનો અનુભવ થવો, તે નામાભ્યાસની પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ લક્ષણ છે.

ભગવાનના નામના ઉચ્ચારણદ્વારા નમસ્કાર કરવાના
પરિણામરૂપ પ્રકાશ સાધકના આત્મામાં પ્રકટે છે.
ધ્યાતા સમક્ષ ધ્યેય વસ્તુસ્વરૂપે વિદ્યમાન નથી, પરન્તુ
બોધરૂપે તેની ઉપલબ્ધિ થાય છે, તેથી
ધ્યેયના વાચક પવિત્ર પદની મુખ્યતાવાળા
આલંબન દ્વારા ધ્યેય સાથે જે ઐક્ય સધાય છે, તેથી
ધ્યાતાને પદસ્થધ્યાન સિદ્ધ થાય. વૈખરીમાં વાચક તથા
મધ્યમા વાણીમાં વૈકલ્પિક પદનું આલંબન હોય છે.
તે આલંબન લઈને નિર્વિકલ્પ સુધી પહોંચવાનું હોય છે.
વૈકલ્પિક પદ મનોગત વિકલ્પરૂપ હોય છે.
તેને 'સંજલ્પ' કહેવાય છે, તે આંતરવાણીરૂપ છે અને
તેથી અવિકલ્પ દશા સુધી લઈ જાય છે.
ક્રમશઃ મંત્ર પ્રથમ વિકલ્પરૂપતા કે વિચારરૂપતાને પામે છે.
સંકલ્પના યોગથી તે વિકલ્પ અંતે
વિમર્શરૂપતા અથવા પરામર્શરૂપતાને પામે છે.
વિમર્શ - પરામર્શ તે જ તાત્ત્વિક પદ - પદમયી દેવતા છે.
વિકલ્પો અનેક પ્રકારના છે. લોગસ્સમાં નામમંત્રમય
વિકલ્પ જ ઉત્તેજક છે. સંજલ્પ અર્થભાવના સહિત હોય.
સંજલ્પ કે મંત્રના પુનઃપુનઃ ઉચ્ચારણ વડે ભાવ્યમાન
વસ્તુ સ્પષ્ટ થાય છે.

મંત્રદેવતાનું અભેદપ્રાપ્તિરૂપ પરાકાષ્ઠાને પામે, ત્યારે સંકલ્પ સ્વયં ક્ષીણ થાય છે, ભાવ્યમાન ધ્યેય વસ્તુનો સાક્ષાત્કાર થાય અર્થાત્ ભાવ્યમાન વસ્તુનું અવિકલ્પક જ્ઞાન અથવા નિર્વિકલ્પ બોધ થાય છે,

તેને જ 'દર્શનવિશુદ્ધિ' અથવા 'બોધિલાભ' કહેવાય છે. જિનેશ્વરના રૂપનો અને ગુરુનો સમ્યક્ પ્રતિભાસ અર્થાત્ સાચું અનુભવપૂર્ણ જ્ઞાન થાય છે.

સંકલ્પનો અભ્યાસ ભલેને મંત્રનું ક્રમિક માનસિક રટણ કરતો હોય તો પણ સંકલ્પથી સ્વાભાવિક રીતે અર્થનું જ્ઞાન થાય છે. અર્થના સાક્ષાત્કારનો આધાર અવિકલ્પ દશા ઉપર છે, તે સંકલ્પથી સહજ રીતે પ્રાપ્ત થાય છે.

પ્રશસ્ત વિકલ્પને ફરી ફરી ઉત્પન્ન કરવારૂપ સંકલ્પના અભ્યાસથી વિકલ્પો ક્ષીણ થતાં અંતે અવિકલ્પ દશા પ્રાપ્ત થાય છે.

નિર્વિકલ્પ સંવિત્ પશ્યંતી અવસ્થામાં હોય છે, તેથી પદની પશ્યંતી અવસ્થાને પણ પદમયી દેવતા કહેવાય છે. એ અવસ્થા બિંદુસ્થાન - ભ્રૂમધ્ય - આજ્ઞાચક્રમાં પ્રાપ્ત થાય છે.

મંત્ર જ્યારે આજ્ઞાચક્રના સ્થાને પ્રાપ્ત થાય છે, ત્યારે તે પદમયી દેવતાના તાત્ત્વિકરૂપને ધારણ કરે છે.

બિંદુસ્થાનથી જ મંત્રની નિર્ગુણ, નિષ્કલ, સૂક્ષ્મ વગેરે
અવસ્થાઓનો પ્રારંભ થાય છે.

તાત્ત્વિક મંત્ર વિમર્શસ્વરૂપ હોવાથી દેવતાસ્વરૂપ છે,
જેમકે તેમાં ઇષ્ટદેવતાની સાથે અભેદ સધાયેલો હોય છે.
તેને અવિનશ્વર નાદસ્વરૂપ માનવામાં આવ્યો છે.
તેને જ્યોતિરૂપ પણ કહેવાય છે.

મંત્રની ઉચ્ચારણ કાળની માત્રાઓરૂપ જે હ્રસ્વ, દીર્ઘ
અને પ્લુત અવસ્થાઓ છે, તેનાથી પર અન્તિમ જ્યોતિ
અવસ્થા છે. એ અવસ્થા બિંદુસ્થાનમાં પ્રાપ્ત થાય છે.

બિંદુસ્થાનમાં મંત્રનો પ્રવેશ થતાં જ
રાગ-દ્વેષ ક્ષીણ થઈ જાય છે, પ્રસાદ વધે છે અને
મંત્રની જ્યોતિરૂપતાનો આવિર્ભાવ થાય છે. મંત્ર પોતે
દેવતાસ્વરૂપને ધારણ કરે છે તથા યોગ-ક્ષેમકારી
બને છે. અહીં મંત્ર સ્વકીય પ્રકાશથી દ્યોતમાન હોવાથી
'દેવતા'રૂપ કહેવાય છે. બિંદુ અને તેના પછીની બધી
અવસ્થાઓમાં રહેલ જે નિષ્કલ અને નિર્વિકલ્પ મંત્ર-
શક્તિ - મંત્રચૈતન્ય તે જ પદમયી કે મંત્રમયી દેવતા છે.
'અક્ષર' અર્થાત્ અવિનાશી બ્રહ્મ અથવા કેવળજ્ઞાન,
શુદ્ધ આત્મસ્વરૂપ, અરિહંત, સિદ્ધ, મોક્ષ વગેરે એ અરિહંત

પરમાત્મા બ્રહ્મસ્વરૂપ હોવાથી
તદ્વાચક નામમંત્ર પણ બ્રહ્મ જ છે.
તત્ત્વથી પરબ્રહ્મ તે જ અક્ષર છે.
તેનો વાચક હોવાથી નામમંત્ર પણ અક્ષર કહેવાય છે.
બ્રહ્મ બે પ્રકારના છે: શબ્દબ્રહ્મ અને પરબ્રહ્મ.
શબ્દબ્રહ્મને જાણીને અર્થાત્ તેને શબ્દબ્રહ્મરૂપે ઓળખીને
તેને ઉલ્લંઘી જવું, તેને ઓળંગીને પરબ્રહ્મને પામવું,
એ જ દરેક મુમુક્ષુનું લક્ષ્ય હોય છે.
જેના ચિત્તમાં નામાક્ષર સદા સ્ફુરે છે, તે નામાક્ષરરૂપ
શબ્દબ્રહ્મથી પરબ્રહ્મને સહજ રીતે પ્રાપ્ત કરે છે.
મંગલમય લોગસ્સ સૂત્રમાં કહેલાં ચોવીસે તેમ જ બીજા
પણ અન્ય ક્ષેત્ર-કાળમાં થયેલા અરિહંત ભગવંતો કે જે
(૧) પંચાસ્તિકાયમય લોકનો કેવળજ્ઞાન વડે પ્રકાશ
કરવાના સ્વભાવવાળા છે. (૨) સર્વ જીવોની પોતપોતાની
જ ભાષામાં પરિણામ પામનારી અનુપમ વાણી દ્વારા
ધર્મતીર્થનું સ્થાપન કરવાના સ્વભાવવાળા છે.
(3) ઉપરાંત રાગ-દ્વેષાદિ આંતરશત્રુઓને જીતનારા છે.
કેવળજ્ઞાન જેમને ઉત્પન્ન થયેલું છે, તે સર્વને હું
નામોચ્ચારણપૂર્વક સ્તવીશ, કારણ કે નામાક્ષરરૂપ શબ્દ

બ્રહ્મને જાણીને અને ત્યારબાદ તેને સોપાનોને પરબ્રહ્મને પામવું એ દરેક મુમુક્ષુનું લક્ષ્ય હોય છે. નાભિકમળનો ષટ ચક્રોમાં શ્વાસ લઈને કુંડલિનીને જાગ્રત કરવાની હોય છે.

अभिस्तुताः = અભિમુખ ભાવથી સ્તવાયેલા,
બુદ્ધિમાં સન્નિધાન કરાયેલા, સમીપ લવાયેલા.

विधूत रजोमलाः = રજમલથી રહિત એવા
નિર્મલ સ્વરૂપને પામેલા.

प्रक्षीण जरमरणाः = કાલથી નિરવધિ બનેલા,
વાચ્ય - વાચકના અભેદથી તાદાત્મ્યભાવને પામેલા
સર્વ તીર્થંકરો મારા ઉપર પ્રસન્ન થાઓ.
રજો - તમોમલને દૂર કરનારા થાઓ.

कीर्तिताः = નામકીર્તન વડે અભિમુખ ભાવથી સ્તવાયેલા,
મન - વચન - કાયાથી પ્રયત્નપૂર્વક વંદાયેલા,
વાચ્ય - વાચકના તાદાત્મ્ય માટે માનસપૂજા કરાયેલા તથા
લોકોત્તમ સિદ્ધ થયેલા - પરબ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થયેલા.

आरोग्यबोधि = સમ્યગ્દર્શનવાળું જ્ઞાન અને વિભ્રમ કે સંશય વગરની ચિત્તસમાધિ નિર્વિકલ્પ ઉત્તમ અવસ્થા મને આપો. શબ્દબ્રહ્મની પ્રસન્નતા પછી નિર્વિકલ્પ-અનિર્વચનીય અને ચિન્મય પરંબ્રહ્મરૂપ જ્યોતિ અવસ્થા

અને જે નિર્ગુણ અને નિષ્કલ છે, તે મને આપો.
તે જ્યોતિ ઉદ્યોતમાં ચંદ્રો કરતાં વધારે નિર્મળ છે,
પ્રકાશમાં સૂર્યથી વધુ પ્રકાશ આપનારી તથા ગાંભીર્યમાં
સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ અધિક ગંભીર છે.
શબ્દબ્રહ્મ સ્વરૂપથી દુર્વિજ્ઞેય, અનંત, અપાર, ગંભીર
અને નિગૂઢ અર્થવાળું છે, તેથી દુર્વિગાહ્ય છે.
સામાન્ય સાધકની મતિ તેમાં પ્રવેશ કરી શકતી નથી.
જો શબ્દબ્રહ્મ પણ આટલું ગંભીર આદિ હોય, તો
પરબ્રહ્મ તો તેનાથી પણ પર છે, તે તેથી પણ અધિક
ગંભીરતાદિ ગુણવાળું હોય, તેમાં જરા ય શંકા નથી.
આ રીતે નામસ્મરણરૂપ બ્રહ્મ મોક્ષનું સાધન છે, કારણકે
તે કેવળજ્ઞાનરૂપ ઉપકાર કરે છે.
આવા સ્ફુરણાથી સર્વ ક્રિયાઓની સફળતા થાય છે.
તદનુસાર આ ક્રિયા પણ મને સિદ્ધિ યાને મોક્ષને આપો.

## પાંચ પ્રકારની ઉત્તમ ઇચ્છાઓ

(1) જીવવાની - ધર્મ કરવાની (2) જાણવાની - જાણીતું જીવવાની. (3) સુખ ભોગવવાની - મળ્યું છે, તેમાં સંતોષ માનવાની. (4) સ્વાધીનતા - અજ્ઞાનીને આધીન ન થવાની. (5) પરાધીનતાથી છૂટવાની - જ્ઞાનીને પરાધીન રહેવાની.

દુષ્કૃતગર્હા = સાચા અર્થમાં દુષ્કૃત અંતરથી નિંદન.
સુકૃતાનુમોદના = સાચા અર્થમાં સુકૃતઅંતરથીનો પરિણામ.
ગર્હા = ન કરવાની ઇચ્છા, અનુમોદના = કરવાની ઇચ્છા.
દુઃખાદ કૃતં ઇતિ દુષ્કૃતં । સુખાદ કૃતં ઇતિ સુકૃતં ।

આત્માના દુઃખને માટે થાય, તે દુષ્કૃત.

આત્માના સુખને માટે થાય, તે સુકૃત.

પરને પીડા તે દુઃખદાયક છે, માટે ત્યાજ્ય છે.

સ્વ-પરને હિત તે સુખ માટે છે, તેથી ગ્રાહ્ય છે.

સુખ જેનાથી થાય, તેના ઉપર પ્રેમ.

તે પ્રેમ કરવા લાયકનું ઉલ્લસવું - પ્રકટવું, તે સુકૃત.
હાલ પ્રેમ પુદ્ગલ ઉપર છે, તેથી તે પુદ્ગલ દ્વારા
પ્રેમનું સ્થાન આત્માને બનાવવાની ક્રિયા, તે ધર્મ છે.
વિશ્વપ્રેમ અર્થાત્ સર્વાત્મભાવ તે પ્રેમની પૂર્ણતા છે.

કાળના પણ મહાકાળ ભગવાન છે, તેથી

કાળની ફાંસમાંથી જેણે પણ બચવું હોય, તેણે મહાકાળના
શરણે જવું જોઈએ. પ્રેમ એટલે એકરૂપતા. પુદ્ગલ
સાથે કદાપિ પૂર્ણ પ્રેમ થઈ શકતો જ નથી.

પૂર્ણ પ્રેમ ચૈતન્ય સાથે જ થઈ શકે છે.

ચૈતન્ય જ ચૈતન્યમાં ભળી શકે છે.

જડ સાથે ચૈતન્યનો તાદાત્મ્ય સંબંધ થઈ શકતો નથી.
અદ્વૈત - અભેદ અને તાદાત્મ્ય તો જીવની સાથે જ
થઈ શકે છે. પરમાત્મા સર્વ જીવની સાથે ભાવથી
અભિન્ન છે, તેથી તેમની સાથે જ પૂર્ણપણે અભિન્ન
ભાવ અનુભવી શકાય. જિનશાસન એ વિશ્વશાસન છે,
તેના અંદર જીવે રહેવું રહ્યું,
તેણે જિનની સાથે અભેદ સંબંધ સાધવો જ રહ્યો.
ભારતની સાથે મારાપણાનો સંબંધ છે, તે ભારતીય છે,
જિનની સાથે મારાપણાનો સંબંધ છે, તે જૈન છે.

## જિનનું શાસન - આસ્થા ક્યાં નથી?

જ્યાં ક્યાંય પણ જિનાજ્ઞાનો ભંગ છે, ત્યાં તેના શિક્ષા
થાય જ છે, તેથી જિનશાસન વિશ્વવ્યાપી છે, તેની સાથે
તાદાત્મ્ય સાધવું, એ પ્રાણીમાત્રનું કર્તવ્ય છે. તેમાં જ
તેનું હિત છે. સર્વહિતકારી શાસનની અવગણના કરી સુખ
મેળવવું આકાશકુસુમવત્ છે. જિનનો સંબંધ છોડીને
સુખ સાથે સંબંધ સ્થાપિત કરવો અશક્ય છે, તેથી
સુખના અર્થીએ સુખના નિધાન સમા પાંચે પરમેષ્ઠિઓને
પોતાનું સર્વસ્વ સમર્પણ કરવું જોઈએ અને
તે સ્વભાવરૂપ પણ બનવું જોઈએ.

વિશ્વના કોઈપણ સ્થાને જો જિનશાસનની ગેરહાજરીની માન્યતા જ ભ્રમરૂપ છે. રાજાની ગેરહાજરીથી રાજ્યમાં જેમ અંધકાર વ્યાપી જાય છે અને રાજાની હાજરીથી સમગ્ર રાજ્યમાં શાંતિ છવાઈ જાય છે, તેમ વિશ્વના પ્રભુ અરિહંત અને વિશ્વમાં તેમની આજ્ઞાનું સામ્રાજ્ય જ વિશ્વમાં વસતાં પ્રાણીમાત્રને આશ્વાસનનું સ્થાન છે. પ્રકાશની ગેરહાજરીમાં અંધકાર અનુભવાય છે, તેમ વિશ્વના કોઈપણ ખૂણામાં આર્હન્ત્યની ગેરહાજરીની માન્યતા જ ભ્રમરૂપ છે. એમના સાર્વભૌમત્વનો વિચાર અને સ્વીકાર આશા અને આશ્વાસનનું એક કિરણ છે. પ્રકાશના કિરણને તેના મૂળસ્ત્રોતથી વિછૂટું પડ્યા પછી જેવી સ્થિતિ થાય છે, તેવી જ સ્થિતિ આ સંસારમાં આર્હન્ત્યની શ્રદ્ધાથી રહિત જીવની થાય છે, સર્વત્ર અંધકાર અને અશુભ દેખાય છે. શુભની ગેરહાજરીની માન્યતા જ ભ્રમરૂપ છે, તેથી પરમ શુભ, સર્વના શુભરૂપ અને હિતકારક એવા આર્હન્ત્યની શ્રદ્ધા - વિશ્વાસથી જીવ જ્યારે વંચિત થાય, ત્યારે તે અસહાયતા અનુભવે છે. આર્હન્ત્યને સાચી રીતે ઓળખવા માત્રથી જ ભ્રમ અદૃશ્ય થઈ જાય છે. આર્હન્ત્યનો પ્રકાશ ત્રાણરૂપ છે.

એ પ્રકાશમાં જીવન જીવનાર નિર્લેપ છે. એ પ્રકાશ
પરમ પ્રેમરૂપ છે, જે સમગ્ર વિશ્વને પોતામાં સમાવી લે છે.
શુદ્ધ ઔદયિકભાવોમાં નહિ પણ ઉપશમ ભાવમાં છે,
ક્ષયોપશમ ભાવમાં રહેલું છે.

ગુરૂજનોની દયા અને ગરીબ - ગુરબાંની દુવા
આ દુનિયામાં મોટામાં મોટી સમૃદ્ધિ છે.

બીજાને સુખી જોઈને સુખી થવું - તે પ્રેમ. બીજાને
દુઃખી જોઈને દુઃખી થવું - તે છે કરૂણા કે કર્મપ્રેરણા.
ભલાં કામ કરવાની કરૂણાદિ જ કરૂણા વધે છે,
બદલાની આશાદિ નહિ. અદ્વૈત ફેલાવવા માટે શું કરવું?
ભૂતદયા વિસ્તારવી।
સૌમાં ભૂતદયાનો વિસ્તાર કરું, તો એ અદ્વૈત થશે.
અભેદ - અદ્વૈતાદિ ઓઘ ભાવના શાસ્ત્રોને માન્ય નથી.
સમાનતા મત્સરમૂલક નહિ પણ કરૂણામૂલક જોઈએ.

'દાની' તેને કહેવાય કે જે
પોતાના દ્રવ્યનો અમુક ભાગ બીજા માટે ખર્ચે છે.
'ત્યાગી' તેને કહેવાય કે જે પોતાનું કશું જ માનતો નથી.
જેણે શરીર, મન, વચન અને બધાં કર્મો
તથા અહંભાવનો ત્યાગ કર્યો હોય છે.

० धर्मज्ञो धर्मकर्त्ता च सदा धर्मपरायणः ।
सत्त्वेभ्यो धर्मशास्त्रार्थदेशको गुरुरुच्यते ॥

० धर्मनिरपेक्ष-राज्य। धर्मेण हीनाः पशुभिः समानाः ।

० धर्मेण हन्यते व्याधिर्धर्मेण हन्यते ग्रहः ।
धर्मेण हन्यते शत्रुर्यतो धर्मस्ततो जयः ॥१॥

० धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।
यतोऽभ्युदय-निःश्रेयससिद्धिः स धर्मः ॥ (પરિશિષ્ટ-૧૧)

## કેવી રીતે શરણું જવાય ?

સદ્ગુણને સ્વીકારવાથી સાચી ગર્હા થાય છે,
ભગવાનને સ્વીકારવાથી સાચી અનુમોદના થાય છે.
ભગવાનભાવનાં પૂર્ણ સ્વીકાર વડે
સદ્ગુણનો સ્વીકાર, દુઃખ સ્વીકાર શરણું જવાય છે.

० માયાનું બળ ક્યાં સુધી ? ભાન નહિ થતું ત્યાં સુધી.
'બ્રહ્મ સત્ય - જગત મિથ્યા.' આ ભાન જ પૂરતું છે.
તે ભાન કરાવવા માટે જ સકલ શાસ્ત્રનો વિસ્તાર છે.
'તું' સત્ય - 'હું' નહિ. તું = બ્રહ્મ. હું = અસત્ય.
ચેતનાના વિકાસમાં વિઘ્ન નથી કષાય બાધક છે.
વિઘ્ન અસંયમ રૂપ છે, તેનું નિવારણ સંયમથી છે.
કષાય વૃત્તિઓમાં થાય, જે વૃત્તિનિરોધરૂપ તપથી જીતાય.

વૃત્તિનિરોધ તે તપ. સદાચાર સંયમ-તપને આવરી લે છે,
સદાચારનો એક પ્રકાર તપરૂપ છે.
તપથી પૂર્વસંચિત જાય છે, સંયમથી ક્રિયમાણ રોકાય છે.
અશુદ્ધ પ્રવૃત્તિઓનું નિવારણ સંયમથી થાય છે અને
અશુદ્ધ વૃત્તિનું નિવારણ તપથી થાય છે.
આંતરચેતનાનો વિસ્તાર એટલે જ્ઞાનાદિ ગુણોનો વિકાસ.
જ્ઞાનગુણનો વિસ્તાર એટલે સુખ એ
ધન-સંપત્તિમાં નહિ પણ ગુણસંપત્તિમાં છે, એવો વિવેક.
દર્શનગુણ એ વિવેકને સુદૃઢ કરાવે છે તથા
ચારિત્રગુણ એ વિવેકાનુસાર જીવનનું ઘડતર કરે છે.
ધર્મનું પ્રથમ પગથિયું જ્ઞાન,
બીજું પગથિયું દર્શન અને ત્રીજું પગથિયું ચારિત્ર છે.
જ્ઞાન આત્માનું, દર્શન આત્માનું, ચારિત્ર આત્મરમણતાનું
તે ધર્મ ત્રણ પ્રકારોથી ઉપલક્ષિત છે.
એક અહિંસામાં આત્માના ત્રણે ગુણ આવી જાય છે.
સંયમ-તપ અહિંસાના જ વિધાયક-નિષેધક સ્વરૂપ છે.
બાળજીવને પ્રથમ ધર્મકથામાં પ્રીતિ ઉપજાવવી જોઈએ,
પછી ધર્મમાં સ્થિરતા, દૃઢતા અને ભક્તિયુક્તતા જાણીને
શક્તિ મુજબ તેને પચ્ચક્ખાણ કરાવવું જોઈએ.

## એક ઉપવાસ બરાબર કઈ કઈ રીતે થાય ?

બાળજીવને તપમાં સૌ પ્રથમ તો રાત્રિભોજનનો ત્યાગ અને તિવિહાર - દુવિહારનું પચ્ચક્ખાણ કરાવવું જોઈએ. ૪૫ નવકારસી, ૨૪ પોરિસી, ૧૨ પુરિમઢ્ઢ, ૧૦ અવઢ્ઢ, ૩ નીવી, ૪ એકાસણા, ૨ આયંબિલ અથવા ૧ આયંબિલ શુદ્ધપણે કરવાથી એક ઉપવાસ થાય છે.

## કોનું એક જ આયંબિલ માસક્ષમણથી પણ અધિક ?

આર્તધ્યાન - રૌદ્રધ્યાન અને વિકથાથી રહિત સ્વાધ્યાયમાં એકાગ્રતાવાળા ચિત્તવાળાનું એક જ આયંબિલ માસક્ષમણથી પણ અધિક છે. એ રીતે ગણતરી ગણાને જ્યારે જાણે કે આટલા પ્રમાણના તપોપધાનથી પંચાંગાદને યોગ્ય બને છે, ત્યારે તેને ઉપયોગપૂર્વક ભણાવે, અન્યથા નહિ.

## તત્ત્વ ચતુર્ધા

(૧) તત્ત્વરૂચિ = તત્ત્વમાં રતિ, તત્ત્વમાં સ્થાયીભાવ.

(૨) તત્ત્વબોધ - પ્રકાશ = વિભાવ,

આલંબન : પ્રભુમૂર્તિ. ઉદ્દીપન : પ્રભુ - આગમ - સંત.

(3) તત્ત્વપરિણતિ = અનુભાવ - ચારિત્ર.

(૪) કર્મ નિર્જરા = સંચારિભાવ - તપ.

સંઘટ્ટન પરિતાપનાદિ દૂર કરવારૂપ અનાશ્રવ - સંવર થાય છે
અથવા ક્ષયોપશમ સધાય છે.

વિષયવૃત્તિ - કષાયવૃત્તિ ઉપર વિજય પ્રાપ્ત કરવાની
પુરુષાર્થરૂપ આત્મસામર્થ્યશક્તિ વડે
જીવોને પરિતાપના આદિ ન આપવાની ક્રિયા છે.
જીવો ઉપર અહિંસાનો પરિણામ આવ્યા વિના
વિષય - કષાય જીતી શકાતા નથી, એ માર્ગ છે.

'સંવેગરંગશાળા'ના શ્લોકો

आयहिय परिन्ना भावसंवरो नव नवो य संवेगो।
निक्कंपया तवो भावणा य परदेसियत्तं ॥१२२७॥ અર્થાત્:
આત્મહિતપરિજ્ઞા, ભાવસંવર, નવનવસંવેગ - મોક્ષાભિલાષ,
નિષ્પ્રકંપતા - સ્થિરતા - નિર્ભયતા, તપ (સ્વાધ્યાય), ભાવના
વડે સમાધિમરણ, ધર્મદેશના વડે પરાર્થકરણ - પરોપકાર.

० बारसविहम्मि वि तवे सब्भिन्तरबाहिरे कुसलदिट्ठे।
नवि अत्थि नवि य होही सज्झायसमं तवो कम्मं ॥

० सज्झायभावणाए य भाविया होंति सव्व गुत्तीओ।
गुत्तीहिं भावियाहिं मरणे आराहओ होइ ॥

० आयपर समुत्तारो[1] आणा[2] वच्छल्ल[3] दीवणा[4] भत्ती[5]।
होइ परदेसियत्ते[6] अव्वोच्छित्ती य तित्थस्स ॥
॥१२४४॥ ॥१२४५॥ ॥१२४६॥ (પરિશિષ્ટ-૧૨)

સેવાડી, ફાગણ સુદ ૧૨, સોમવાર, તા. ૮/૩/૯૨

ઉપધાન તપ શા માટે કરવું? સમ્યગ્જ્ઞાન વડે દર્શનશુદ્ધિ, દર્શનશુદ્ધિ વડે આત્મસમદર્શિત્વ, તે વડે અનન્તાનુબંધી કષાયચોકડીનો - તીવ્ર રાગદ્વેષનો અભાવ, ક્ષયોપશમ કે ઇંદ્રિયોનું દમન અને કષાયોનો નિગ્રહ અર્થાત્ વિષય - કષાય ઉપર વિજય. ચોથું ગ્રન્થિભેદ - સમ્યક્ત્વલાભ - જીવાદિ પદાર્થ પરિજ્ઞાન, સર્વજ્ઞ અપ્રતિબદ્ધતા, અજ્ઞાનમોહ - મિથ્યાત્વનો ક્ષય, વિવેક, હેયોપાદેય વસ્તુવિચારમાં અકુંઠબદ્ધલક્ષ્યતા, અહિત પરિત્યાગ - હિતકાર્યોદ્યમ, પવિત્ર - ઉત્તમ એવા અહિંસા લક્ષણ દશવિધ યતિધર્મ કરવા - કરાવવામાં આસક્તચિત્તતા, ઉત્તમ ક્ષાન્તિ, માર્દવ, આર્જવ, બાહ્યાંતર સર્વ સંગ પરિત્યાગ, બાહ્યાંતર અતિ ઉગ્ર - ઘોર - વીર - કષ્ટકર તપ ચારિત્રાનુષ્ઠાનમાં રક્તતા, સત્તર પ્રકારના સંયમાનુષ્ઠાન પરિપાલનમાં બદ્ધૈકલક્ષ્યતા, સર્વોત્તમ સત્યોદ્ધિરણ, છ જીવનિકાયહિત, અનિગૂહિત બલ - વીર્ય તથા પરાક્રમ, પુરિસક્કાર પરિતોલનપૂર્વકના સર્વોત્તમ સ્વાધ્યાય - ધ્યાનરૂપી જલ વડે પાપકર્મમલનું પ્રક્ષાલન થાય છે, તે કારણે ઉપધાન તપ કરવું જોઈએ.

## ઉપધાન તપમાં સમાવિષ્ટ છે...

(૧) એક લાખ નવકાર (૨) ૮૦૦૦ લોગસ્સ
(૩) ૧૫૦૦ શક્રસ્તવ (૪) ૯૦૦૦ ખમાસમણા
(૫) ૧૬૦૦ વાંદણા (૬) પ્રતિક્રમણ, પ્રતિલેખનાદિ.

## પ્રેમનો પરિપાક આનંદ

પ્રેમમાં પ્રીતિ હોવાથી તેનો પરિપાક આનંદમાં પરિણમે છે.
પ્રીતિ એ જળની જેમ સ્વચ્છ છે, પ્રવાહી છે, સક્રિય છે.
સ્નેહ એ સ્નિગ્ધ છે, તેમાં ચીકાશનું તત્ત્વ
હોવાથી મેલ ચોંટે છે, ડાઘ પડે છે, આગ પણ લાગે છે.
જળ આગને ઠારે છે, ડાઘને દૂર કરે છે, મેલ હોય
તો પણ તેને ધૂએ છે અને સ્વચ્છ કરે છે.
જેમ જળ તૃષાતારિ છે, દાહ હરે છે, પંકને ધૂએ છે,
તેમ પ્રેમ એ વિષયતૃષા, કષાયદાહ, કર્મમેલને હટાવે છે.
સ્નેહમાં સદ્ભાવ છે પણ થોડી ભેદબુદ્ધિ રહી જાય છે.
સ્નેહરાગમાંથી છૂટવાને માટે સ્નેહભાવ સહાયક છે.
સ્નેહભાવથી સ્નેહરાગ દૂર થયે જે રહે છે, તે વિશુદ્ધ
પ્રેમ છે - પ્રીતિ છે - પ્રણિધાન - આનંદ અભિવ્યક્તિ છે.
પ્રેમના અસ્તિત્વમાં અભેદભાવ હોવાથી અને
તે અનંતવીર્યનો પરિપાક હોવાથી આનંદમય છે.

રાગ, પ્રેમ અને શક્તિના અગાધ કૂવામાંથી
જેટલું લેવાય, તેટલું ઊંચકી લ્યો.

સંસાર પ્રત્યે કેટલાકની દૃષ્ટિ ઉપયોગિતાની,
તો કેટલાકની દૃષ્ટિ ઉપભોગની હોય છે.
utilityની પ્રધાન દૃષ્ટિ વેપારીની હોય છે અને
ભોગ enjoymentની દૃષ્ટિ મુગ્ધ પ્રેમીની હોય છે.
વેપારીની ગણતરી એક જ હોય છે : પોતાને શું મળે છે?
કિન્તુ પરમયોગી તો
અન્યનાં સુખ-દુઃખને પોતાનાં જ સુખ-દુઃખ ગણે છે.
આત્મસમાન સર્વત્ર જે દેખે સમબુદ્ધિ,
જે આવે સુખ કે દુઃખ, તે યોગી શ્રેષ્ઠ મનાય.

હઠયોગાદિ સાધનાઓ દ્વારા સમાધિની સ્થિતિએ પહોંચી
શકાય પણ સહજ સ્થિતિ ગુરુની કૃપાથી અને ભક્તિની
તન્મયતાથી અચાનક ક્ષણમાં જ માનવને પ્રાપ્ત થતી હોય છે.
સહજ સમાધિ સ્થિતિ એટલે... (૧) ચાલવું એ પરિક્રમા.
(૨) કામકાજ કરવું એ ભક્તિ. (૩) શયન એ પ્રણામ.
(૪) બોલવું એ જપ. (૫) ખાવું-પીવું એ ક્રિયાકાંડ.
ભીતરમાં વાયુ સંચરિત રહે અને મન સુસ્થિર બને
એવી સ્થિતિમાં જો પરમતત્ત્વનું ધ્યાન ધરવામાં આવે,
ત્યારે સુરત-નિરતનો મેળો થાય છે.

દેહ એ આત્માનું ઘર છે અને
એ દ્વારા જ આપણે આત્માને પામી શકીએ છીએ.
મુક્ત પુરુષો પણ એ રીતે જ આ સંસારનો ઉપયોગ
કરે છે. આવા લોકો જ સ્થિતિને શાશ્વત કરી શકે છે.
તીવ્ર ઇચ્છાશક્તિ પણ ત્યારે ઉત્પન્ન થાય,
જ્યારે પ્રયોગમાં શ્રદ્ધા અને વિશ્વાસ હોય.
મૂળ પરમાત્મા છે અને એની જ પ્રતિષ્ઠા કરે છે.
પરમેશ્વર સત્ય છે, સત્ય એ જ પરમેશ્વર છે.

વાસનાનાં ૬ પ્રકાર

(૧) બાહ્ય વિષયવાસના = કંચન - કામિનીનો રાગ.
આંતરવિષયવાસના = કષાય - મૂર્છા - મમત્વ.
(૨) નિર્વિષયવાસના = મૈત્ર્યાદિ.
(3) દેહવાસના (૪) શાસ્ત્રવાસના (૫) લોકવાસના.
(૬) જ્ઞાનવાસના = વિચાર અને વિવેક દ્વારા પ્રાપ્ત.
આત્મસાક્ષાત્કાર સ્થિર સમાધિ વડે,
અપરવિદ્યા વિવેક અને સદ્વિચાર વડે તથા
પરાવિદ્યા એ જ્ઞાનબળ અને સમર્પણ વડે ઉદય પામે.
૦ નમ્રતાની મહત્તા શું છે? કલ્પના માટે પણ નમ્રતા,
આભાર જતાવવા - સંરક્ષણની પ્રાર્થના માટે પણ નમ્રતા.

દુઃખનાં સાધન ઉપર દ્વેષ, સુખનાં સાધન ઉપર રાગ.
રાગ અને દ્વેષ - સ્થિર સમાધિથી ટળે.

૦ સારી ટેવનો અભ્યાસ કરતાં રહેશો,
તો ક્યારેક શ્રદ્ધાનો સ્પર્શ અજાણી પેઠે થઈ જશે,
કરુણાને લગાવને આપણે સ્વીકાર કર્યો છે.
જેઓ દુઃખ ખડા કરે છે અને રાહ જુએ છે,
તેઓ પણ એક રીતે તો સેવા જ કરે છે.

ઊભા રહેવું એટલે...
પોતાની મજબૂરી પર, આધ્યાત્મિક પાયા પર ઊભા રહેવું.
બુદ્ધૌ શરણમન્વિચ્છ | શરણું ઈચ્છો બુદ્ધિનું.
ભલે સર્વસ્વ ચાલ્યું જાય, બુદ્ધિ ન જવા જોઈએ.
શુદ્ધ ચિન્તન કરીને નિર્ણય કરો.
વ્યક્તિગત અહંકાર છોડીને
'આપણે બધાં એક છીએ'
એવી ભાવના કરીને વ્યવહાર કરવો.
પરદાં નાટકની જેમ નકલ પણ કરી શકાય.
'હું હરિશ્ચંદ્ર છું' એ પાઠ
સરખી રીતે સદા કરવાથી પણ હરિશ્ચંદ્ર થવાય છે.

૦

Faith may touch a hope unaware.

સતી = પોતાના પતિને છોડી સર્વ પુરુષોને પુત્રવત્ ચાહે.
મહાસતી - સાધ્વી = સર્વ પુરુષોને પોતાના પુત્રવત્ ચાહે.

ગૃહસ્થ બ્રહ્મચારી = પોતાની પત્નીને છોડીને
આ જગતની સર્વ સ્ત્રીઓને માતૃવત્ ચાહે.

પૂર્ણ બ્રહ્મચારી = સર્વ સ્ત્રીઓને માતૃવત્ જુએ.

સતીને દેહનો સંબંધ માત્ર પતિની સાથે હોય, પતિને છોડીને સર્વ પુરુષોની સાથે આત્માનો સંબંધ હોય છે. મહાસતીને સર્વ પુરુષો સાથે આત્મત્વનો સંબંધ હોય છે. એ રીતે ગૃહસ્થને દેહનો સંબંધ સ્વસ્ત્રી સાથે હોય છે, બાકી બધી સ્ત્રીઓની સાથે આત્મિક સંબંધ હોય છે. દેહના પ્રેમનો વિષય સ્વપરિણીત સાથે અને આત્મપ્રેમનો સંબંધ સર્વ જીવની સાથે તે ગૃહસ્થધર્મનો પાલક છે. જેઓ પરિણીત નથી પણ પૂર્ણ બ્રહ્મચારી છે, તેઓને સર્વની સાથે અધ્યાત્મ સંબંધ હોય છે. દૈહિકવાસનાનો ત્યાગ સર્વ સ્ત્રી - પુરુષવિષયક હોય, તે શ્રમણ - શ્રમણી અથવા નૈષ્ઠિક બ્રહ્મચારી ગણાય છે. આત્મપ્રેમનો નકાર કોઈની સાથે નહિ પણ સ્વીકાર સર્વની સાથે હોવો, તે ધર્મનું મૂળ કારણ છે. દેહનો પ્રેમ ત્યાગબુદ્ધિ અને આત્માનો પ્રેમ ઉપાદેય બુદ્ધિ હોવો જોઈએ.

Dt : 22/4/71

मिच्छामि दुक्कडं । इहेदं प्रमादाचरितं क्षमितव्यं ।
न पुनरित्थमाचरिष्यामीति ।

अर्थात् : मारूं आ दुष्कृत-प्रमादाचरण छे, तेनी क्षमा आपो.
फरीवार आ प्रमाणे हुं नहि करूं.
'मिथ्या दुष्कृत'नो आ अर्थ छे.

फरी न करवानी बुद्धिपूर्वक जे क्षमापना मांगवामां आवे, तेने शास्त्रीय भाषामां 'मिच्छामि दुक्कडं' कहेवामां आवे छे. सारूं करवानी बुद्धि होवा छतां खोटुं थई जाय तो तेनाथी पाछा फरी जवा अने फरी तेम न करवा माटे जे करवामां आवे, तेने प्रतिक्रमण-प्रायश्चित कहेवाय छे.

गुरुपासे पडिक्कमणुं भाख्युं, पाप तणुं अणुकरण रे, शास्त्रभाषा तणो अभ्यासे, तेहनो अर्थ धरवुं रे.. (१)

० निर्गुणो(१) निष्क्रियो(२) नित्यो(३) निर्विकल्पो(४) निरंजनः(५) ।
निर्विकारो(६) निराकारो(७) नित्यमुक्तोऽस्मि(८) निर्मलः(९) ॥१॥

० बुद्धेः फलं तत्त्वविचारणं च
वाचः फलं प्रीतिकरं नराणां ।
देहस्य सारं व्रतधारणं च
वित्तस्य सारं किल पात्रदानं ॥१॥ (परिशिष्ट-१३)

The guru who represents Divine attributes and glory and who has attained the summum bonum (The highest good in Latin) of spiritual sadhana & lasted the Divine bliss, knows the aspirant's heart, his real nature and acts as his alarm clock to the disciples who are caught in the deep sleep of ignorance meaning અજ્ઞાન - નાશ.

૦ ભવન્તિ મંત્રયોગસ્ય ષોડશાંગાનિ નિશ્ચિતમ્ ।
યથા સુધાંશોર્જાયન્તે કલાઃ ષોડશ શોભનાઃ ॥૧॥
ભક્તિઃ[૧] શુદ્ધિ[૨]શ્ચાસનં[૩] ચ પંચાંગસ્યા[૪]ઽપિ સેવનમ્ ।
આચાર[૫]-ધારણે[૬] દિવ્યદેશ[૭]*સેવનમિત્યપિ ॥૨॥
પ્રાણક્રિયા[૮] તથા મુદ્રા[૯] તર્પણં[૧૦] હવનં[૧૧] બલિઃ[૧૨] ।
યાગો[૧૩] જપ[૧૪]સ્તથા ધ્યાનં[૧૫] સમાધિ[૧૬]શ્ચેતિ ષોડશ ॥૩॥

*દિવ્યદેશ = નાભિ, હૃદય, મૂર્ધાદિ આંતરદેશ. ઘટ, પટ, કાષ્ઠ-પાષાણની મૂર્તિઓ-યંત્ર, સ્થંડિલ આદિ પવિત્ર ભૂમિઓ.

(પરિશિષ્ટ-૧૪)

## મનને મનાવે તે માનવ.

મન મનાવવાનું છે માલિકને, માલિક છે ઈશ્વર - શુદ્ધ જીવ.
સ્વ ઈન્કાર = પાપપ્રતિઘાત. અર્હંસ્વીકાર = ગુણબીજાધાન.
નમસ્કારમાં સ્વનો ઈન્કાર - સર્વ કે સત્નો સ્વીકાર છે.
પરમ તત્ત્વ તે શુદ્ધ જીવ છે, જ્ઞાતઈશ તત્ત્વ છે.
અપરમ તત્ત્વ તે પુદ્ગલ મિશ્ર જીવ - જ્ઞાત તત્ત્વ છે.

## મન - મનન - જીવન

(૧) મન જગાડે તો મનન જગાડે. મનનો સંબંધ મંત્ર સાથે છે, તેથી મન ન જગાડે તે માટે મંત્રની જરૂર છે.
(૨) મનન જગાડે તો જીવન જગાડે. મનન ન જગાડે તે માટે શાસ્ત્રની જરૂર છે. બુદ્ધિનો સંબંધ શાસ્ત્ર સાથે છે.
(૩) જીવન જગાડે તો તેની માઠી અસર જગતને થાય. જીવન ન જગાડે તે માટે ભક્તિની જરૂર છે. આત્માનો સંબંધ પરમાત્મા સાથે છે, પરમાત્માની ભક્તિ સાથે છે તથા આત્માનો સંબંધ પરમાત્માના નામ સાથે પણ છે.
માનવભવનું અમૃત તે સદ્ભાવ - અભેદાનુભૂતિ છે.
સદ્ભાવની પ્રભાવનાનું કેન્દ્ર માનવનું મન છે.

o

Faith = Aspiration, rejection, surrender.
Faith is belief and trust in God.

## સ્વયંને સાધે તે 'સાધુ'

'સાધુ' શબ્દ સ્વભાવને માટે કેટલો સુંદર શબ્દ છે?
'સ્વયં' એટલે પાસે રહેવાવાળો એટલે આત્મા.
તત્ત્વથી પરમાત્મા છે, સાધ્ય છે, તેને સાધે એટલે
હરપળને માટે આત્માનો સંપર્ક રાખે, સત્સંગ રાખે
તથા સામ્ય રાખે, તેનું નામ 'સાધુ' છે.
એ વસ્તુને સમજમાં લાવવાથી ઘણો-ઘણો આનંદ થાય.
સાધુને પામવાથી સર્વ કાંઈ પામ્યાનો આનંદ થાય છે.

'જ્યોતિરૂપં મહાદેવમ્ લોકાલોકપ્રકાશકમ્ ।'
અર્થાત્: આત્મા પોતે જ્યોતિરૂપ, આનંદમય
અને લોકાલોક પ્રકાશક છે.

## સ્વાધ્યાય સુધામૃત

વાચનામાં વસ્તુનિષ્ઠ - દ્રવ્યનિષ્ઠ ઉપદેશ મેળવાય.
અનુપ્રેક્ષામાં વ્યક્તિલક્ષી - આત્મલક્ષી ઉપદેશ મેળવાય.
પૃચ્છનામાં વ્યષ્ટિ માટે ગણિત, ધર્મકથામાં સમષ્ટિ માટે ગણિત.
વાચના સમ્યગ્જ્ઞાનની વિશુદ્ધિમાં સહાયક છે.
પૃચ્છના સમ્યગ્દર્શનની વિશુદ્ધિમાં સહાયક છે.
અનુપ્રેક્ષા કેવળજ્ઞાન મેળવવા માટે સહાયક છે.
ધર્મકથા કેવળદર્શન મેળવવા માટે સહાયક છે.

વાસના અને પુદ્ગલના lower dimensionને
અનુપ્રેક્ષા અને ધ્યાનકાળના higher dimensionમાં
પરિવર્તન કરનાર કે પલટનાર 'પરાવર્તના' છે અને
તે પરાવર્તના સમ્યક્ ચારિત્રમાં સહાયક છે.
ચારિત્ર Helper into movement.

Bombay, Dt. 23-4-71

Aspirations & inspirationsનો સૂક્ષ્મભેદ

અરિહંત-સિદ્ધ = Objective supreme science
તેમાંથી જે પ્રાપ્ત થાય, તે છે Aspirations.
પોતાના higher આત્મતત્ત્વમાંથી
જે પ્રાપ્ત થાય, તે inspirations. આ બન્નેની
મધ્યની જગ્યા તે અંતરાત્મા-Consciousness છે.
આવી અંતરાત્મામાં પ્રાપ્ત થયેલા Aspirations &
inspirationsને Subjective subconscious
(પોતાનું અંતરમન - કર્મપ્રકૃતિ)માં તથા objective
subconsciousમાં મોકલવાથી Subjectively
કર્મ નિર્જરા, આત્મવિશુદ્ધિ પ્રાપ્ત થાય અને
objectively જગતના જીવોને અહિંસાત્મક સુગમ
બને તથા વિશ્વપ્રકૃતિનો વિકાસ થાય. - Kiran

## ૪ અનુયોગનો ક્રમ

અધ્યાત્મમાર્ગ સુગમ બને તે નવકારની આરાધનાનું, પરમ કરુણાવંત શ્રી જિનેશ્વર દેવ પ્રત્યેની ભક્તિનું એક આંશિક ફળ છે.

વાચના, પૃચ્છના તથા પરાવર્તનાથી દ્રવ્યપરિશ્રમ અનુપ્રેક્ષારૂપી ભાવસ્વાધ્યાયમાં પરિણમે છે અને અંતે તેમાંથી જ ધર્મકથા પ્રગટે છે.

પ્રથમ દ્રવ્યાનુયોગ, પછી ગણિતાનુયોગ, પછી ચરણકરણાનુયોગ અને છેલ્લે કથાનુયોગ - એ ક્રમ છે.

## જ્ઞાન - જ્ઞાનીનો અભેદ

'અરિહંતના જ્ઞાનમાં આપણે છીએ'

એ જ્ઞાન જો આપણને રહે, તો આપણા જ્ઞાનમાં પણ વિષયતા સંબંધથી અરિહંતો છે.

જ્ઞાન - જ્ઞાનીનો અભેદ છે, તેથી કેવળજ્ઞાનને સ્વીકારનાર અને સદ્દહનાર પ્રત્યેકને અરિહંતાદિની સાથે પોતાનો અંતરંગ સંબંધ સમજાય અને અનુભવાય છે. એ સંબંધનું જ્ઞાન તેને ભાવથી નિરંતર અરિહંતોના સંપર્કમાં રાખે છે અને ભાવથી અરિહંતોના અત્યંત નિકટ સંબંધમાં રહેનારાના ભાવશત્રુઓ નાશ પામે છે,

જ્ઞાનાદિ અનંતગુણો સહજ સ્વભાવથી પ્રગટ થાય છે.
કર્મક્ષયનું અનન્ય સાધન હૃદયમાં થતું અરિહંતોનું પ્રણિધાન છે.
પ્રકાશ અને અંધકારને સહઅનવસ્થાન લક્ષણવિરોધ છે,
તેની જેમ સૌના હૃદયમાં અરિહંતોનું અવસ્થાન અને
મિથ્યાત્વ-અજ્ઞાનાદિ કર્મબંધના હેતુઓને પણ પરસ્પર
સહઅનવસ્થાન લક્ષણવિરોધ છે. અરિહંતો ઉપદેશથી
તેમની આજ્ઞાપાલન દ્વારા શરણ-આશ્રય-દુર્ગતિમાં
પડતાં જીવને હસ્તાવલંબન આપે છે અને નિશ્ચયથી
અંતરમાં તેમના પ્રણિધાન દ્વારા રાગાદિ શત્રુઓના ભયથી
રક્ષણ કરે છે. શરણ-ત્રાણ-રક્ષણાદિ એકાર્થક શબ્દો છે.
અરિહંતોમાં સ્વભક્તોનું ત્રાણ-શરણ-રક્ષણ કરવાનું
સ્વાભાવિક સામર્થ્ય છે. એ વાતનો અનુભવ અરિહંતોની
આજ્ઞાપાલન કરનાર સર્વ મહાપુરુષોને થયેલો જ છે.

આજ્ઞાપાલનનો અધ્યવસાય

આજ્ઞા ઉપરના બહુમાનથી થાય છે અને
આજ્ઞા ઉપર બહુમાનનો પરિણામ
આજ્ઞાકારકના માનસિક પ્રણિધાનથી થાય છે.
માનસિક પ્રણિધાનનો ઉપાય મૂળોત્તર ગુણોનું પાલન
ઇત્યાદિ બાહ્યક્રિયાઓનું આલંબન છે.

પ્રભુની આજ્ઞા મુજબ તપ, સંયમ અને અહિંસામય જીવન ગાળનારી, તેના દ્વારા અંતઃકરણમાં અરિહંતોનું આલંબન પ્રણિધાન કરી આજ્ઞાબહુમાનવાળો બને છે. આજ્ઞાબહુમાન મૈત્ર્યાદિભાવોનું સંવેદન કરાવે છે અને ગુણ-દોષોમાં ગ્રહણ-ત્યાગનું વિજ્ઞાન ઉત્પન્ન કરે છે.

તેના પરિણામે જીવો ઉપર અહિંસાનો અને વિષયો ઉપર સંયમનો અધ્યવસાય આવિર્ભૂત બને છે. એ માટે સત્ત્વની શક્તિ પ્રાપ્ત થાય છે, તે તપગુણથી ખીલી જાય છે. એ રીતે અહિંસા, સંયમ અને તપરૂપી અનુષ્ઠાન વડે ચિત્તની શુદ્ધિ અને તેનો ઉપદેશનાર તીર્થંકરોની ભક્તિ વડે ચિત્તની એકાગ્રતા સધાય છે. વિશુદ્ધ અને એકાગ્ર ચિત્ત ધ્યાનારોહણરૂપ બની જીવને સકલ કર્મથી મુક્તિરૂપી પરમપદની પ્રાપ્તિ કરાવનાર થાય છે.

શરણાગમનનું માહાત્મ્ય શાથી ?

શરણાગમન વડે વ્યવહારનયથી અરિહંતાદિનું અને નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું શરણ પ્રાપ્ત થાય છે. શરણાગમન વડે સુકૃત કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે અને સુકૃત કરવાના સામર્થ્ય વડે દુષ્કૃતગર્હા સાર્થક થાય છે.

ॐ

## પરહિતચિંતા વડે કરીએ સત્કર્મ

પોતામાં આટલી શ્રદ્ધા પેદા કરવા માટે નિશ્ચળતા અને વિશ્વાસને જીવનમાં અપનાવવા પડશે. એ નિશ્ચળતા-શુદ્ધચિત્તતા મેળવવા માટે પરહિતચિંતા આવશ્યક છે.

આપણામાં અપરિમિત શક્તિનો પ્રવાહ ફેલાવા તથા પ્રસરવાને માટે સદા તૈયાર જ રહેલ છે. આપણે એ અપરિમિત શક્તિને ઓળખીએ અને એના પ્રચંડ વેગને આપણી મનઃસ્થિતિમાં સંભાળીએ અને સત્કર્મમાં જોડીએ, તો એથી આપણને તો સુખ મળશે જ ઉપરાંત અન્યને પણ આપણે સુખ આપી શકીશું. માનવ-માનવ વચ્ચે હૃદયની નિકટતા અને નિર્વ્યાજ મૈત્રી જ જીવનનું રસાયણ છે અને જગતની આશા છે.

કોઈપણ મનુષ્ય નિર્વ્યાજ પ્રેમ કરી શકે? મનુષ્યને જિજીવિષા છે, તો હૃદય પણ છે. એ ગમે તેમ કરીને પોતાનું સ્થાન રાખવાને ઝંખતો રહે છે, હૃદયની હૂંફ આપવા-પામવાને પણ તલસતો રહે છે.

० जपादौ सर्वमन्त्राणां बिन्द्वासेन लिपेर्विना ।
कृतं तन्निष्फलं विद्यात् तस्मात् पूर्वं लिपिन्न्यसेत् ॥

- બપ્પભટ્ટસૂરિ કૃત સરસ્વતીસ્તવ

ॐ

અનુભૂતિનું સંગીત ॐ Dt: 30-4-71

સાધનામાં નાદ ગુંજન થવા લાગી છે. ક્યાંથી?
તેનો પત્તો નથી, કિન્તુ ઘણી સુંદર ધ્વનિ સંભળાય છે.
દીપક જેવી સ્ફટિકમય જ્યોતિ
ભાલસ્થલ અને હૃદયમાં દેખાય છે.
ક્યારેક-ક્યારેક અમૃત વરસે છે, તો ક્યારેક-ક્યારેક
રક્ત-શ્વેત-શ્યામ અથવા ચમકતી જ્યોતિઓ રહે છે.
ઘણો આનંદ આવે છે. ધ્યાન અડધો-પોણો કલાક રહે છે.
ગુરુમૂર્તિના દર્શન પણ અંદર શુદ્ધ સ્ફટિકમય થાય છે,
ત્યારે ઘણો આનંદ આવે છે.
ગુરુ તો મારા જીવન-હૃદય-પ્રાણ બની ગયા છે.
આ લખું છું ત્યારે પણ ગુરુ મારા મનઃચક્ષુની સામે જ
આનંદરૂપમાં બિરાજમાન છે. જે કાંઈ પણ થઈ રહ્યું છે,
તે ગુરુકૃપાનું જ ફળ છે.
શિષ્યનું જીવત્વ લઈને શિવત્વ દેવાવાળું કોઈ હોય,
તો તે ગુરુતત્ત્વ છે. પરમપિતા ગુરુના ચરણપંકજમાં
દિલથી પ્રણામ કરું છું, વારંવાર નમન કરું છું અને મન
પણ ન-મન, અ-મન બની જાય એવી ગુરુ પાસે પ્રાર્થના
કરું છું. અન્ય સર્વ મહાત્માઓને અનન્ત નમસ્કાર.

– ક. ડી. પરમાર

## પ્રત્યાખ્યાન સાથે જાપ

પ્રત્યાખ્યાનની ક્રિયા તા. 15/3/71 થી શરૂ કરેલ છે.
તે ઉપરાંત થોડી વ્યાખ્યાન પણ કરું છું.
દરરોજ સવારના ૯, બપોરના 3 અને રાતના ૯, એમ
3 વખત નવ પ્રત્યાખ્યાન લેખે કુલ ૨૭ પ્રત્યાખ્યાન થાય છે.
આ બધું ઉત્સાહ અને ધૈર્યપૂર્વક કરવાનું રહે છે.
ગુરુ-દેવના આશીર્વાદથી સફળ થઈશ એવો વિશ્વાસ છે.
અધ્યાપક પણ ઘણા confident છે.
દરરોજ સામાયિક, પૂજા અને જાપ તથા
મહામંત્રની એક એક વખત એકેક એમ ત્રણ વખત
સાંગુલભાવથી કરું છું. વાંચનમાં સારો એવો સમય જાય છે.
દરેક સૂચનાઓનું ખૂબ જ પદ્ધતિસર પાલન કરું છું.

- R.M. Mehta

## અહિંસા અને અનેકાન્ત

વિચારની અહિંસા અનેકાન્ત, વાણીની અહિંસા સ્યાદ્વાદ
અને કાયાની અહિંસા જીવવધનો ત્યાગ.
વિચાર, વાણી અને આચાર વડે અહિંસકપણાનું આચરણ
તે જ ક્રોધાદિ કષાયો તથા શબ્દાદિ વિષયોને જીતાવનાર
અને દુર્ગતિમાં પડતા જીવોને બચાવનાર છે.

વ્યવહારનય 'પર'નું કર્તવ્ય માને છે, તેથી વિનમ્રતા તથા નિશ્ચયનય 'સ્વ'નું કર્તવ્ય માને છે, તેથી નિર્ભયતા પ્રગટે છે.

અહિંસાના બે પાસા છે:

પ્રથમ બાહ્ય પ્રત્યે નમ્ર બનવું, બીજું નિર્ભય થવું.

## સદ્‌વૃત્તિનાં લક્ષણો

ઉદારતા, ન્યાય અને પ્રેમ - એ સદ્‌વૃત્તિનાં લક્ષણો છે.

સદ્‌વૃત્તિનું પ્રથમ લક્ષણ સત્યનિષ્ઠા છે.

સત્યનું સ્વરૂપ શું? તેમાં નિષ્ઠા કેમ થાય?

આપણા પૃથક્‌પણાના વિચારથી આપણે આપણી માનસિક ધરાએ ઉપર જ ગતિ કરતાં રહીએ છીએ. આપણા પૃથક્-વ્યક્તિગત સ્વાર્થ, પૃથક્ લક્ષ્ય, પૃથક્ સુખ-દુ:ખનાં જ વિચાર કરીએ છીએ, તેથી સદાયે સંતાપ અનુભવીએ છીએ. ભેદનો જ વિચાર કરવાથી સૌથી વધુ અસંતોષ અને અસ્વસ્થતા પામીએ છીએ. વ્યક્તિગત પૃથક્‌પણાને તિલાંજલિ આપી સર્વમાં વ્યાપી સર્વશક્તિમાન પરમાત્મતત્ત્વ સાથે એકતાનતા સાધવાથી સાચી શાંતિ પ્રાપ્ત થાય છે.

જે જ્યોતિ સર્વ બાહ્યપદાર્થને પ્રકાશિત કરે છે, તે જ જ્યોતિને આપણા અંતરાત્માની ઊંડી ગુફામાં જ્યારે અવકાશ

આપીએ છીએ, ત્યારે જ તે જ્યોતિ આપણામાં પ્રકાશે છે
અને પછી જ પરમ શાંતિનું રહસ્ય હાથમાં આવે છે.

આપણે બધા તે પરમ જ્યોતિના અંશ છીએ,

'બીજાનાં સુખ - દુ:ખ આપણાં જ છે'

તેવું જ્ઞાન અને તેવું જ વર્તન જ્યારે થાય છે,

ત્યારે જ સત્કર્મનિષ્ઠા પ્રગટી ગણી શકાય.

ઉદારતા, ન્યાય અને પ્રેમ - એ સદ્વૃત્તિનાં બીજાં લક્ષણો છે. તે પણ સત્કર્મનિષ્ઠા ઉપર આધાર રાખે છે.

બુદ્ધિની ચતુરાઈ અને કુશળતા લોકોને આકર્ષે છે ખરી, પરન્તુ હૃદયની સદ્વૃત્તિ તો લોકને આર્દ્ર કરે છે.

ઉદારતા = સ્વોત્કર્ષ - પરાપકર્ષવૃત્તિને તિલાંજલિ દેવી.

દૂર રહેવાથી દોષ દેખાતા નથી અને ગુણ દેખાય છે.

અંદર ઊતરવાથી 'આત્મા પરમાત્મસ્વરૂપ છે'

એવું જ્ઞાન થાય છે.

જેમ બીજાના દોષ જોવા તે મનનું સાંકડાપણું છે, તેમ પોતાના ગુણ ગાવા તે પણ સંકુચિત વૃત્તિનું ચિહ્ન છે,

સર્વને આદરથી જોવા તે ઉદારતા છે.

ન્યાય = આપણી યોગ્યતાથી અધિક ઈચ્છવું નહિ અને બીજાની યોગ્યતાથી ઓછું આપવું નહિ, તે છે.

ઉદારતા - ન્યાયમાંથી સત્યનિષ્ઠા અને પ્રેમ જન્મે છે.
જે સુખ આપણને ઇષ્ટ છે, તે બીજાને પણ ઇચ્છવું
તેથી આત્મવત્ સમાનભાવ સહજ બને, તે 'પ્રેમ' છે.

આમ સદ્‌વૃત્તિના ચાર પાયા છે:
સત્યનિષ્ઠા, ઉદારતા, ન્યાય અને પ્રેમ.
તે જેનામાં હોય, તે જ સજ્જન.
તે જેનામાં હોય, તે જ સંત - સાધુ ગણાય છે.
તે જેનામાં હોય, તે જ સત્પુરુષ - સદાચારી છે.
તે જ કુલીનતા અને તે જ ખાનદાની છે.

સત્યમાં અત્યંત સ્થિર રહેવું, તે 'સત્યનિષ્ઠા' છે.
સત્ય સર્વવ્યાપી, સનાતન અને શાશ્વત છે.
તેનો સ્વીકાર કરવો, તે સત્યનિષ્ઠા છે.

असंविभागी न हु तस्स मोक्खो । - પ્રભુ મહાવીર
જે પ્રાપ્ત સામગ્રીનો યથાયોગ્ય સંવિભાગ ન કરે,
તેનો મોક્ષ થતો નથી.

૦ योगपूर्णं तपोमूर्तिं प्रेमपूर्णं सुदर्शनम् ।
ज्ञानपूर्णं कृपामूर्तिं तस्मै श्री गुरवे नमः ॥१॥ અર્થાત્:
યોગપૂર્ણ, તપમૂર્તિ, પ્રેમપૂર્ણ, સારા દર્શનવાળા, જ્ઞાન
પૂર્ણ, કૃપામૂર્તિ, એવા ગુરુ ભગવંતને નમસ્કાર કરું છું.

## દોષનિવારણના ઉપાય

'મળ' દોષ નિવારણ માટે ભ્રૂમધ્ય દૃષ્ટિ તથા 'વિક્ષેપ' દોષ નિવારણ માટે સનાતન સિદ્ધાંતોનો વિચાર સમર્થ છે. વૈખરી કરતાં મધ્યમા વડે જાતને બોધ કરવો સહેલો છે.

તે સાચુકપણે ગ્રહણ થાય છે, કેમકે તેમાં શ્રોતાનો 'અહં' ટકરાતો નથી અને ઉલ્ટું તેને લાગે છે કે આ તો તેના પોતાના જ વિચારો અને મંતવ્યો છે.

સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્ર-વીર્ય-શિક્ષા-ગુણા જીવાઃ ।

પ્રશમરતિ, ગા - ૧૯૮ સૂક્તિઃ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપારાધના કરે, તે જીવ.

૦ ભવત્યેવ તુ નિસ્સારઃ । યોગોપયોગૌ જીવસ્ય ।

સૂક્તિઃ ત્રિગુણાતીત થવાનો અમોઘ ઉપાય તે ભક્તિ છે.

સંસારી જીવ યોગ-ઉપયોગથી યુક્ત છે.

યોગ એ ક્રિયારૂપ હોવાથી આસ્રવ છે.

ઉપયોગ એ જ્ઞાનવ્યાપારરૂપ હોવાથી સંવર છે.

પરિણામ એ રસરૂપ હોવાથી બંધ રૂપ છે.

શુદ્ધોપયોગ એ ધર્મ અને મોક્ષનો ઉપાય છે.

ચેતના જેટલા અંશે નિજભાવની અંદર લીન, તેટલા અંશે નિજભાવની નજીક છે. નિજધર્મનો અર્થ નિજ ધર્મ.

સ્વભાવમાં રહેવું તે ધર્મ - પરભાવમાં રહેવું, તે અધર્મ.

બાહ્ય વિધિનિષેધમાં ધર્મનો ઉપચાર છે.

સત્ય ધર્મ તે નિજપરિણતિ - ભિન્નપરિણતિ છે.

મુક્તિ તે સ્વભાવ, સંસાર તે વિભાવ.

શુદ્ધોપયોગ તે સ્વભાવનું સાધન તથા

અશુદ્ધોપયોગ તે વિભાવનું સાધન છે.

મન ભગવાનને સોંપવું તે જ સાચો સંન્યાસ છે.

सर्वमनित्यं, दुःखम्, शून्यं, अनात्मं च ।

अनित्यं प्रत्ययाद्प्रतिबद्धत्वात् । दुःखं पीडनात्मकत्वात् ।

शून्यं आत्मीयदृष्टिविपक्षत्वात् ।

अनात्मकं आत्मदृष्टिविपक्षत्वात् । <u>અર્થાત્</u>:

સર્વ અનિત્ય, દુઃખસ્વરૂપ, શૂન્ય, અનાત્મક છે.

નાશ થતો હોવાથી અનિત્ય, પીડા આપતું હોવાથી

દુઃખસ્વરૂપ, આત્મસ્વરૂપથી વિરુદ્ધ હોવાથી શૂન્ય તથા

આત્માથી વિરુદ્ધ હોવાથી અનાત્મક છે.

प्रथमं ध्यानं विचार - प्रीति - सुखसहितं भवति ।

द्वितीयं प्रीति - सुख - सहितं । तृतीयं सुख - सहितं ।

चतुर्थं निर्विचार - निःप्रीतिः, निःसुखं ।

प्रथमं सवितर्कसविचारसप्रीतिसुखसहितं भवति ।

વૈરાગ્યભાવના: (૧) અનિત્ય (૨) અન્યત્વ (3) અશુચિ.
દર્શનભાવના: (૧) અશરણ (૨) એકત્વ (3) બોધિદુર્લભ.
જ્ઞાનભાવના: (૧) સંસાર (૨) લોકસ્વરૂપ (3) આસ્રવ.
ચારિત્રભાવના: (૧) સંવર (૨) નિર્જરા (3) ધર્મદુર્લભ.

અથવા ૧૨ ભાવનામાં પહેલી છ ભાવના વૈરાગ્યભાવના છે,
પછીની ચાર ભાવના ચારિત્રભાવના છે.
લોકસ્વરૂપભાવના એ જ્ઞાનભાવના છે તથા
બોધિદુર્લભભાવના એ દર્શનભાવના છે.

## મનથી 'નમ'ની યાત્રા

શરીર અને વચન કરતાં મનની શક્તિ ચઢિયાતી છે.
મન બે પ્રકારનાં છે: બહિર્મુખ - અંતર્મુખ.
બાહ્યવસ્તુને જાણનાર બહિર્મુખ તથા વિશાળ અથવા આંતરજ્ઞાનને જાણનાર અંતર્મુખ છે. બાહ્યમન મમતાથી ભરેલું છે, આંતરમનનો સંબંધ પ્રભુની સાથે છે. પ્રભુ સમતાથી ભરેલું છે. 'નમ' વડે 'મન' જ્યારે પ્રભુ સાથે જોડાય છે, ત્યારે મન 'સમ' સ્વરૂપ બને છે.
બાહ્યવસ્તુ એ 'ભ્રમ' સ્વરૂપ છે.
'નમ' એ મનને બાહ્યથી છોડાવી 'પ્રભુ'માં લઈ જાય છે. 'પ્રભુ' એટલે પૂરણ. તેમાં જોડનાર 'નમ' બ્રિજ છે.

यत्भूमा तत्सुखं । नाऽल्पे सुखमस्ति ।

શ્રુતિ: વિશાળમાં સુખ છે, અલ્પમાં નહિ. સમાહિત
મન પુરુષપરાયણ - આત્મરામ - વિવેકી - વિરાગી બને છે.

જગતના દર્શન થયા વિના
જગત કે જગતાતના દર્શન થઈ શકતા નથી.

'નામ' આત્માને જગાવે છે, 'મન' અનાત્માને જગાવે છે.
બાહ્યજગત્ અનાત્મસ્વરૂપ - આંતરજગત્ આત્મસ્વરૂપ છે.
મનને વ્યવહારમાં 'મણ' પણ કહેવાય છે. એક મણમાં
૪૦ શેર - ૪૦ વાઘ જેટલું બળ છે. તે બળ પાશવિક છે.
તેના પર પણ કાબુ મેળવનાર 'નામ' છે, તેથી 'નામ'ની
શક્તિ મન કરતાં અનેકગુણી અબાધિત થાય છે.
નામ વડે મન પરમેષ્ઠિઓ સાથે જોડાય, ત્યારે સર્વ
પાપોનો નાશ કરે - સર્વ મંગળોના માંગલ્યસ્વરૂપ બને,
તેમાં આશ્ચર્ય શું? નામને તે કારણે 'ઉગ્ર' કહેવાય છે.
તે ઉપાસ્ય બને છે, સર્વનો આધાર છે.

o વૈરાગ્ય વડે ચિત્તશુદ્ધિ અને
અભ્યાસ વડે ચિત્તસ્થિરતા - તન્મયતા પ્રાપ્ત થાય.
ભક્તિનો અભ્યાસ સ્થિરતાનું કારણ છે,
ધ્યાનનો અભ્યાસ તન્મયતાનું કારણ છે.

સમાપત્તિ તથા સમાધિ - સમની પ્રાપ્તિરૂપ, ભાવરૂપ છે.
વ્યવહારનયે સમની પ્રાપ્તિ મૈત્ર્યાદિ વડે તથા
નિશ્ચયનયે સમની પ્રાપ્તિ એકતાની અનુભૂતિ વડે થાય.
મૂર્છા ઉતારવા માટે ઘણું દાન એ ચિત્તશુદ્ધિનો હેતુ છે,
ભક્તિ માટે ઘણું દાન સ્થિરતા અને તન્મયતાનો હેતુ છે.
વૈરાગ્યથી જડતત્ત્વનો સંબંધ તૂટે છે,
ભક્તિથી ભગવતત્ત્વ સાથે સંબંધ સધાય છે.
નિર્મળતામાં પ્રધાનકારણ વૈરાગ્ય અને
સ્થિરતા અર્થાત્ તન્મયતામાં પ્રધાનકારણ ભક્તિ છે.
નમો means ask - તત્ત્વરુચિ - બોધ - પરિણતિ.
Ask and you shall receive.
Seek and you shall find.
Knock and it shall be opened.
પ્રભુની રુચિ તે શ્રદ્ધા, પ્રભુનો બોધ તે જ્ઞાન અને
પ્રભુની પ્રાપ્તિ તે ચારિત્ર છે.
Analysis = જ્ઞાન, synthesis = દર્શન &
oneness = ચારિત્ર.

o यस्य चित्तं निर्विषं हृदयं यस्य निर्मलं ।
तस्य मित्रं जगत् सर्वं तस्य मुक्तिः करस्थिता ॥१॥

(परिशिष्ट-१५)

આત્મજ્ઞાનનાં સાધનો = મંદિરનિર્માણ - મૂર્તિપૂજા.

(૧) ત્રણ મંડપ : સભામંડપ = ઔદારિક શરીર,
રંગમંડપ = તૈજસ શરીર, ગર્ભગૃહ = કાર્મણ શરીર.

(૨) અભિષેકપૂજા : બ્રહ્મરંધ્રમાંથી ઝરતા અમૃતરસનું પ્રત્યક્ષ.

(૩) પુષ્પપૂજા : ચક્રોરૂપી કમળનો વિકાસ. (૪) ગંધપૂજા :
વિકસિત કમળોની સુવાસ, ચંદન - કેસર - બરાસપૂજા.

(૫) ધૂપપૂજા : કર્મદહન વખતે થતી ધૂમ્રશિખા.

(૬) દીપપૂજા : અનુભવ વડે ચૈતન્યદેવનું દર્શન.

(૭) અક્ષતપૂજા : અક્ષય સ્વરૂપનું પ્રત્યક્ષ.

(૮) ફળપૂજા : કર્મફળત્યાગની ભાવના,
કર્મ માટે પોતાનું અસ્તિત્વ નહિ પણ ચૈતન્ય પ્રભુનું.

(૯) નૈવેદ્યપૂજા : આત્મનિવેદનરૂપ પૂજા (૧૦) આરતી :
પાંચ જ્ઞાનનું પ્રત્યક્ષ (૧૧) મંગળ દીવો : કેવળજ્ઞાનનું પ્રત્યક્ષ

(૧૨) નગારાં : દેવદુંદુભિ નાદ.

સમતાભાવ રૂપ સંવરભાવ

(૧) જગતના સર્વ જીવો સાથે આત્મતુલ્યભાવ.

(૨) સુખ - દુઃખમાં સમાનભાવ.

(૩) રત્નત્રયમાં સ્થિરતારૂપ સમાનભાવ.

રત્નત્રય = દર્શન - જ્ઞાન - ચારિત્ર.

## 'મુનિ' કોને કહેવાય?

દુઃખેષ્વનુદ્વિગ્નમના સુખેષુ વિગતસ્પૃહઃ ।
વીતરાગભયક્રોધઃ સ્થિતધીર્મુનિરુચ્યતે ॥૧॥ અર્થાત્ઃ
દુઃખમાં ઉદ્વેગરહિત, સુખમાં સ્પૃહારહિત, ભય, રાગ અને ક્રોધરહિત સ્થિર બુદ્ધિવાળો હોય, તે 'મુનિ' કહેવાય છે.

અધમ મનુષ્ય કેવળ દોષગ્રહણ કરે છે.
મધ્યમ મનુષ્ય ગુણ - દોષ ઉભયને ગ્રહણ કરે છે.
ઉત્તમ મનુષ્ય કેવળ ગુણને ગ્રહણ કરે છે.
ઉત્તમોત્તમ મનુષ્ય અલ્પગુણને પણ મહાન કરી ગાહે છે.

o યદાદિત્યગતં તેજો જગદ્ ભાસયતેઽખિલમ્ ।
યચ્ચન્દ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ।

ભાવાર્થ જે સૂર્ય, ચંદ્ર, અગ્નિમાં જે તેજ પ્રકાશે છે, તે તે બધું મારું છે. અધ્યાત્મની ભાષામાં સૂર્ય તે જ્ઞાન છે, ચંદ્ર તે ભક્તિ છે અને અગ્નિ તે કર્મ છે.

## પ્રમાદ - અપ્રમાદ

(૧) પ્રમાદ = આત્મવિસ્મૃતિ = નિદ્રા અવસ્થા.
પુદ્ગલભાવમાં રમવું - રહેવું તે.

(૨) અપ્રમાદ = આત્મજાગૃતિ = જાગૃતિની અવસ્થા.
આત્મભાવમાં રમવું - રહેવું તે.

## યમ - નિયમાદિ શું સાધે ?

અનુષ્ઠાન એ યમ - નિયમાદિરૂપ છે, તેથી ધર્મની બધી જ ક્રિયાઓ ઇંદ્રિયો ઉપર કાબુ અપાવવામાં સમર્થ છે, તેથી જીવનની દોરી માલિકના હાથમાં રહે છે અને આત્માના ગુણોનો આનંદ મેળવી શકે છે. આશયની સ્થિરતા, આપ્તવચન ઉપર મનની સ્થિરતા તથા મનનું ઉદ્વેગ - વિષાદાદિથી અક્ષુબ્ધપણું સાધે છે.

o શાંતિ = વિષયવિમુખતા, વિરક્તિ. તુષ્ટિ = ભક્તિ, આત્મરતિ. પુષ્ટિ = આત્મબોધ અને આત્માનુભૂતિ.

o પાપની ભીતિમાંથી બનેલ
ષડ્ જીવનિકાય હિતનો પરિણામ લૌકિક છે.
તે આત્મૌપમ્ય ભાવમાંથી બને છે અને લોકોત્તર છે.
'વિશ્વ ઉપર પાંચ સમવાયનું પ્રભુત્વ છે'
એ ભાન વડે સમત્વ બને છે તથા
'સમત્વભાવ ઉપર પાંચ પરમેષ્ઠિનું પ્રભુત્વ છે'
એ ભાન ભક્તિને બનાવે છે.

વિષયોથી વિરક્તિ, પરમેષ્ઠિઓની ભક્તિ અને તે બંને વડે સમત્વભાવની પ્રાપ્તિ, એ ધર્મ પામવાનો ક્રમ છે.

ઉપદેશ રહસ્યમાં કહ્યું છે કે:

तहभव्वत्तं चित्तं अकम्मजं आहतत्ताविह णेयं ।
फलभेया तह कालाइयाणमक्खेवगसहावं ॥

વળી શ્રી <u>પંચસૂત્રમાં</u> કહ્યું છે કે:

तव्वेवक्खो तओत्ति । अणेगंतवाओ तत्तवाओ,
स खलु एवं, इहरहेगंतो, मिच्छत्तमेसो । (परिशिष्ट-१६)

સર્વ જીવોના હિતનો પરિણામ સંયમ ગુણઠાણે સર્વને હોય પણ તેમાં મંદ, મધ્ય, તીવ્ર આદિ વિચિત્રતા હોય, એટલે સામગ્રી પણ તદનુસાર મળે.

બીજું મૂળ તથાભવ્યત્વ સ્વભાવની અનાદિ વિચિત્રતા - એ જ કારણ છે.

દુષ્કૃતગર્હા વડે સહજમળનો હ્રાસ, સુકૃતાનુમોદન વડે તથાભવ્યત્વનો વિકાસ અને શરણગમનાદિ વડે તદુભય સધાય છે, કારણ કે જેમનું શરણ ગ્રહણ કરાય છે, તેઓ તદુભયના સ્વામી છે. તેઓ સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત છે. જેમ કાળાદિ પાંચ સમવાય ઉપર પાંચ પરમેષ્ઠીઓનું સ્વામિત્વ છે, તેમ તેમને નમસ્કાર કરનારના શુભભાવમાં પણ તે સામર્થ્ય રહેલું છે. નમસ્કારનો પરિણામ દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને તદુભય સહિત છે.

## શ્રી નમસ્કાર મહામંત્ર - સિદ્ધિનું કારણ

શ્રદ્ધા - મેધાદિ વડે સદા નિર્મળ થવાય છે કે:
નમસ્કાર વડે બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.
શ્રદ્ધા - મેધાદિ ઈચ્છાપ્રવૃત્તિ અને સ્થિરતાને પમાડે છે,
તેના પરિણામે સિદ્ધિ મળે છે.

નમસ્કાર વંદન - પૂજન - સત્કાર - સન્માન સ્વરૂપ છે.
શ્રદ્ધાદિ વડે નમસ્કાર કરવાથી બોધિલાભ થાય છે.
બોધિ વડે ઈચ્છાદિ યોગોની વૃદ્ધિ થવાથી અંતે સિદ્ધિ
મળે છે, તેથી શ્રી નમસ્કાર મહામંત્ર એ સિદ્ધિનો
પરમ હેતુ તથા પરંપરાએ સિદ્ધિનું કારણ બને છે.

० वातं विजयते ज्ञानं, दर्शनं पित्तवारणं ।
कफनाशाय चरणं, धर्मस्तेनाऽमृतायते ॥ अज्ञात:

મનના જ્ઞાનથી વાયુ જિતાય, વચનની શ્રદ્ધાથી પિત્ત
દોષ અને કાયાના આચરણથી કફદોષ નાશ પામે છે.
દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ ધર્મ અમૃતનું કાર્ય કરે છે.
ધર્મ એ મન, વચન અને કાયાની ક્રિયારૂપ હોવાથી
અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્રગુણની શુદ્ધિ કરીને
સિદ્ધિ - સમાધિ - બોધિ - આરોગ્યનું કારણ બને છે.
વાત, પિત્ત, કફ જિતાવાથી આરોગ્ય, જ્ઞાન - દર્શનગુણાદિ

બોધિ અને ચારિત્રગુણથી સમાધિ મળે છે અને
આરોગ્ય - બોધિ - સમાધિ મળીને સિદ્ધિ થાય છે.
મનની શુદ્ધિ જ્ઞાનગુણને, વચનની શુદ્ધિ દર્શનગુણને
અને કાયાની શુદ્ધિ ચારિત્રગુણને સહાયક બને છે.

## ચાર નિક્ષેપામાં નવધા ભક્તિ

નામ વડે શ્રવણ - કીર્તન - સ્મરણ થાય છે,
સ્થાપના વડે વંદન - પૂજન - અર્ચન થાય છે,
દ્રવ્યનિક્ષેપ વડે દાસ્ય - સખ્ય - ભક્તિ થાય છે,
ભાવનિક્ષેપથી આત્મનિવેદન - સર્વસમર્પણ સધાય છે.

નમસ્કારમાં કાયાના નિરોધ વડે તપ,
વચનના નિરોધ વડે જપ - સ્વાધ્યાય અને મનના
નિરોધ વડે ઈશ્વરપ્રણિધાન - હૃદયમાં સ્થાપન થાય છે.

જાપ વખતે આસનજયથી દેહ ઉપર,
પ્રાણાયામ અને પ્રત્યાહારથી પ્રાણ તથા ઇંદ્રિયો ઉપર,
ઉપરાંત ધારણા - ધ્યાન - સમાધિ વડે
મન, બુદ્ધિ અને અહંકાર ઉપર વિજય પ્રાપ્ત થાય છે.

યમપાલનથી બાહ્યશાંતિ અનુભવાય છે અને
નિયમપાલનથી અભ્યંતર શાંતિ અનુભવાય છે.
યમપાલનમાં આત્મૌપમ્યભાવ અને નિયમના પાલનમાં
પરમાત્મૌપમ્યભાવ કેળવાય છે.

જડ પ્રત્યેના વિરાગથી કામ - ક્રોધ - લોભ ઘટે છે,
જીવ પ્રત્યેના અનુરાગથી શમ - દમ - સંતોષ વિકસે છે.
શત્રુને ખતમ કરવાનો ઉપાય તેની શત્રુતાને જ ખતમ
કરવી તે છે અને તે ગુણપ્રશંસા વડે સહેલે થઈ શકે છે.
આથી વારતા તો શત્રુતાને હણવાનાં છે, શત્રુને નહિ.

શત્રુતા મિત્રતા વડે જ હણાય છે, તેથી
મિત્રતા એ જ શત્રુતાને હણવાનો ઉપાય છે. મિત્રતા
ગુણીની પ્રશંસા અને દોષની ઉપેક્ષા વડે સધાય તથા
દુઃખની સહાનુભૂતિ - સુખની અનુમોદના વડે કેળવાય છે.

પાપને પ્રકટ ન કરવું, તે માયાશલ્ય.
પાપને પાપ ન માનવું, તે મિથ્યાત્વશલ્ય.
પાપને ધર્મના બદલામાં માંગવું, તે નિદાનશલ્ય.

બધા જીવોને અવગણવા તે પ્રથમ પાપ,
પોતાના આત્માને અવગણવો તે બીજું પાપ,
પરમાત્માને અવગણવા તે ત્રીજું પાપ.

ધર્મનું હીનતયા અવલોકન એ મહાદોષ છે.
મોક્ષફળ આપનાર ધર્મની પાસે સાંસારિક ફળ ઇચ્છવું,
તે જેમ 'हीनतया अवलोकनं' ઈત્યાદિ દોષરૂપ છે,
તેમ લોકસ્થિતિ ઉપર ધર્મનું પ્રભુત્વ ન માનવું,
તે મહાદોષરૂપ છે.

એક કાલાપેક્ષયા લીનાવલોકન છે,

બીજું સામર્થ્યાપેક્ષયા લીનાવલોકન છે.

'લોકસ્થિતિ' એટલે લોકમાં બનનારા બનાવો.

તેના ઉપર સત્તા ધર્મ મહારાજાની છે.

'ધર્મ મહારાજ' એટલે સુસ્થિત પરમેશ્વર. સુસ્થિત પરમાત્માને પોતાનું કાર્ય કરવાનું દ્વાર આપણી સ્મૃતિ કે લીનતા અનવલોકન છે. તેમનું ચૈતન્ય આપણાથી દૂર નથી. તેમના માહાત્મ્યનું સ્મરણ થતાંની સાથે જ તે પોતાનું કરુણામય કાર્ય કરવા તત્પર બને છે. તેમની કરુણા આપણાં દુઃખ, પાપ અને કર્મને દૂર કરવાં તે છે. તેનો વિનિયોગ આપણી સ્મૃતિ દ્વારા નિરંતર થતો જ રહે છે, માટે સ્મૃતિ એ જ ધર્મનું જીવન, પ્રાણ કે વીર્ય ગણાય છે.

યથાર્થ સ્મૃતિ લીનતા અનવલોકન સ્વરૂપ છે.

o 'ઉપયોગો લક્ષણમ્ ।' ઊર્ધ્વતા સામાન્ય છે.

'પરસ્પરોપગ્રહો જીવાનાં ।' તિર્યક્ સામાન્ય છે.

બંને મળીને જીવનું પૂર્ણ સ્વરૂપ બને છે. સૂર્ય-ચંદ્ર-પૃથ્વી-પાણી-વનસ્પતિ-પવનાદિનું અસ્તિત્વ બીજા માટે છે, તેમ જીવનું અસ્તિત્વ પણ સ્વપર ઉત્થાનને માટે જ છે.

'तुमंसि नाम सच्चेव, जं हंतव्वंति मन्नसि।'

અર્થાત્: જેને તું હણવા ઈચ્છે છે, તે તું જ છે.

मोक्ष-कारणसामग्र्यां भक्तिरेव गरीयसी।

અર્થાત્: મોક્ષના કારણોમાં ભક્તિ સૌથી મહાન છે.

पूज्येषु अनुरागः भक्तिः। પૂજ્યો પ્રત્યે અનુરાગ = ભક્તિ.

સંગ્રહનયની એકત્વભાવનાથી શું થાય ?

આ ભાવનાથી સુખ-શાંતિ-સમાધિ અનુભવી શકાય છે.
આચાર - વિચાર અને વ્યવહારમાં અનુક્રમે
અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહ પુષ્ટ થાય છે.

ઉપાસનામાં સંગ્રહનયની મુખ્યતા છે.
જ્ઞાનમાં ઉભયનયની મુખ્યતા છે અને
ચારિત્રમાં વ્યવહારનયની મુખ્યતા છે.

'મિત્રા દૃષ્ટિ પ્રગટી છે' એમ ક્યારે સમજવું ?

બીજાના દોષ નાના અને ગુણ મોટા લાગે, ત્યારે.

ધર્મરૂપી સુવર્ણની ૪ કસોટી

ધર્મરૂપી સુવર્ણનું કષ મૈત્રી - ભાવના વિશુદ્ધિ છે, છેદ પ્રમોદ - અહોભાવવૃત્તિ છે, તાપ કરુણા - અનુકંપાપરતા કે દ્રવિતતા છે, તે શુદ્ધિ કરે છે અને ધર્મસુવર્ણનું તાડન મધ્યસ્થતા - આપત્તિ સમયના ચિત્તની નિશ્ચલતા છે.

ॐ

<u>સાધુરૂપ રત્નમણિની શાસ્ત્રોક્ત ૪ કસોટી</u>

(૧) <u>કષ</u> - લેશ્યાવિશુદ્ધિ, સર્વ પ્રતિ સ્નેહભાવ = ધર્મ.

(૨) <u>છેદ</u> - વિશિષ્ટ લેશ્યા, એકાગ્રતા, મુદિતા = અર્થ.

(3) <u>તાપ</u> - અપકારી પ્રત્યે પણ અનુકંપા, કરુણા = કામ.

(૪) <u>તાડન</u> - આપત્તિમાં પણ નિશ્ચલતા માધ્યસ્થ્ય = મોક્ષ.

<u>ધર્મ - અર્થ - કામ - મોક્ષપુરુષાર્થ</u>

ધર્મનું મૂળ મૈત્ર્યાદિ અને ફળ ક્ષાન્ત્યાદિ છે.
ધ્યાતા મૈત્ર્યાદિવાન્, ધ્યેય પિંડસ્થાદિ ભાવ અને
ધ્યાન આજ્ઞાવિચયાદિ ભાવ છે.

ઉપકારઃ પરોધર્મઃ પરોઽર્થઃ કાર્યનૈપુણ્યમ્ ।
પાત્રેદાનં પરઃ કામઃ પરો મોક્ષો વિતૃષ્ણતા ॥ <u>અર્થાત્:</u>

<u>બીજા પર ઉપકાર તે પોતા ઉપર ઉપકારરૂપ ધર્મ છે,</u>
<u>બીજાનું પ્રયોજન સિદ્ધ કરવું,</u>
તે <u>પોતાનું પ્રયોજન સિદ્ધ કરનાર અર્થ છે,</u>
<u>પાત્રદાન વડે પાત્રની કામના પૂર્ણ કરવી, તે કામપુરુષાર્થ</u>
<u>અને સર્વ ઇચ્છાઓથી રહિત થવું, તે મોક્ષપુરુષાર્થ છે.</u>

મોક્ષપુરુષાર્થ એ મુખ્ય પુરુષાર્થ છે,
બીજા ત્રણે પુરુષાર્થ મોક્ષપુરુષાર્થના સાધનો છે અને
તો જ તે 'પુરુષાર્થ' કહેવાય છે.

જીવોને ઉપકાર કરવો તે ધર્મપુરુષાર્થ,
જીવોનાં પ્રયોજન સિદ્ધ કરવાં, તે અર્થપુરુષાર્થ,
જીવોની કામના પૂરી કરવી, તે કામપુરુષાર્થ અને
પોતાની ઇચ્છાઓથી નિવૃત્ત થવું, તે મોક્ષપુરુષાર્થ.

ચારે પુરુષાર્થ પરને મુખ્ય અને સ્વને ગૌણ બનાવવાથી સિદ્ધ થાય. સંપૂર્ણ સ્વનું વિસર્જન - તે મોક્ષપુરુષાર્થ છે.

ધર્મપુરુષાર્થમાં ઉદારતા છે, અર્થપુરુષાર્થમાં દાક્ષિણ્યતા છે, કામપુરુષાર્થમાં પાપજુગુપ્સા, મોક્ષપુરુષાર્થમાં નિર્મળબોધ છે.

ચારે પુરુષાર્થમાં જનપ્રિયત્વ છે.

૦ અનેકાન્તમતિ, સ્યાદ્વાદ પરિણતિ, ગુણગ્રાહ્યદૃષ્ટિ, સમન્વયબુદ્ધિ, સમત્વસિદ્ધિ વગેરે સર્વ અનિવાર્ય છે. તે સર્વમાંથી કૃતજ્ઞતા ગુણની પણ સિદ્ધિ થાય છે.

૦ जे गुणे से आवट्टे, जे आवट्टे से गुणे ।
जे गुणट्ठाणे से मूलट्ठाणे, जे मूलट्ठाणे से गुणट्ठाणे ॥

ગુણ તે પાંચ વિષયો તથા આવર્ત તે સંસાર. વિષયોનું મૂળ જે કષાય છે, તે મૂળસ્થાન છે અને જે મૂળસ્થાન છે, તે કષાય છે. બીજ તથા વૃક્ષની જેમ વિષય-કષાયનો પરસ્પર કાર્ય-કારણભાવ છે. ધર્મનો પ્રારંભ સંગ્રહનય - ધર્મનો અંત એવંભૂતનયથી છે.

'ભગવાન એ નિશ્ચયથી સિદ્ધ સ્વરૂપ,
સામાયિક સ્વરૂપ કે નમસ્કાર સ્વરૂપ છે.'
એવું હૃદયમાં સ્થિર થાય પછી જે વ્યવહાર થાય,
તેના પરિણામે સ્વદ્રવ્યાનંદથી સિદ્ધિગતિની પ્રાપ્તિ થાય.
દ્રવ્યાર્થ દૃષ્ટિથી સર્વ જીવોની શુદ્ધતા થાય,
એકતાનો નિર્ણય થાય તો વ્યવહાર શુદ્ધ બને અને
અંતે સ્વદ્રવ્ય પર્યાયાર્થિક દૃષ્ટિનો ધર્મ બને અર્થાત્
બધાની પ્રત્યે શુદ્ધ સંગ્રહની પૂર્ણ દૃષ્ટિ રાખવી
અને તે પ્રગટ કરવા માટે પોતાના પ્રત્યે
શુદ્ધ સ્વદ્રવ્યાનંદની પર્યાય દૃષ્ટિ રાખવી જોઈએ.
વૈરાગ્ય વડે વૃત્તિને શુદ્ધ કરવી,
વિવેક વડે તેને સ્થિર કરવી અને
શ્રવણ-મનનાદિ વડે વૃત્તિને સૂક્ષ્મ બનાવવી જોઈએ.
પ્રભુ એ દ્રવ્યથી વીતરાગ, ગુણથી સર્વજ્ઞ અને
પર્યાયથી કરૂણામય છે.

Open the windows of your mind
to the breezes of universal wisdom
instead of living in the state of
a closed mind.

## કયો ગુણ - શેનું પ્રત્યક્ષ ?

સત્ત્વગુણ એ સફેદવર્ણ તથા જ્ઞાનનું પ્રત્યક્ષ છે.
રજસ્ગુણ એ રક્તવર્ણ તથા ક્રિયાનું પ્રત્યક્ષ છે.
તમસ્ગુણ એ શ્યામવર્ણ તથા નિરોધનું પ્રત્યક્ષ છે.
દેહ = અધિભૂત, મન = અધિદૈવ, બુદ્ધિ = અધ્યાત્મ.
મહાભારત તે અધિભૂત. આમાં કર્મમાર્ગ બતાવ્યો છે.
ભાગવત તે અધિદૈવ. આમાં ભક્તિમાર્ગ બતાવ્યો છે.
ગીતા તે અધ્યાત્મ છે. આમાં જ્ઞાનમાર્ગ બતાવ્યો છે.
ચિત્તશુદ્ધિ થયા પછી જ્ઞાનમાર્ગનો અધિકાર છે.
ચિત્તશુદ્ધિ માટે કર્મ અને ભક્તિ છે.
કર્મ તે દુષ્કૃતગર્હારૂપ - ભક્તિ તે સુકૃતાનુમોદનરૂપ છે.
જ્ઞાન તે શરણાગમનાદિરૂપ છે.
દુષ્કૃતગર્હાથી ઋણમુક્તિ - કૃતજ્ઞતાગુણનું પાલન થાય છે.
સુકૃતાનુમોદનથી પરાર્થવૃત્તિ અને શક્યપ્રવૃત્તિ થાય છે.
શરણાગમન વડે અસ્તિત્વજ્ઞાનની ભૂમિકા પ્રાપ્ત થાય છે.
જ્ઞાનનું કાર્ય અજ્ઞાનને હટાવવું તે છે,
કર્મ અને ભક્તિને નહિ.
કર્મ તથા ભક્તિ એ હાથ - પગ - ધડના સ્થાને છે,
જ્ઞાન એ મસ્તકના સ્થાને છે.

ભાષાનો પ્રાણ ભાવ છે, જીવનનો પ્રાણ ભાવના છે.
ભાવ વિનાની ભાષા અને ભાવના વિનાનું જીવન સમાન છે.
ભગવાન પણ ભાવ અને ભાવનાના ભૂખ્યા છે.

અધિષ્ઠાન - કર્તા - કરણ - ચેષ્ટા - દૈવ

અધિષ્ઠાન = દેહ, દેશ - કાળ આદિ. કર્તા = જીવાત્મા.
કરણ = મન - ઇંદ્રિય - બુદ્ધિ. ચેષ્ટા = પ્રયત્ન - પ્રાણ.
દૈવ = પૂર્વકૃત કર્મ - ભાગ્ય.

અધિષ્ઠાન તે કારખાનાની ઈમારત, કરણ તે કર્મચારીઓ,
મન એ નિયંત્રક, બુદ્ધિ તે વિચારક, આત્મા મુખ્ય છે.
શરીર, મન, બુદ્ધિ, ઇંદ્રિયાદિ પ્રયોજક તેમાં સહાયક છે.
દૈવ - ભાગ્ય - પૂર્વકૃત કર્મનો પણ હિસ્સો છે.
કર્મ એ સ્વભાવ અને ગુણોના પ્રભાવથી છે.
સ્વભાવ સંસ્કારજન્ય છે. સંસ્કાર મન પર એકત્રિત
થાય છે. ગુણ બુદ્ધિમાં રહે છે, તે મૂળપ્રકૃતિથી આવે છે.

Attraction = રજસ્, રાગ.
Repulsion = તમસ્, દ્વેષ.
Neutral = સત્વ, તટસ્થતા.

રજસ્ ચિત્તને ચંચળ કરે છે, તમસ્ ચિત્તને સંકુચિત કરે છે,
કિન્તુ પરમાત્મભક્તિથી બંને મળો ટળે છે.

બુદ્ધિથી જ્ઞાન, જ્ઞાનથી આત્મા, આત્માથી કર્મ,
સાત્ત્વિક બુદ્ધિથી સમત્વ, રાજસથી રાગ, તામસથી દ્વેષ.
આ ૯ દ્વારવાળો દેહ ૩ ગુણોથી આવૃત્ત છે,
તેમાં આત્મા છે. તેને જે જાણે, તે જ્ઞાની છે.

सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ।

કર્મ જ્ઞાનમાં પરિપૂર્ણ થાય છે. કર્મથી જ્ઞાન પ્રજ્વલિત થાય છે. જ્ઞાનને સ્થિર રહેવામાં કર્મ સહાયક છે. જ્ઞાનને પ્રજ્વલિત રાખનાર કર્મ કરવા જોઈએ.

## પ્રાકૃતિક ચિકિત્સા વિષે...

એલોપથી દવા રોગને રોકે છે અથવા પલટીને વધુ ઉગ્ર રોગો કરે છે. પ્રાકૃતિક ચિકિત્સા રોગોને મૂળથી હરે છે.

(૧) દૂધનું સત્ત્વ ઘી, ઈક્ષુરસનું સત્ત્વ સાકર અને પાણીનું સત્ત્વ મીઠું - એ ત્રણે પચવામાં ભારે હોવાથી મંદાગ્નિવાળાને નુકસાન કરે છે. આંતરડામાં પાચકશક્તિ ઓછી હોય, ત્યારે તે ત્રણે વસ્તુને વર્જવા જોઈએ.

(૨) મોળું દૂધ અને ઊનું ધાન્ય ઉપકારક છે. મગનું પાણી અને બાજરીની રાબ ગુણકારક છે.

(૩) સવાર - સાંજ તડકામાં બેસવું બહુ હિતકારક છે. સહન થઈ શકે તેટલા વખત બેસવું જોઈએ.

Love is goodwill in action, not competition but co-operation, filling man with affection, not disaffection, supplying kindness and banishing unkindness, giving friendship and forgiving enmity, regardful of the good and regardless of the evil.

સત્યના સૂર્યનો વિચાર કરવો એ પરમાર્થ છે,
એનું જ બીજું નામ નમસ્કાર ભાવ છે.
અહંકાર એમ સૌ ઉપકારીઓને ઓળખવા દેતો નથી,
તેમ અપરાધીને પણ સ્વીકારવા દેતો નથી.
નમસ્કાર ક્ષમાપના અને નમ્રતા ઉભયને લાવે છે.
બાહ્યશાંતિ માટે દમ છે, આંતરશાંતિ માટે નિયમ છે.
વિશ્વને વશ કરવાનો મહામંત્ર વચનનું માધુર્ય છે.
ગુણાનુરાગ એ ગુણી બનવાનું શિક્ષણાલય છે.
આત્મરંજન જેને ઇષ્ટ છે, તેને જનરંજન અથવા
મનોરંજન - એ સર્વ ફૂટી બદામ જેટલા કીંમતનું છે.

દિલ દરિયો છે, તેમાં રત્ન પણ હોય અને કાંકરા પણ હોય.
યોગાવસ્થા સુખ સ્થિર છે. ભોગાવસ્થા સુખ ક્ષણિક છે.

વિજ્ઞાન ભક્તિનું સામર્થ્ય અનંત છે.

વિશ્વાસ રાખવો અને વિશ્વાસુ બનવું,
એ ઉભય આરાધના ગુરુઓ છે.

માથા પર પાઘડી મૂકતાં પાઘડી અને માથું જુદું છે,
એવું ભાન હોય જ છે. પાઘડી પડી જતાં માથું જતું
નથી, તેમ શરીર જતાં આત્મા અમર કાયમ રહે છે.
પ્રભુના નામ વિનાનો એક પણ શ્વાસોચ્છ્વાસ જો
તમે ખોશો નહિ, તો કદી પણ દુઃખને જોશો નહિ.

તૃષ્ણા મારી વિશ્વાસુ મરણ મરતું નથી.

પ્રભુમિલન માટે ભક્તિ - કર્મ કે જ્ઞાનમાર્ગ:
ત્રણે માર્ગમાંથી ગમે તે એકથી શરૂઆત કરી શકાય છે.
ભક્તિથી શરૂઆત કરનાર સાધક પરિપક્વ બને, ત્યારે
જ્ઞાન અને કર્મનો ઉદય થયા વિના રહેતો નથી.
જ્ઞાનથી શરૂ થતી સાધનાને અંતે ભક્તિ અને કર્મ
પ્રાપ્ત થાય જ છે. કર્મયોગના સાધકમાં પણ યથાકાળે
ભક્તિ અને જ્ઞાન પ્રગટ થાય જ છે. આમ ભક્તિ, કર્મ
અને જ્ઞાનનો સંગમ થાય, ત્યારે પ્રભુદર્શન થાય છે.

કલિયુગમાં નામસ્મરણ, નામસંકીર્તન સૌથી વધુ સુગમ, રામબાણ ગણાય છે. પ્રભુનું નામ જ મંત્ર છે, પ્રેમથી પ્રભુનામ રટવાથી પ્રેમાળ પ્રભુને જરૂર પામી શકાય છે. કલિયુગના કમનસીબે આત્મવિસ્મૃતિનું સામ્રાજ્ય છે. લોકો પોતાના સ્વને પરના અસલ આત્મસ્વરૂપને ભૂલી ગયા છે, તેથી જડવાદ તથા ભોગવિલાસ તરફ માનવની દોટ છે. ભાવનાના ચંદ્રનો ઉદય થાય તે પહેલાં અમાસની ઘોર રાત્રિ પસાર કરવી જ પડે છે. પુત્રરત્નની પ્રાપ્તિ પહેલાં માતાને પ્રસવની વેદના સહવી જ પડે છે. દિવ્યયુગને આવતો અટકાવવા માટે આસુરી બળો પૂરી તાકાત સાથે ભીષણ યુદ્ધ ખેલી રહ્યાં હોય છે, પરન્તુ અંતિમ વિજય દિવ્યબળો કે જે પ્રભુતરફી છે, તેનો જ થતો હોય છે. દિવ્યબળોને ટેકો આપવા માનવે ભક્તિ તરફ વળવું પડે.

## પ્રભુભક્તિનું માહાત્મ્ય

દિવ્યચેતના, પ્રભુચેતના, ઈશ્વરીય ચેતનાને પૃથ્વી ઉપર લાવવાને માટે જો પ્રયાસ કરવામાં આવે, તો જ દુનિયાનાં દુઃખો હળવા થાય. ભક્તિની પાછળ વિશ્વકલ્યાણનો શુભ હેતુ હોવો જોઈએ. માનવજાત ઊંડા ભક્તિભાવપૂર્વક પ્રભુ તરફ વળશે તો પૃથ્વીનો ઉદ્ધાર

સફળ - ઝડપી બનશે. ઘોર આત્મવિસ્મૃતિમાંથી આત્મ-જાગૃતિમાં પદાર્પણ કરવા માટે સૌથી સફળ અને અસરકારક ઉપાય તે જ છે કે જેથી વિજયની ખાતરી મળે છે.

## ભક્તિનું મૂળ - નિર્વિકલ્પ શ્રદ્ધા

ભક્તિયોગ જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે,
તે ઉત્કૃષ્ટ આત્મોત્થાન માટે
ભક્તિ એ સરળ અને સફળ સાધન ગણાય છે.
ભક્તિના મૂળ બુદ્ધિ પર ઓછા શ્રદ્ધામાં રહેલાં છે,
છતાં ભક્તિમાં વિવેકને પણ સ્થાન છે જ.
જેમ શ્રદ્ધા વધુ - તેમ ભક્તિ વધુ.

અસીમ શ્રદ્ધાને નાસ્તિકો 'આંધળી શ્રદ્ધા' કહે છે પણ એ અવગુણ નથી, જો તે ઈશ્વર કે સદ્‌ગુરુવિષયક હોય. પ્રેરણા કે વિવેકબળથી શ્રદ્ધાના કેન્દ્રને પસંદ કર્યા પછી તેમાં શંકા-આશંકાને પ્રવેશ કરવા દેવો તે અવગુણ છે. એક રાઈના દાણા જેટલી પણ અસીમ અને ઊંડી શ્રદ્ધા પર્વતને ખસેડી શકશે. બાઈબલ એમ પણ કહે છે કે શ્રદ્ધા નદી ઉપર ઉગેલા વૃક્ષને ય ઉખેડી શકશે.

શ્રદ્ધાના બળે સમુદ્રલંઘન થઈ શકે છે,
શ્રદ્ધાના બળે પાણા પણ ઔષધ બની શકે છે.

અંગ્રેજીમાં તેને faith cure કહે છે. લેકિન, શ્રદ્ધા કે દયા વિનાની વ્યક્તિ મનુષ્ય નહિ પણ અસુર છે. કોઈપણ બુદ્ધિજીવી એવો નહિ નીકળે કે તેણે કોઈને કોઈ વ્યક્તિ કે વસ્તુ ઉપર વિશ્વાસ અથવા શ્રદ્ધાથી ચાલવું પડતું નહિ હોય. દરેકને શ્રદ્ધા હોય જ છે કે 'હું બાળ કોઈનું નહિ પણ મારા માતા-પિતાનું જ કાયદેસરનું સંતાન છું.' પુત્રનો પિતા કોણ છે, તે માતા સિવાય કોઈ ન જાણે, છતાં પિતા પોતે પણ સંતાનોને પોતાના માને છે, એમાં ય વિશ્વાસ-શ્રદ્ધા જ મુખ્યત્વે કારણભૂત છે. આમ જીવનમાં ડગલે ને પગલે વિશ્વાસ અને શ્રદ્ધા વિના ચાલતું નથી, તો પછી પ્રભુ-ઈશ્વરના સાક્ષાત દર્શન કરનાર કોઈ સિદ્ધયોગીના અનુભવના આધાર ઉપર પ્રકટેલાં સર્વ વચનો ઉપર પૂર્ણ વિશ્વાસ મૂકીને યોગમાર્ગે ચાલનાર સાધકને પ્રભુપ્રાપ્તિ કેમ ન થાય? રામકૃષ્ણ પરમહંસના વચન ઉપર વિશ્વાસ મૂકનાર વિવેકાનંદ (નરેન્દ્ર) બ્રહ્મનો સાક્ષાત્કાર કરી શક્યા હતાં, તેમાં કારણ તેમની શ્રદ્ધા સિવાય બીજું શું હતું?

શ્રદ્ધા જ્યારે સંશય વિનાની બને છે,

ત્યારે જ તે નિર્વિકલ્પ સમાધિનું કારણ થઈ શકે છે.
પ્રભુનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જો ને
પ્રથમ પહેલું મસ્તક આપી, વળતી લેવું નામ જો ને.
આસુરી બળોને મહાત કરી તેના પર વિજય મેળવવો
તે કાંઈ બચ્ચાનો ખેલ નથી. આ એક મહાસંગ્રામ છે.
દિલની સચ્ચાઈ હોય તો આ સંગ્રામમાં સાચા સાધકને
ઈશ્વરનો અનુગ્રહ અવશ્ય મળે છે અને
યોગસિદ્ધિ અવશ્યપણે શક્ય બને જ છે.
પ્રભુની દિવ્યસંપત્તિ રૂપ જ્ઞાન, પ્રેમ, શાંતિ, આનંદને
પ્રાપ્ત કરવા માટે પ્રથમ શરત એ છે કે સાધકે સાદું,
સરળ, પવિત્ર જીવન ગાળવા સાચો સંકલ્પ કરવો.
How to open the Soul to God તથા
Spirituality in the test tube જેવા
પુસ્તકો sign post છે, Road map પણ નથી.
કળાનું પુસ્તક વાંચવાથી કળા શીખી શકાતી નથી પણ
સદ્‌ગુરુના શરણમાં રહી યોગકળા શીખી શકાય છે.
અહીં Perspective of Yoga.
Total surrender to God & Guru.
મનનો આત્મા સાથે યોગ તે સંયમ, સમ્યક્ નિયમન.
સમ્યક્ સ્થાપન અથવા સમતામાં સ્થિર થવું તે સમાધિ.

મોક્ષમાં સહાયક ધર્મવ્યાપાર તે 'યોગ'.
To join (લેટીન), To yoke (જર્મન), To joug (ફ્રેંચ).
યોગ દ્વારા આત્મદર્શન એ માનવજીવનનું સાફલ્ય છે,
આત્મદર્શન - આત્મૈક્યદર્શન પરમ ધ્યેય છે. બહિરાત્મ-
ભાવમાં ચેતનાનો સંકોચ છે, ચેતના સંકીર્ણ બને છે.

સંયમ વડે ચેતના વિકસિત બને છે.

સંકીર્ણચેતના સંસારને વશભૂત છે, જ્યારે વિશિષ્ટચેતના
યા વિકસિતચેતના વિવેકને, સંસારને વશભૂત છે.

સંયમ વડે ચેતનાનો વિકાસ થાય છે.

એક જ વિષયમાં ધારણા - ધ્યાન - સમાધિ તે 'સંયમ' છે.
તે વડે દર્શન - જ્ઞાન - આત્મસ્વરૂપમાં તન્મય બનાય છે.
જે વડે આત્મશુદ્ધિ સધાય, તે આત્મહિત ગણાય.

આત્મહિત માનવજન્મમાં જ શક્ય છે.

સંયમ વડે જ આત્મહિત - આત્મજ્યોતિનો પ્રકાશ પ્રકટે.
કુશલ પ્રવૃત્તિ, વૃત્તિનિરોધ, મોક્ષયોજન, ઐક્યભાવન
ઇત્યાદિ સર્વ શબ્દો યોગમાર્ગના સમાનાર્થી જ છે.

°

યોગમાર્ગ = path of spiritual transmutation.
Don't look for truth in the wrong direction & also Walk Step by step.

## મોક્ષમાર્ગમાં પ્રવેશવાનાં ૩ દ્વાર

(૧) બાળકનું દુઃખ દેખીને દયાર્દ્ર થવું.

(૨) ગુરુ - દેવ - અતિથિનો સત્કાર કરવો.

(૩) દીન - અનાથાદિનો ઉદ્ધાર કરવો.

## ચૈતન્યતત્ત્વ - જડતત્ત્વ અને પ્રેમ

ચૈતન્યતત્ત્વ અવિનાશી અને સક્રિય છે, જ્યારે જડતત્ત્વ એ વિનાશી અને નિષ્ક્રિય છે.

ચૈતન્યતત્ત્વ એ સર્જક છે, જડતત્ત્વ એ વિધ્વંસક છે.
ચૈતન્ય પ્રેમનું સર્જન કરે, અચૈતન્ય અપ્રેમનો પીંડ છે.
પ્રેમ એ તો અમૃત છે, પ્રેમમાં આનંદ - અહિંસા છે.
અપ્રેમ એ વિષય છે. તે ભય અને મૂર્છાથી ભરેલ છે.
પ્રેમ એ જીવન છે, જ્યારે અપ્રેમ એ તો મૃત્યુ છે.

મનની જેમ પ્રેમ નિઃસીમ છે.

અપ્રેમ રાગની, પ્રકાશની રેખાને રૂંધે છે. પ્રેમ અને પ્રકાશને દિશા - કાળનું બંધન નથી. તે નિરવધિ છે.

**રત્નત્રય તે ધર્મ. વસ્તુનું સ્વરૂપ તે ધર્મ.**

**મોહ - વિક્ષોભ - 'કુશીલ'રહિત આત્મપરિણામ તે ધર્મ.**

ધર્મ, આજ્ઞા, શાસન - એ સર્વ એકાર્થક શબ્દો છે.
ધર્મ ક્રિયાચારને ગૌણ અને વસ્તુસ્વભાવને મુખ્ય માને.

અનુષ્ઠાન = ઉપચારથી ધર્મ. ભાવશુદ્ધિ = તત્ત્વથી ધર્મ.
અનુષ્ઠાન તે કારણ છે, ભાવશુદ્ધિ તે કાર્ય છે.
શુદ્ધિ પુષ્ટિવાળું ચિત્ત તથા આત્મતત્ત્વમાં
ભાવના, રમણતા, સ્થિતિચિંતાદિ તે ધર્મ છે.
અહિંસા = આત્મજાગરણ. સત્ય = સ્વસત્તાની અનુભૂતિ.
અહિંસા એ આત્મસાક્ષાત્કારનું પરિણામ છે.
આત્મભાન વડે મિથ્યાત્વ - અવિરતિ વિલીન થઈ જાય.
અહિંસાવંત - લોકવ્યાપારરહિત સાધુને જે સુખ છે,
તેવું સુખ ઇંદ્ર કે ચક્રવર્તીને પણ નથી.
યોગ is not for discussion but for realization of self and also to build relation with cosmos.
યમોના પાલન દ્વારા વિશ્વસંબંધ જોડાય છે.
નિયમોના પાલન દ્વારા આત્મા સાથે સંબંધ બંધાય.
आशागर्तः प्रतिप्राणि यस्मिन् विश्वमणूपमम्।
कस्य किं कियदायाति वृथा वो विषयैषिता ॥१॥
અર્થ: આશા રૂપી ખાડામાં પડેલા પ્રાણીને આખું ય
વિશ્વ અણુ જેવડું લાગે છે, તો કોને લાગે કેટલું આવે?
માટે વિષયોની ઇચ્છા કરવી ફોગટ છે.

'यः पश्यति स पश्यति ।'

તપ એ mystic fire છે.

અધ્યાત્મ = શુદ્ધ પરિણામવાળું અંતઃકરણ.

० चत्वारि खलु कर्माणि संध्याकाले विवर्जयेत् ।
आहारं मैथुनं निद्रा स्वाध्यायं च विशेषतः ॥ સ્મૃતિ:

સંધ્યાકાળે ખાસ કરીને આ ચાર કાર્યો ન કરવા:
(૧) આહાર (૨) મૈથુન (૩) નિદ્રા (૪) સ્વાધ્યાય.

સત્પુરુષોની પ્રત્યેક પ્રવૃત્તિમાં
સ્વાર્થ ગૌણ અને પરાર્થ મુખ્ય હોય છે.

આત્મસમદર્શિત્વથી વ્યવહારની શુદ્ધિ થાય છે.

વ્યવહાર સાધન છે - નિશ્ચય સાધ્ય છે.

નિશ્ચયથી સર્વ જીવો પરમાત્મ સમ છે.

સમતાનું સુખ તે સિદ્ધત્વની વાનગી છે.

उक्तं च द्वादशभेदमंगश्रुतं ततोऽप्यनेकभेदकम् ।
तस्मिन्नुपादेयतया चिदात्मा शेषस्तु हेयत्वमितोऽस्मदादि ॥

પદ્મનંદિ પંચવિં૦ (પરિશિષ્ટ-૧૭)

०

Open to the Light of discrimination.
Let God take possession of you.
Infinite love = God. સમત્વ એટલે ઈશ્વર.

'સ્મૃતિ'ને બૌદ્ધો 'ફલવિચાર' કહે છે.

મૈત્ર્યાદિની સર્વ અવસ્થાઓમાં મન ઉચ્ચદશામાં રહે છે.
વક્રતા અને વિરોધનું શમન મૈત્રી-પ્રમોદાદિ લાવે છે.
મનને અંકુશમાં નહિ પણ યોગ્ય માર્ગે વાળવાની કળા
શીખવાની જરૂર છે. મનને ખેંચવાથી જોર કરે પણ
ઢીલું મૂકીને સાચે માર્ગે વાળવાથી અંકુશમાં આવે છે.

o કલ્પનાની જે શક્તિ વડે મનુષ્ય સ્થળ, કાળ, વસ્તુ
પ્રત્યે દૃષ્ટિ ફેરવી ગમે તે ભૂમિકા સુધી પહોંચી શકે,
તે કલ્પના શક્તિનું મહત્ત્વ નાનું-સૂનું નથી.
એ કલ્પના શક્તિ શ્રદ્ધાની જ એક વિભૂતિ છે.

o આર્હતીદૃષ્ટિ = રાગગ્રન્થિ.

અવિદ્યા = અજ્ઞાન, માયા, બુદ્ધિની મલિનતા,
અધ્રુવાસ્મૃતિ, ધૈર્યન્યૂનતા. આસ્રવ = તૃષ્ણા, ક્રોધ, લોભ.
સંવર = તૃષ્ણાક્ષય, ઉપશમ, સમતા.

o જ્ઞાત્વા દેવં મુચ્યતે સર્વપાશૈઃ । શ્રુતિઃ
દેવ = આત્મદેવને જાણીને સર્વ બંધનોથી મુક્ત થાય છે.

o

This is the secret of secrets
that selfless love is the
alternative of selfishness.

## અહંત્વ - મમત્વબુદ્ધિ જ મહાવ્યાધિ

ભોગબુદ્ધિ - સુખબુદ્ધિ એટલે 'મમ' ભાવનાદિ પકડવા વડે ક્લેશ, દુઃખ, તાપત્રયરૂપી બંધનનું મૂળ કારણ બને છે. 'આ ત્રિગુણાત્મક જગત આત્મા માટે અનુપયોગી અને દુઃખદ બંધનનું કારણ છે' એમ યથાર્થ બોધના પ્રકાશમાં કોઈ વિવેકપૂર્વક તેનો ત્યાગ કરવામાં આવે, તો ક્રમશઃ બંધન, પછી જ્ઞાનમય શુદ્ધ ચિત્તસ્વરૂપ, ત્યાર બાદ પરમગુરૂ, પરમાત્માની પ્રાપ્તિ થાય છે કે જે પરમાનંદમય શાંતિનું પરમ અક્ષય - શાશ્વત નિર્ઝર ઝરણું છે. પછી આત્મારસની દૃઢતાદિ સ્વરૂપ પ્રતિષ્ઠા થાય છે અને તેથી અંતે સાધકને બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત થાય છે.

સુખ - દુઃખ = ત્રિગુણાત્મક જગતની માયા - ભ્રાન્તબુદ્ધિ.

સુખ - દુઃખ એ અવિદ્યા - મિથ્યાત્વનો વિલાસ છે, તેમાં અહંત્વ - મમત્વબુદ્ધિ એજ મહાવ્યાધિ અને રોગ છે.

તેનો પ્રતીકાર 'નાઽહં મમ' બુદ્ધિ છે.

ભોગબુદ્ધિનો ત્યાગ કરી જ્ઞાનબુદ્ધિવાળા બનવું,
તે પરમાર્થની પ્રાપ્તિનો માર્ગ છે.

अविद्या बन्धहेतुः स्यात् विद्या च मोक्षकारणम्।
मम इति बध्यते जन्तुः न मम इति विमुच्यते ॥१॥

અકૃતિઃ અવિદ્યા જે અજ્ઞાન એ કર્મબંધનું કારણ છે
અને જ્ઞાન એ મોક્ષનું કારણ છે.
'મમ' = મમત્વ વડે જીવ બંધાય છે.
'ન મમ' = મમત્વ છોડવાથી જીવ મુક્ત થાય છે.
સુખ-દુઃખ કર્મજનિત છે, તેમાં
રતિ-અરતિ, રાગદ્વેષ અને અવિરતિને પુષ્ટ કરનાર છે.
સુખદુઃખમાં રતિ-અરતિ થવાં એ જ સંસરણ છે.
તે સંસરણનું નિવારણ તે બોધિ પર થયેલ
અરિહંતાદિનું સ્મરણ અને શરણ છે.
રતિ-અરતિ, રાગદ્વેષ, અવિરતિ-કષાય એ સૌ રોગ છે.
તેમાં આરોગ્યબુદ્ધિ ધારણ કરવી તે મિથ્યાત્વ. તેમાં રોગ
-બુદ્ધિ ધારણ કરવી તે તેનો પ્રતિકાર છે. સુખ-દુઃખ
એ પર સ્વરૂપ છે. તેમાં રતિ-અરતિ કરવા લાયક નથી.
સુખદુઃખનો સર્વથા અભોગ તે સર્વવિરતિ છે, અંશતઃ
અભોગ તે દેશવિરતિ છે. રોગબુદ્ધિ તે સમ્યક્ત્વ છે.
તે બોધિ પર થવાનો ઉદ્યમ તે ધર્મ છે. દુઃખ પ્રત્યેની
અરતિ અને સુખ પ્રત્યેની રતિથી આત્માને છોડાવવાનો
ઉદ્યમ અને તે માટે ધર્મક્રિયા એ શુભધ્યાનનો હેતુ છે.
શુભ ધ્યાન તે ભોગમાં અહંબુદ્ધિનો ત્યાગ છે અને

મોક્ષમાં અહંબુદ્ધિનો અંગીકાર છે.
મોક્ષ તે આત્માનું સ્વરૂપ છે - ભોગ તે પરસ્વરૂપ છે.
મોક્ષ સ્વરૂપ પામેલા અરિહંત - સિદ્ધોનું
સતત સ્મરણ એ સંક્લેશ નિવારણનો ઉપાય છે.

- ફા૦ વ૦ ૧૪

## રતિ - અરતિ - સર્વવિરતિ

સર્વવિરતિ = રતિ-અરતિરૂપી અવિરતિનો સર્વથા ત્યાગ.
જીવને અનાદિકાળથી સુખ પ્રત્યે રતિ તથા
દુઃખ પ્રત્યે અરતિની ગ્રન્થિ લાગેલી છે,
તે ગ્રન્થિદેશે અનંત જીવ અનંતવાર આવે છે,
પરન્તુ તેને ભેદી શકતો નથી.
અપૂર્વ વીર્યોલ્લાસથી કોઈક જીવ તે ગ્રન્થિને ભેદે છે
અને અનિવૃત્તિકરણ વડે સમ્યગ્દર્શનરૂપી દુર્લભ રત્નને
પામે છે, પછી તેને સુખ પ્રત્યે રતિ અને દુઃખ પ્રત્યે
અરતિ હોય, તો ય તે રતિ-અરતિ પ્રત્યે રતિ હોતી નથી.
તેના પરિણામે તે સંખ્યાતા સાગરોપમની સ્થિતિ
ખપાવી સર્વવિરતિ ગુણઠાણું પ્રાપ્ત કરે છે.
ત્યારે તેને સુખ પ્રત્યે રતિના સ્થાને દુઃખ પ્રત્યે રતિ તથા
દુઃખ પ્રત્યે અરતિના સ્થાને સુખ પ્રત્યે અરતિ જાગે છે.

તે કારણથી સર્વવિરતિ ગુણસ્થાનકને
'અણુસોઓ સંસારો પડિસોઓ તસ્સુત્તારો'
ઉપરાંત 'કષ્ટાર્થ દીક્ષા' વગેરે જેવા
વિધવિધ વિશેષણથી નવાજ્યું છે.

<u>દોષોનું મૂળ જન્મસ્થાન કયું ?</u>

Imp

રતિ - અરતિ એ રાગદ્વેષનું કાર્ય છે,
રાગદ્વેષનું મૂળ કારણ - મિથ્યાત્વાદિ દોષો છે.
મિથ્યાત્વનો છેદ સુગુરુ - પાપાદિની શ્રદ્ધા વડે અને
વિષય-તૃષ્ણારૂપ અવિરતિનો છેદ સર્વવિરતિ વડે થાય.
સૂક્ષ્મપ્રમાદ અને સંજ્વલનાદિ કષાયોનો વિલય
અપ્રમત્તાદિ ગુણસ્થાનકોએ થઈ શકે છે.
સમ્યક્ત્વની પ્રાપ્તિમાં બાધક
મિથ્યાત્વ - કષાયાદિ દોષો ટાળ્યાં છે,
તેવા દેવ-ગુરુ- સંઘ- સાધર્મિકભક્તિ આદિ
સદનુષ્ઠાનો વડે થઈ શકે છે.
કર્મ, કર્મકૃત યાતના અનુભવે
તિર્યંચ - દેવ - નારકાદિ ગતિમાં છે.
મનુષ્યગતિમાં જ સાધનાની પ્રધાનતા હોવાથી
મોક્ષમાર્ગ મેળવવો તે સાધક માટે સુલભ બને છે.

## અનિત્ય ભાવના

तस्मादाकालिकहितं एकेनैवात्मना कार्यं। સદ્ગતિ: તેથી
એકમાત્ર આત્મા વડે જ શાશ્વત હિત કરવા યોગ્ય છે.
ધર્મસાર બે પ્રકારે છે: શ્રુત - ચારિત્ર.
તેના આરાધક ચતુર્વિધ સંઘ, તેના પ્રકાશક જિનેન્દ્ર,
પ્રભાવક પંચ પરમેષ્ઠિ, ધર્મારાધનામાં સંપાદક સામગ્રી
સામગ્રી સારભૂત તે સિવાય બાકીનું સઘળું અસારભૂત.

0 मनोमूलं वचः स्कन्धः क्रिया शाखादिविस्तरः ।
धर्मवृक्षस्य तन्मूले दृढे सर्वं प्रजायते ॥

0 ध्यानं तु विषये तस्मिन् एकप्रत्ययसंततिः ।

0 परपुंसिरतानारि भर्तारमनुवर्तते ।
तथा तत्त्वरतो योगी संसारमनुवर्तते ॥

0 मनसो नंदनस्येव गते रागे सुखं भवेत् ।

0 जिनेन निगृहीता ये रागद्वेषादयो हठात् ।
तान् ये पुष्णन्त्यसौ तेषां कथं नाथ प्रसीदति ॥

0 न कुले न बले रूपे न च न आयु ते विभो ।
यत् किंचित् वीतरागत्वं तत्र लीनं मनो मम ॥१॥

0 बद्धाबाधिते मुक्तमग्रहं स्यात् ततो बुधैः ।
वारणीयं धृतोन्मुक्तं रज्जुबद्धीकृतवत् मनः ॥ (પરિશિષ્ટ-૧૮)

## સંસાર અને મોક્ષ = દુઃખ અને સુખ

મોક્ષ = વ્યવહારનયે લોકાગ્રે, નિશ્ચયનયે આત્મામાં.

સંસાર = કર્મ અને બંધહેતુઓનો સંગ્રહ.

તે બધું અસાર જણાવવા માટે સંસાર અસાર.

ધર્મના આરાધક - પ્રભાવક = પંચ પરમેષ્ઠિ - ચતુર્વિધ સંઘ.

**દુઃખને માંગો અને સુખને ત્યાગો.**

**ત્યાગે તેની આગે અને માગે તેથી ભાગે.**

સંસારમાં દેહ હોવા છતાં દુઃખને ન ઇચ્છવા, એ કુટેવ તાપરૂપ હોઈને વધુ દુઃખ થવારૂપ છે. એ તાપનું ઔષધ તપ છે કે જેમાં દુઃખને માગવાનું હોય છે.

તપ વડે તાપ જાય છે, માટે તપ એ કર્તવ્ય છે.

તપ = દેહમાં દુઃખ આવે, તેને પ્રસન્નતાથી વેદવા.

તપથી બાહ્યદુઃખ છે અને આંતરસુખ છે.

તપના અભાવમાં બાહ્યથી સુખ - અભ્યંતરમાં દુઃખ છે.

સમ્યગ્દર્શન = નિર્વિચિકિત્સા શ્રદ્ધા = મોક્ષનું બીજ.

દેહ સાથે સુખ - દુઃખ જોડાયેલાં છે, માટે તેમાં હર્ષ - શોક, રતિ - અરતિ ન કરતાં સમભાવે વેદવાં અને યાદ રાખવું કે બધા દેહમાં રામ રહે છે.

श्रेयोदानात् अशिवक्षपणाच्च दीक्षा भवति सान्वर्था ।

## ત્રિ આલય - શેના માટે ?

વિદ્યાલય - To Sacrifice = માતા-પિતા.

દેવાલય - To worship = દેવ-ગુરુ.

દેહાલય - To become = પ્રકૃતિમંડલ.

પ્રથમ ઉપકાર માતાપિતાનો, બીજો ઉપકાર દેવગુરુનો તથા ત્રીજો ઉપકાર વિશ્વપ્રકૃતિનો સ્મરણીય છે. પહેલો અભ્યાસ માતાપિતાવિષયક, બીજો અભ્યાસ દેવગુરુવિષયક અને ત્રીજો અભ્યાસ વિશ્વસત્તાવિષયક.

શાસ્ત્રોક્ત સર્વ અનુષ્ઠાનો આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રકટાવવા માટે છે.

આત્માનું શુદ્ધ સ્વરૂપ પરમાત્માના ધ્યાનને આધીન છે. પરમાત્માનું ધ્યાન તેમના આજ્ઞાપાલન દ્વારા, તેમના ગુણચિન્તન દ્વારા, તેમના નામરૂપ દ્વારા થઈ શકે છે. આત્માના ધ્યાન માટે નવપદાત્મક પરમાત્માનું આલંબન અનિવાર્ય છે. તે આલંબન તેમના નામ, રૂપ અને ગુણચિન્તનમાં એકાગ્રતા દ્વારા સધાય છે. નામ, રૂપ અને ગુણચિન્તન માટે જે નિર્મળતા જોઈએ, તે અહિંસા, સંયમ અને તપના અનુષ્ઠાન વડે પ્રાપ્ય છે. અહિંસાથી પાપનિવૃત્તિ, સંયમથી દુઃખનિવૃત્તિ, તપથી કર્મનિવૃત્તિ થાય.

સર્વે મહાપુરુષો એવી ભાવના નિરંતર કરે છે કે:
સર્વ જીવો પાપરહિત, દુઃખરહિત અને કર્મરહિત બનો
અને તે માટે અહિંસા, સંયમ અને તપના આરાધક બનો.
તે ભાવનાનું નામ 'મૈત્રીભાવના' છે.
ધર્મના મૂળમાં મૈત્રી આદિ સંતપુરુષોના હૃદયમાં સર્વે
જીવો માટે પ્રેમ છે તથા જેની અભિવ્યક્તિ 'પાપરહિત,
દુઃખરહિત અને કર્મરહિત બનો' એવી ભાવનામાં છે.
પાપનું મૂળ હિંસા, દુઃખનું મૂળ અસંયમ અને
કર્મનું મૂળ અસહનશીલતા છે.
ધર્મના મૂળમાં એવી ભાવના છે કે:
સર્વે જીવો દુઃખને સહન કરનારા, સુખનો ત્યાગ કરનારા
અને ધર્મનું સેવન કરનારા બનો.
એ ભાવનાને સ્પર્શ કરવાથી ચિત્ત નિર્મળ થાય છે.
એવી ભાવના કરનારના ગુણો ઉપર
પ્રીતિ કરવાથી ચિત્ત સ્થિર થાય છે અને
ઉત્તમ ગુણોના આધાર રૂપ નિજના શુદ્ધ આત્મદ્રવ્યનું
ધ્યાન - સ્મરણ - પૂજનાદિ કરવાથી
ચિત્ત તન્મય બને છે.
તેનું જ નામ સમાપત્તિ - સમરસાપત્તિ છે.

સમત્વં યોગં ઉચ્યતે । યોગઃ કર્મસુ કૌશલમ્ ।
સમત્વ = અનાગ્રહ. અનાગ્રહ = અનેકાન્ત પરિણતિ.
સમત્વભાવયુક્ત કોઈપણ ક્રિયા એ કુશળને કરનારી
હોવાથી યોગસ્વરૂપ છે, આથી કુશળતા અનાગ્રહ
અને અનેકાન્તની પરિણતિમાં રહેલ છે.

કાયોત્સર્ગ = પ્રતિચિકિત્સા = non-resistence.
ત્રણે યોગોનો નિરોધ થવાથી આશ્રવ દ્વારા હટે અને
મતિની જડતા, મૌન દ્વારા સુખ-દુઃખ સહવાની શક્તિ
અને એકાગ્રતા દ્વારા અનુપ્રેક્ષા અને શુક્લધ્યાન થાય છે.
અપ્પાણં વોસિરામિ । કાયોત્સર્ગનો તાત્પર્યાર્થ છે કે:
બહિરાત્મભાવનો ત્યાગ, અંતરાત્મભાવમાં સ્થિરતા
અને પરમાત્મભાવમાં લીનતા કરીએ.

તેને 'અધ્યાત્મધ્યાનયોગ' પણ કહેવાય છે.
શુદ્ધાત્માને પોતાનું કાર્ય કરવાનો અવસર મળે છે.
મન-વચન-કાયાના અશુભ વ્યાપારોનો ત્યાગ થતો
હોવાથી અંતરાત્મભાવમાં રહી પરમાત્મસન્મુખતા થાય છે.

કાયોત્સર્ગના ૮ નિમિત્ત અને ૧૨ હેતુ છે,
તે દ્વારા નિર્મળચૈતન્યનો સ્પર્શ થાય છે.
પ્રથમ પાપક્ષપણાર્થ વડે દુષ્કૃતગર્હા થાય છે.

દુષ્કૃતગર્હાના ૪ હેતુઓ છે:

ઉત્તરીકરણ, પ્રાયશ્ચિત્તકરણ, વિશુદ્ધિકરણ, વિશલ્યીકરણ. જ્ઞાન વંદનાદિ ૬ નિમિત્ત અને તેના શ્રદ્ધા-મેધાદિ ૫ હેતુઓ છે. તે દ્વારા સુકૃતાનુમોદન થાય છે તથા છેલ્લું નિમિત્ત સમ્યગ્દૃષ્ટિ સુરસ્મરણ છે અને તેના વૈયાવચ્ચગરાણાદિ ૩ હેતુઓ શરણાગમન કરાવે છે.

સમ્યગ્દૃષ્ટિ દેવો સંઘને શરણ્ય છે, તેથી
તેમનું સ્મરણ એ શરણાગમનનો હેતુ છે.

પ્રસન્નચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવતિષ્ઠતે।

અર્થ: પ્રસન્ન ચિત્તવાળાને શીઘ્ર બુદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રસન્નતા = સ્વચ્છતા. ચિત્તમાં મેલાપણું ન હોવું. મેલાપણું એટલે દેહવાસના, અર્થવાસના, કામવાસના, લોકવાસના, શાસ્ત્રવાસના. આ સર્વ વાસનાઓમાંથી
ઈર્ષ્યા, અસૂયા, મત્સરાદિ દોષો પ્રગટે છે.

એને મિટાવવા માટે ચિત્તને નિર્વાસન બનાવવું જોઈએ.

એકાગ્રતા એ ચિત્તનો સહજ ધર્મ છે, જ્યારે અનેકાગ્ર થવા માટે શ્રમ અને પ્રયત્ન કરવો પડે છે.

નિર્વાસન - પ્રસન્ન મન સ્વયં એકાગ્ર હોય છે.

પ્રથમ નિર્વાસન, પછી એકાગ્ર - એક વિચાર, પછી
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ પ્રગટે છે.

પ્રસન્નતા માટે માર્ગાનુસારિતા –
તિર્યક્સામાન્યથી જીવત્વનો સ્વીકાર,
એકાગ્રતા માટે સમ્યગ્દર્શન –
ઊર્ધ્વતાસામાન્યથી આત્મત્વનો સ્વીકાર અને
નિર્વિકલ્પતા માટે પ્રકૃતિનો સ્વીકાર આવશ્યક હોય છે. દ્રવ્યદૃષ્ટિમાં ભળતા ફળ તે સર્વવિરતિ અને શ્રેણીનો પરિણામ છે. સિદ્ધિપ્રાપ્તિ જીવનમાં તેજસ્વિતા લાવે છે અને એ તેજોમયતામાંથી જ આનંદમયતા પ્રકટે છે.

## ચાંડાળના પાંચ પ્રકારો

असूयकः पिशुनश्चैव कृतघ्नो दीर्घरोषकः ।
चत्वारः कर्मचाण्डालाः जन्मतश्चापि पंचमः ॥१॥

असूया = गुणेषु दोषाविष्करणम् ।
कृतघ्नो = उपकारिष्वपि अपकारकता ।
पिशुनता = गुह्योद्घाटनम् ।

અર્થ: અસૂયક[૧] = ગુણોમાં દોષ બતાવનાર, પિશુન[૨] = ગુપ્ત વાતો જાહેર કરનાર, કૃતઘ્ની[3] = ઉપકારી ઉપર પણ અપકાર કરનાર, દીર્ઘરોષક[૪] = લાંબા સમય સુધી ક્રોધ રાખનાર અને જન્મથી[૫] – એમ પાંચ પ્રકારે ચાંડાળ છે.

0 પ્રથમ સત્યગ્રાહી, પછી સત્યાગ્રહી – એ ક્રમ છે.

ૐ

મૃત્યુનો મહિમા ૐ 21/5/71

સ્મશાન એ મૃત્યુની વિજયભૂમિ નહિ પણ મૃત્યુંજય મહાદેવની લીલાભૂમિ છે. જીવનગંગાનો પ્રવાહ અવિરત વહ્યાં કરે તે માટે નૂતનનું અભ્યુપગમન અને જૂનાંની વિદાય, બંને અવસરો મહત્વનાં છે. સૃષ્ટિના ક્રમમાં જીવનનું મૃત્યુ પણ સર્જન જેટલું જ અનિવાર્ય છે, કોઈ એ જૂનાંશીર્ણાંને દૂર લે છે. આમ જેને અમંગલ ગણવામાં આવે છે, તે મૃત્યુ પણ અંતતોગત્વા તો જીવનનું જ કાર્ય સાધી આપનાર મંગલ તત્ત્વ છે.

જીવમાં શિવત્વ - જિનમાં જિનત્વ

જીવાત્મામાં શિવની અને જિનત્વમાં જિનત્વની ભાવના એ આરાધનાનો મૂલાધાર છે. એજ સમ્યગ્દર્શન અને એને જ આત્મભાવના - આત્મભાવનું ભાવન કહે છે. દેહદૃષ્ટિ જન્મે તે દેહ અને દેવદૃષ્ટિ જન્મે તે આત્મા છે, સમ્યગ્દર્શન પરમાત્મસમાપત્તિ રૂપ હોવાથી આત્મજન્મનું કારણ છે.

o

Emotional Nature and Intellectual Processes are different from the Real Self.

## પંચસૂત્ર - પ્રથમ સૂત્ર

સુકૃતાનુમોદના બે પ્રકારે: પરકૃત - સ્વકૃત.
વળી તેના બે પ્રકાર: પરકૃત સાક્ષાત્ અને પરંપરાએ.
શરણાગમન બે પ્રકારે: સ્વશુદ્ધાત્મા - પરશુદ્ધાત્મા.
વળી તેના બે પ્રકાર: પરમાર્થ+પ્રભુતા અને ઉદિત.
શરણાનો ઉપાય સ્મરણ અને સ્મરણાનો ઉપાય
દાન, પૂજન, ધ્યાન, આરાધનાદિ છે.
પાપની ગર્હામાં પશ્ચાત્તાપની ઈચ્છા, તીવ્રતા અને શુદ્ધિ
જોઈએ, તેમ સુકૃતની અનુમોદનામાં પણ સુકૃતની ઈચ્છા,
સુકૃતવાન પ્રત્યે તીવ્રતા અને સુકૃતના સામર્થ્યને
સમજવાની શુદ્ધિ જોઈએ. શરણાગમનમાં પણ ઈચ્છા,
તીવ્રતા અને શુદ્ધિ - એ ત્રણે ત્રણની આવશ્યકતા છે.
સમ્યક્ત્વ થતા બોધમાં શ્રોતા, વક્તા, વચન - ત્રણે જોઈએ.
મનનમાં શ્રોતા અને વચન હોય છે
તથા નિદિધ્યાસનમાં કેવળ વચન હોય છે.
ધ્યાતાવેશમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન - એમ ત્રણે હોય છે.
ધ્યાનાવેશમાં ધ્યેય અને ધ્યાન બે જ હોય છે અને
ધ્યેયાવેશમાં કેવળ ધ્યેય હોય છે.
ધ્યેયાવેશને નિરાલંબન યા આત્માલંબન પણ કહેવાય છે.

## આર્હન્ત્યના પાંચ કૃત્યો

શિવ - નિરૂપદ્રવતા, શાંતિ - કષાયમંદતા,
તુષ્ટિ - સંતોષસુખતા, પુષ્ટિ - ધર્મવૃદ્ધિતા,
સ્વસ્તિ - મોક્ષસુખપ્રાપ્તિ.

આર્હન્ત્યના આલંબન વડે જે કાર્ય થાય છે:

યોગ - જ્ઞાનદાન, જ્ઞાનવૃદ્ધિ અને જ્ઞાનપોષણ.
ક્ષેમ - પ્રાપ્તજ્ઞાનનું ઉપદ્રવોથી રક્ષણ.

આર્હન્ત્ય એ યોગ - ક્ષેમકારક શક્તિનું સ્થાન છે.

આખા વિશ્વમાં એક જ ખૂણો તમે સુધારી કરી શકવાની ખાતરી રાખી શકો અને તે તમારું પોતાનું અંતઃકરણ.

o સમાપત્તિ = કુશલચિત્તની એકાગ્રતા.
શ્રદ્ધા = ચિત્તપ્રસાદ, એનું ફલ મનઃપ્રહ્લાદ.
મૈત્રી = અદ્વેષકત્વ. મુદિતા = સૌમનસ્ય.
ઉપેક્ષા = લોભરાહિત્ય.

શારીરિક ક્ષુધા - તૃષા અન્ન તથા જલની હોય.
માનસિક ક્ષુધા - તૃષા યશ અથવા કીર્તિની હોય.
આધ્યાત્મિક ક્ષુધા - તૃષા પ્રેમભાવની હોય, જે સંતોષવા માટે મૈત્રી - કરુણા - પ્રમોદ - માધ્યસ્થ્યભાવરૂપે અને પ્રશમ, તે શ્રદ્ધા - ક્રોધ, કામ અને લોભનાં મારણ છે.

અંતરાત્માને મૈત્રી - કરુણા - પ્રમોદની ભૂખ છે.
બહિરાત્માને કામ - ક્રોધ - લોભની ભૂખ છે.
ગુણાધિકને શરણે જવું તે સમર્પણ છે.
પ્રેમની સાર્થકતા સમર્પણમાં છે.
આત્મવિલોપન એક જ સાધન છે પ્રભુપ્રાપ્તિનું.
જે શૂન્ય કે નિરહંકારી થઈને ન-મન, પ્રણામન કરશે,
તે સર્વરૂપ બની રહેશે. ઈશ્વરકૃપાના અનુગ્રહમાં દૃષ્ટાંત
ચિંતામણિ રત્ન અને મંત્રાદિનાં છે.
'મન' એ બાહ્યમન - બાહ્યને જુએ છે,
'નમ' એ આંતરમન - આંતરવિશ્વને જુએ છે.
આંતરવિશ્વ આત્મસૃષ્ટિનું - બાહ્યવિશ્વ મનનું સર્જન છે.
મન એ કર્મનું સર્જન - આંતરવિશ્વ આત્મસર્જન છે.

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥
- गीता० ३।१७ (પરિશિષ્ટ-૧૯)

(૧) આત્મરતિ = સમ્યગ્દર્શન - ગુરુવિનયથી.
(૨) આત્મતૃપ્તિ = સમ્યગ્જ્ઞાન - શાસ્ત્રાભ્યાસથી.
(૩) આત્મતુષ્ટિ = સમ્યક્ચારિત્ર - વ્રતપાલનથી.
त्यागाच्छान्तिरनन्तरम् ।

## પ્રેમની પારાશીશી

કર્મકર્તૃત્વ અને કર્મફળભોક્તૃત્વનો ત્યાગ તુરંત જ શાંતિને અર્પે છે. ત્યાગથી શાંતિ વધે છે, ભોગથી નહિ.

ત્યાગ એ પ્રેમસ્વરૂપ છે, તે આપવાથી વધે છે.

ભોગ એ સ્વાર્થરૂપ છે, ભોગવવાથી તૃષ્ણા વધે છે.

પ્રેમ અને ત્યાગ પર્યાયવાચી શબ્દો છે.

'નમો' એ પ્રેમરૂપ છે, તેથી ત્યાગમય છે.

'નમો' એ શાંતિ માટેનો મંત્ર છે.

પ્રેમ એ દેવ - ગુરુ - ધર્મ છે.

પ્રેમ એ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે.

તત્ત્વત્રયી પ્રેમરૂપ છે - રત્નત્રયી પ્રેમસ્વરૂપ છે.

પ્રેમ એ ક્ષમા - માર્દવ - આર્જવસ્વરૂપ છે.

પ્રેમ એ અહિંસા, સત્ય, સંયમસ્વરૂપ છે.

પ્રેમ એ કંચન - કામિનીનો ત્યાગ છે.

રાગનો પ્રતિપક્ષી નિષ્કામ સ્નેહ છે.

(૧) અહિંસા વડે જીવસમાપત્તિ - ભવભયત્રાણકર છે.

(૨) સંયમ વડે આત્મસમાપત્તિ - મોહવિષવારણ છે.

(3) તપ વડે પરમાત્મસમાપત્તિ - કર્મરોગચિકિત્સા છે.

સંયમ વડે જીવમૈત્રી - તપ વડે જિનભક્તિ સધાય છે.

અહિંસા વડે મૈત્રી અને ભક્તિ બંને સાર્થક થાય છે.
પારદની જેમ મનને મૂર્છિત અને મૃત કરવામાં આવે,
તો તે પરમ સિદ્ધિનું સાધન બને છે.
બહિરાત્મભાવનો ત્યાગ - અહિંસાધર્મ થાય.
અંતરાત્મભાવમાં સ્થિરતા - સંયમધર્મ થાય.
પરમાત્મભાવમાં રમણ - તપધર્મ થાય.
આત્મા અહિંસા છે, અહિંસા આત્મા - આત્મસ્વભાવ છે.
તપ અને સંયમ વડે આત્મા સિદ્ધ થાય છે.
'એકોઽહં બહુસ્યાં ।' અને 'સવિ જીવ કરું શાસનરસી'
એ બેનો ભાવ લગભગ સરખો છે.
નિશ્ચયનયથી પોતે પોતાનો તારક છે,
વ્યવહારનયથી વિશ્વ એ તારનારું તીર્થ છે.
આમ ઉભયનયનો સમન્વય વિષય-કષાયને શમાવે
અને અપ્રમાદને જગાડે છે.
કર્મના નિયમનો વિચાર જીવને નમ્ર બનાવે છે,
ધર્મના નિયમનો વિચાર જીવને નિર્ભય બનાવે છે.
શ્રદ્ધામાં સ્નેહ છે, શંકામાં દ્વેષ છે.

o

To believe is to love and
to doubt is to discard.

ભક્તિનો વિષય તિર્યક્‌સામાન્ય છે,
જ્ઞાનનો વિષય ઉર્ધ્વતાસામાન્ય છે.
ભક્તિ એ જ્ઞાનનો હેતુ છે.
ભક્તિ વડે સંસર્ગારોપ - જ્ઞાન વડે અભેદારોપ સધાય.
નમ્ર - લઘુ - નિરહંકારી થાય, તેને ભવભ્રમણ મટી જાય.
જે ગર્વ - મોટાઈ - અભિમાની બને છે,
તેને સંસારનું પરિભ્રમણ વધી જાય છે.

અથ નિશ્ચયે આત્માનું નૈશ્ચયિક સ્વરૂપ

(૧) દ્રવ્યથી એક, અસંગ, પરભાવથી મુક્ત. (૨) ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહ. (૩) કાળથી અજ- અજર - અમર - શાશ્વત. (૪) ભાવથી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ
નિર્વિકલ્પ ચિન્માત્ર - શાન્તત્વ - દેવત્વ.

અથ પ્રકરણની ભાષા

વૈખરી - મધ્યમા - પશ્યંતી તથા પરાભાષામાં
ચતુર્થ ભાષા કલ્પેલી છે.
તેને ન સત્ય, ન અસત્ય, અસત્યામૃષા કહે છે.
તેનાથી સઘળો વ્યવહાર થાય છે, માટે તે કાર્યમાત્રમાં ઉપકારક - સફળ છે. પદાર્થની સત્યાસત્યતાની પરીક્ષા માટે પહેલી ત્રણ તથા ચોથી ભાષા કાર્યસફળતા માટે છે.

(૧) તંત્રના નાદ - બિંદુ - કલાને
આગમ ભાષામાં દ્રવ્ય - ગુણ - પર્યાય કહે છે.
(૨) વૈદિક ભાષાના બ્રહ્મા - વિષ્ણુ - મહેશને
આગમ ભાષામાં ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય કહે છે.
(૩) યોગ ભાષામાં આવતાં ધારણા - ધ્યાન - સમાધિને
આગમ ભાષામાં દર્શન - જ્ઞાન - ચારિત્ર કહે છે.
(૪) જીવાત્મા - આત્મા - પરમાત્માની સમાપત્તિને
આગમ ભાષામાં અહિંસા - સંયમ - તપ કહે છે.
(૫) સત્વ - રજ - તમસ્‌ને અનુક્રમે
આગમ ભાષામાં રાગ - દ્વેષ - મોહ કહ્યાં છે.
(૬) સ્વાર્થના વિરુદ્ધ પરમાર્થનો અર્થ છે કે:
From personality to Universality.
(૭) વીતરાગ પૂર્ણકામ - આપ્તકામ છે.
પૂર્ણતાની દૃષ્ટિએ જ પૂર્ણકામ બનાય છે.
(૮) રાગનો લેશ છે, ત્યાં સુધી પૂર્ણ
પરાર્થકારિતા અશક્ય છે. રાગરહિત થયેલા જ જગતને
વીતરાગ - પૂર્ણકામ - આપ્તકામ બનાવી શકે છે.
(૯) અહિંસામાં જગતને પોતાના આત્મા સમાન,
સંયમમાં પોતાને જગતના આત્મા સમાન અને
તપમાં પોતાનો પરમાત્મા સમાન માનવાનો છે.

## યોગ સરલ...

ઉર્ધ્વભાગને વસાવવો - વસેલા ભાગને ઉર્ધ્વ બનાવવો. સુષુમ્ણાનો આ નાભિકંદ ઉપર બ્રહ્મરન્ધ્ર સુધીનો ભાગ સંસારીઓને ઉર્ધ્વ રહેલ છે અને નાભિકંદ નીચેના સૂર્ય - ચંદ્ર નાડીના ભાગો યોગીઓને ઉર્ધ્વ રહેલ છે. ક્રિયામાર્ગ નીચેના તથા જ્ઞાનમાર્ગ ઉપરના ભાગોમાં છે.

## મંત્રજાપમાં અક્ષરો અને સ્વરની મહત્તા

મંત્રજાપમાં જો અક્ષરો રહી જાય તો આયુષ્યનો ક્ષય થાય અને જો સ્વર ચૂકાય તો રોગની પીડા થાય.

(૧) વર્ણ : अ इ उ ऋ ऌ

(૨) સ્વર : ઉદાત્તાનુદાત્તસ્વરિત

(3) માત્રા : હ્રસ્વ - દીર્ઘ - પ્લુત

(૪) બલ : સ્થાન અને આસ્ય પ્રયત્ન

(૫) સામ : અદ્રુતાવિલંબિત (૬) સંતાન : શુદ્ધિનું ફલ.

o યદ્યપિ બહુ નાધીષે તથાપિ પઠ પુત્ર ! વ્યાકરણમ્ ।
સ્વજનઃ શ્વજનો માઽભૂત્ સકલં શકલં સકૃત્ શકૃત્ ॥

અર્થ : હે પુત્ર ! તું ઘણું ન ભણે તો પણ વ્યાકરણ જરૂર ભણજે, જેથી સ્વજનનું શ્વજન (કુતરો), સકલનું શકલ (ટુકડો) અને સકૃત (એકવાર)નું શકૃત (વિષ્ટા) - આવો ભાષાકીય અનર્થ ન થાય.

# પંચતત્ત્વોનું કાર્ય

(૧) પૃથ્વી તત્ત્વમાંથી હાડ, ચામ, નાડી, રોમ, માંસ બને.
(૨) અપ્‌તત્ત્વમાંથી વીર્ય, રક્ત, રસ, મૂત્ર, પ્રસ્વેદ બને.
(૩) અગ્નિતત્ત્વમાંથી ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા, મૈથુન બને.
(૪) વાયુતત્ત્વમાંથી હલન, ચલન, આકુંચન, પ્રસારણ થાય.
(૫) આકાશતત્ત્વમાંથી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ભય બને.

## દેહ, આત્મા અને કર્મબંધ

દેહ અસ્થિર, મલિન, પર અને દુઃખરૂપ છે.
આત્મા સ્થિર, શુદ્ધ, સ્વ અને સુખરૂપ છે.
સંયમનું ફળ સંવર અને તપનું ફળ નિર્જરા છે.
અહિંસાનું ફળ સંવર - નિર્જરા ઉભયાત્મક છે.

भक्तिः परेशानुभूतिः विरक्तिः अन्यत्रैष त्रिक एककालं।
प्रपद्यमानस्य यथाश्नतः स्युस्तुष्टिः पुष्टिः क्षुदपायोऽनुघासं॥

જેમ અન્નના પ્રત્યેક કોળીએ ક્ષુધા - નિવૃત્ત થવા સાથે તુષ્ટિ - પુષ્ટિ થાય છે, તેમ પ્રપત્તિ ભક્તિ - શરણાગતિ વડે તુષ્ટિ, પુષ્ટિ અને પરેશાનુભૂતિ થાય છે.

તુષ્ટિ = વિષય - કષાયનો અપગમ.
પુષ્ટિ = શુદ્ધિનો ઉપચય. તુષ્ટિ, પુષ્ટિ અને આત્માનો અનુભવ એક સાથે થાય છે.

## આત્માનુભૂતિ થવા પહેલાં

એકાન્ત વિરક્તિ - અનન્યાન્ય ભક્તિ આવશ્યક છે.

સ્વધાતુ = ધાતવઃ સમ્યગ્દર્શનાદિ, દધતિ, ધારયન્તિ જીવસ્વરૂપમિતિ યથા વાતાદિ શરીરમ્ ।- ધર્મબિન્દૌ ૬/૭

આવૃત્તિ: સ્વધાતુ = આત્માની ધાતુઓ સમ્યગ્દર્શનાદિ છે. જેમ રીતે વાયુ વગેરે ધાતુઓ શરીરને ધારણા કરે છે, તેમ રીતે તે જીવના સ્વરૂપને ધારણા કરે છે.

માનવ દેહસ્થ ષટ્ચક્રો એ છ પ્રાણશક્તિના કેન્દ્રો છે. કુંડલિની જાગૃત કરવાથી તેમાં શક્તિ ઉત્પન્ન થાય છે.

કુંડલિની - ચૈતન્યસ્વરૂપી મહાપ્રાણના ભિન્ન ભિન્ન કાર્યો:

પ્રસુપ્ત કુંડલિની દેહધારણાનું કાર્ય કરે છે. જાગૃત કુંડલિની ષટ્ચક્રો દ્વારા ભિન્ન ભિન્ન કાર્યો કરે છે.

### ચારે યોગનો મૂળ ઉદ્દેશ

હઠયોગનો ઉદ્દેશ શરીર તથા પ્રાણની ઉપર પ્રભુત્વ મેળવીને એ પછી મન તરફ વળવું તે છે.

રાજયોગનો ઉદ્દેશ મન ઉપર પ્રભુત્વ મેળવી આત્મા - પરમાત્મા વિષયક ધ્યાન - ધારણા કેળવવા તે છે.

રાજયોગમાં ભક્તિયોગ ભળે છે, ત્યારે તે રાજયોગ એની તેનું ફળ સર્વ કર્મ મુક્તિ - યોગ બને છે.

ચિત્ત તદાકાર થતાં તેમાં રહેલ
નિરાકાર શક્તિ પ્રયત્નનો આકાર ધારણ કરે છે.
નિરાકારતાન આકારરૂપ ધારણ કરી 'પ્રાણમય' થાય છે.
પ્રાણ આનંદમય થાય છે અને આનંદ
સત્સ્વરૂપ ધારણ કરે છે. સત્ સૌંદર્યરૂપે વિલસે છે.
સૌંદર્યમાં ચિત્તના પ્રવેશ તેથી સત્ - ચિત્ - આનંદ-
ઘનરૂપી પરમાત્મા હરેક સ્થાને - સ્થાને પ્રકટે છે.
આ પાંચ ભૌતિક સૃષ્ટિમાં એક પણ રજકણ
એવું નથી કે જેમાં આ સત્ - ચિત્ - આનંદઘનરૂપી
પરમાત્મા બિરાજતા ન હોય!
દેશ - કાળાદિથી અપરિચ્છિન્ન એવા આત્મતત્ત્વમાંથી
જ આ પાંચ ભૌતિક વિશ્વની ઉત્પત્તિ થઈ છે.
ત્રા + ટક = ત્યાં જ ટકવું, સ્થિર થવું.
ઈડા = ગંગા, પીંગળા = જમના, સુષુમ્ણા = સરસ્વતી.
બે આંખો તથા નાસિકા - ત્રણેનું મિલન અહીં થાય છે.
ઈડા, પીંગળા અને સુષુમ્ણા - ત્રણેનો સંગમ ભ્રૂમધ્યમાં છે.
આ સ્થાને ત્રાટક સ્થિર કરતાં
આ વડે તેને સમાધિસુખનો અતીન્દ્રિય આનંદ અનુભવાય.
મૌન - આંતરનિરીક્ષણથી સ્વચ્છંદતા કાબુમાં આવે છે.

ये पुरुषे ब्रह्म विदुस्ते विदुः परमेष्ठिनम्। સ્ફૂર્તિ:
જે આત્મામાં પરમાત્માને જાણે, તે પરમેષ્ઠિને જાણે છે.

लोके विततमात्मानं लोकं चाऽत्मनि पश्यतः।
परावरदृशः शान्तिस्तानि मलान्नू नश्यति ॥ (પરિશિષ્ટ-૨૦)

विशेषतो व्यवहारः परस्परोपग्राहकत्वमित्येनमन्तिरम्।

– સ્યાદ્વાદ રત્નાકર, પૃ. ૯૭૮

સ્ફૂર્તિ: વ્યવહાર એટલે જ વિશેષતા.

તીર્થંકરાદિગત વિશેષતાના કારણે વ્યવહાર થાય છે. વિનિયોગનું પ્રથમ દ્વાર 'સ્મૃતિ' છે. પરમાત્મા દૂર છે પણ પરમાત્માનું ચૈતન્ય આપણાથી દૂર નથી. પરમાત્માનું મનમાં સ્મરણ થતાં જ તેમનું ચૈતન્ય બધું શુભ કરવા તત્પર જ છે. સ્મૃતિ કરી એટલે પરમાત્મામાં રહેલી બધી સિદ્ધિઓનો વિનિયોગ કરવા માટે પ્રભુ તત્પર બને જ છે. 'જગદનુગ્રહપ્રવણં નિષ્કલમપિસ્વરૂપમ્।' સૌથી મોટી સિદ્ધિ 'કરુણા' છે. તેનો વિનિયોગ તીર્થંકર ભગવંતો ધર્મોપદેશ દ્વારા કરે છે. આપણો આત્મા અને પરમાત્મા વચ્ચે માર્ગ જેમ સ્મૃતિ છે, તેમ સંસારી અને સિદ્ધ વચ્ચેનો માર્ગ અરિહંત છે, તેથી તેમને 'મગ્ગો' વિશેષણ સાર્થક થાય છે.

સ્વભાવ ઉપર સત્તા કર્મની છે.

કર્મના અનુસાર જ સ્વભાવ કાર્ય કરે છે.

પંચપરમેષ્ઠિ નમસ્કાર એ સ્તુતિરૂપ હોવાથી

પંચ પરમેષ્ઠિઓને અનુગ્રહ કરવાનું દ્વાર છે.

અનુરાગરૂપ નમસ્કાર દ્વારા પરમેષ્ઠિઓ અનુગ્રહ કરે છે.
તેમનો અનુગ્રહ અનુરાગીના સર્વ પાપ કર્મોનો ક્ષય અને સર્વ શુભ કર્મોની પુષ્ટિ કરે છે. અનુબંધવાળી શુદ્ધિ અને પુષ્ટિ પરંપરાએ મુક્તિનું કારણ બને છે.

એ રીતે પરમાત્મા ભક્તોને નિજ વસ્તુ છે.
ત્યાં 'હું' 'તું'નો ભેદ નથી. ભેદ તે ભ્રમ છે. તેમનું ચૈતન્ય આપણાથી કદાપિ દૂર નથી. સ્મરણ કરવાની સાથે જ તે પાપક્ષય અને મંગળનું કાર્ય કરે છે.

'નમો' પદ રત્નત્રયસ્વરૂપ છે.

Namo is turning point of the mind towards Divine.

નિશ્ચય પરમેષ્ઠિ સ્વ દેહગત ૮ રુચકપ્રદેશો 'નિવૃત્તૌ પ્રણિપાતહેતુ ।' નિવૃત્તિ વૃત્તિરાહિત્ય શૂન્યતા એ પ્રકૃતિ.

શરીર, પ્રાણ અને મન -

એ ત્રણેનો સંક્ષેપ કરાવનાર 'નમો' પદ છે.

સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન = આત્મસમદર્શિત્વ.

સમ્યક્ચારિત્ર = આત્મસમવર્તિત્વ.

નિશ્ચયથી દેવ - ગુરુ - ધર્મ એ ત્રણ ગુણો છે.

દેવપણું તે દર્શન પમાડે, ગુરુપણું તે જ્ઞાન પમાડે અને ધર્મપણું તે ચારિત્ર પમાડે છે.

દેવ એ નિજગત પરમાત્મતત્ત્વ છે. ગુરુ તેનું અનુભવ - જ્ઞાન અને ધર્મ તેનું રમણ - તેમાં રમણતા છે.

સમ્યગ્દર્શન એ તો ધ્રુવ સ્મૃતિનું અવંધ્ય કારણ છે. અર્થાત્ દેવ - ગુરુ - ધર્મનું નિરંતર સ્મરણ કરાવે છે.

ક્યારે - કયા ચક્રમાં સ્ફુરણ થવું ?

(૧) સ્તુતિ વખતે કંઠગત વિશુદ્ધિચક્રમાં સ્ફુરણ થવું.

(૨) જપ વખતે હૃદયગત અનાહતચક્રમાં સ્ફુરણ થવું.

(૩) ધ્યાન વખતે નાભિગત મણિપુરચક્રમાં સ્ફુરણ થવું.

(૪) લય વખતે મૂલાધાર - સ્વાધિષ્ઠાનચક્રમાં સ્ફુરણ થવું.

મનોગત ચૈતન્ય વિષે...

મનની આકૃતિરૂપે પરિણમેલ નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવ મધ્યમાગત પરમાત્મસ્વરૂપ છે.

મનોગત ચૈતન્ય જ તે તે આકારોને ધારણ કરે છે.

મનોગત ચૈતન્ય પરમાત્માના સ્વરૂપથી અભિન્ન છે.

## યોગના ૮ અંગોનું મહત્ત્વ

બહિરંગયોગમાં આલંબન વ્યવહારનય છે.
અંતરંગયોગમાં આલંબન નિશ્ચયનય છે.
ક્રિયાયોગ સતાત્માસ્વરૂપ છે.
તે દ્વારા તમોગુણજન્ય મલદોષ દૂર થાય છે.
ભક્તિયોગ ચિદાત્માસ્વરૂપ છે.
તે દ્વારા રજોગુણજન્ય વિક્ષેપદોષ દૂર થાય છે.
રાજયોગ ભાવાત્માસ્વરૂપ છે.
તે દ્વારા સત્ત્વગુણજન્ય આવરણદોષ દૂર થાય છે.

(૧) યમથી બહિર્મુખ પ્રવૃત્તિ સાત્ત્વિક અને હિત બને છે.
(૨) નિયમથી શરીર-ઇંદ્રિયો વગેરે સાત્ત્વિક-હિત બને છે.
(૩) આસનથી શરીર અને પ્રાણ સાત્ત્વિક-હિત બને છે.
(૪) પ્રાણાયામથી પ્રાણશક્તિ સાત્ત્વિક-હિત બને છે.
(૫) પ્રત્યાહારથી પાંચે ઇંદ્રિયો સાત્ત્વિક-હિત થાય છે.
(૬) ધારણાથી આખું ચિત્ત સાત્ત્વિક-હિત થાય છે.
(૭) ધ્યાનથી સ્થિર થયેલું ચિત્ત વધુ હિત બને છે.
(૮) સમાધિ - ધ્યેયાકારવૃત્તિ ચિત્તને વધુ હિત કરે છે.

બાહ્યજીવન આંતરિક જીવનને અને
આંતરિક જીવન બાહ્યજીવનને હિત બનાવે છે.
એક અંગનું સાધન સર્વ અંગનું સાધન બને છે.

આરોહ = નીચેના અંગો ઉપરના અંગોને સહાય કરે તે.

અવરોહ = ઉપરની ભૂમિકાની સાત્ત્વિકતા
નીચેની ભૂમિકામાં દિવ્યતા લાવે તે.

Ascent through descent
and descent through Ascent.

બાહ્ય = તિર્યક્ સામાન્ય, આંતર = ઊર્ધ્વતા સામાન્ય.

અનુગ્રહ = પ્રભુની કરૂણા. નિગ્રહ = પ્રભુનું માધ્યસ્થ્ય.

કર્મક્ષયનું અસાધારણ કારણ શુદ્ધ સ્વરૂપનું ધ્યાન છે.

જ્ઞાનનું ફળ સમતા તથા સંવર છે.

ધ્યાનનું ફળ નિર્જરા તથા નિરોધ છે.

સંયમના પવિત્ર આકરી પ્રાણની શુદ્ધિ કરે છે. શુદ્ધ પ્રાણ મન શુદ્ધ કરે તથા મનશુદ્ધિ આત્મશુદ્ધિ કરે.

ચૈતન્ય લાગણીયુક્ત છે, તેથી હિતકારી છે.

લાગણી એટલે સ્નેહ - દયા - વાત્સલ્ય.

જડ લાગણીશૂન્ય છે, તેથી અહિતકારી છે.

પાપની ઉત્પત્તિ પુદ્ગલના રાગથી અને
પુણ્યની ઉત્પત્તિ ચૈતન્યના બહુમાનથી છે.

પુદ્ગલનો સ્નેહરાગ કામ - ક્રોધ - લોભને વરે છે,
ચૈતન્યનો અનુરાગ શમ - દમ - સંતોષને આપે છે.

મંત્રના શબ્દો વડે મન - બુદ્ધિ આદિનું બ્રહ્મતત્ત્વમાં
રૂપાંતર થાય છે અને જે આત્માનુભૂતિ કરાવે છે.
બ્રહ્મતત્ત્વ આત્માના ચયગુણ સાથે સંબંધ ધરાવે છે.

પરમાત્મા જે સૂક્ષ્મતરરૂપે જગમાત્રમાં
સત્તારૂપે બિરાજમાન છે, તેની પ્રાપ્તિ
વિવેક - વિચાર - ભક્તિરૂપી અંતરંગ સાધનોથી થાય છે.

आत्म - प्रवृत्तावतिजागरूकः, परप्रवृत्तौ बधिरांधमूकः ।
सदा चिदानंदपदोपयोगी, लोकोत्तरं साम्यमुपैति योगी ॥

અર્થાત્: પોતાની પ્રવૃત્તિમાં અત્યંત જાગૃત થવું,
બીજા સૌની પ્રવૃત્તિમાં બહેરા - આંધળા - મૂંગા થવું,
હંમેશા ચિદાનંદ પદ આ આત્મામાં ઉપયોગવંત રહેવું.
આટલું થવાથી યોગી લોકોત્તર સામ્ય પ્રાપ્ત કરે છે.

## જિનરાજના નામરૂપી મૂળમંત્રના છ કાર્યોનું વર્ણન

(૧) આકર્ષણ = અપાર આત્મઋદ્ધિનું.
(૨) વશીકરણ = શિવવધૂનું - મોક્ષલક્ષ્મીનું.
(૩) ઉચ્ચાટન = વિષય - કષાયાદિ દોષોનું.
(૪) મારણકર્મ = આઠ મહાકર્મ રૂપી રિપુનું.
(૫) સ્તંભન = મનને કુમાર્ગે જતું રોકવું તે.
(૬) મોહન = અનુભવપ્રાપ્તિનું કર્મ કરે છે.

ભક્તિહીન જીવો નરકમાં પડે છે,
મંત્રહીન જીવો તિર્યંચમાં ભટકે છે,
ભક્તિનું ફળ જ્ઞાન અને વૈરાગ્ય છે. જ્ઞાની અને
વિરક્તની ભક્તિ જ્ઞાન અને વૈરાગ્ય લાવે તે સફળ છે.
મંત્ર તે શબ્દબ્રહ્મરૂપ છે, મૂર્તિ તે પરબ્રહ્મસ્વરૂપ છે.
શબ્દબ્રહ્મ તિર્યક્ તથા પરબ્રહ્મ ઊર્ધ્વતાસામાન્યરૂપ છે.
ઓરૂથી ક્રોધ અને બળથી કામ ટળાય છે.
મૂર્તિ અને મંત્રને બતાવનાર ગુરુ છે.
ગુરુથી કુબુદ્ધિ - લોભબુદ્ધિ ટળાય છે.
ભક્તિ માટે નિર્વૈરતા અને નિર્વાસના જોઈએ.
વાસના જાય પછી ચિત્તનિરોધ થાય.
નિરોધ માટે નિર્વૈરવૃત્તિ અને વાસનારહિતતા જોઈએ,
તે મંત્ર અને મૂર્તિના ધ્યાનથી મળી રહે છે.
નૈગમનય જીવને ઈશ્વરનો અંશ અને
સંગ્રહનય જીવને ઈશ્વરનું સ્વરૂપ માને છે.
તે બંને નયોના પાયા ઉપર જ
વ્યવહારનયનું આચરણ સુવિશુદ્ધ બને છે.
સર્વત્ર ભગવદ્ભાવ જાગે, ત્યારે
આત્મદર્શન થાય અને વિષય - કષાય નિર્મૂળ બને છે.

## કાળની ફાળમાંથી કોણ ઉગારી શકે ?

સચરાચર વિશ્વમાં જેને ભગવદ્ભાવ જાગે,
તે કાળની ફાળમાંથી ઉગારી શકે છે.

વસ્તુમાત્ર સામાન્ય - વિશેષ ઉભયાત્મક છે.

સર્વનો સમાવેશ સ્વમાં ન થાય, ત્યાં સુધી તે અંશમાં અનાત્મભાવ રહી શકે છે. આત્મામાં અનાત્મભાવ એ મિથ્યાત્વ છે, તેથી વિષવત્ ત્યાજ્ય છે.

જીવ એ જગતથી ભિન્નાભિન્ન છે.

સંગ્રહથી સર્વમાં છે અને એવંભૂતથી કોઈમાં પણ નથી.

'સબ મેં હૈ ઔર સબ મેં નાંહી, તૂં નટરૂપ અકેલો...(૨)

'જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્ ।' અર્થાત્:
જગતસ્વભાવની વિચારણા મોહના અભિભવ માટે છે,
કાયાના સ્વભાવની વિચારણા વૈરાગ્ય માટે છે.

## શિવ એ નટરાજ છે.

સમગ્ર ભેદરૂ અખિલ બ્રહ્માંડ - પ્રકૃતિમય જગત તે શિવનું અર્ધાંગ છે. ધ્રૌવ્ય તે શિવ અને ઉત્પાદ - વ્યય તે તાંડવ નૃત્ય. 'ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્તં સત્ ।'
એ રીતે આ સૂત્રનો સમન્વય થઈ શકે છે.
લોકસ્વરૂપ ભાવના એ જ શિવનું તાંડવ નૃત્ય કહેવાય છે.

**પ્રત્યેક જીવને લોકપુરુષ - વિશ્વપુરુષ ખડુ કરી શકાય.**

(૧) વિશ્વપુરુષ અનાદિ, અનંત, શાશ્વત, સુસ્થિત, સુપ્રતિષ્ઠિત, મહાકાય, લોકકાન્તાદિ ગુણોથી યુક્ત છે.

(૨) વિશ્વપુરુષનો મસ્તક ભાગ = સિદ્ધોનું સ્થાન છે.

(૩) વિશ્વપુરુષનો મુખ ભાગ = પાંચ અનુત્તર દેવલોક.

(૪) વિશ્વપુરુષનો કંઠ ભાગ = નવ ગ્રૈવેયક સમાન છે.

(૫) વિશ્વપુરુષનું વક્ષઃસ્થલ = ૧૨ દેવલોક સમાન છે.

(૬) વિશ્વપુરુષનો ઉદર ભાગ = અસંખ્ય દ્વીપ - સમુદ્રો છે.

(૭) વિશ્વપુરુષનો પગ ભાગ = નારકી - પરમાધામીઓ અધર્મીઓને પગ તળે કચડે છે તથા ધર્મીઓને છાતી સાથે આલિંગન કરીને મનુષ્ય લોકમાં મોકલે છે.

(૮) લોકપુરુષમાં બધા અને બધામાં લોકપુરુષને જાણવો - જોવો, તે જ કેવળજ્ઞાનનું તાત્વિક સ્વરૂપ, તે જ પ્રભુઆજ્ઞા અને તે જ આર્હન્ત્યની શક્તિ છે.

સર્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ
તે લોકપુરુષનો આધાર છે.
બધા શાસ્ત્રો અને શબ્દો વડે પોતાને કહેવડાવે છે.
બધા આકારો અને ભાવો વડે
'હું તે વિશ્વપુરુષ છું' એમ જણાવે છે.

પ્રત્યેક ભવને વિશ્વરૂપે ભાવન કરવાથી હૃદય અતિ વિશાળતા અનુભવે છે તથા શાંતરસનો સ્વાદ રેલાય છે.

મસ્તક તે સિદ્ધશિલા, મુખ તે અનુત્તર, કંઠ તે ગ્રૈવેયક, વક્ષઃસ્થળ તે સ્વર્ગલોક, કટિ તે દ્વીપ સમુદ્ર અને પગ તે નરકાવાસ - એ રીતે ભાવના કરવાથી પણ પિંડ અને બ્રહ્માંડની એકતા અનુભવી શકાય છે.

દૃષ્ટિ ધ્રુવ ઉપર અને પગ પૃથ્વી ઉપર રાખવાથી સાથે દિશામાં ઘણા પણ ગતિ થાય, તે પ્રશસ્ય છે.

અવળી દિશા તરફની શીઘ્ર ગતિ હેય છે.

વિશ્વચૈતન્ય એકરસ છે, અખંડ, અભિન્ન, નિત્ય છે, સુખદુઃખથી પર છે. ચૈતન્યમાં સુખદુઃખાદિ વૈષમ્ય ઘટતું નથી.

'વૈષમ્ય હોય ત્યાં રૂપાંતર પણ હોય.

રૂપાંતર થાય તેનો નાશ પણ થાય.

બંધ - મોક્ષ ચૈતન્યમાં નહિ પણ અંતઃકરણમાં છે.

અંતઃકરણની ઉત્પત્તિ શુભાશુભ કર્મથી છે.

તે પ્રતિ શરીર ભિન્ન છે.

બંધ - મોક્ષ ઉપાધિને છે, મૂળ ચૈતન્યને નહિ.'

એ સત્યને સ્થિર કરવા માટે બંધ - મોક્ષનું વર્ણન છે.

'ચૈતન્ય નિત્યમુક્ત છે.'

એ સમજ ઉપર મોક્ષમાર્ગ આધારિત છે.

પ્રભુનું સ્મરણ વિરાગને વિકસાવે છે,
મોક્ષનું સ્મરણ ભક્તિને વિકસાવે છે.
સત્યના વિચારથી શાંતિ, આત્માના વિચારથી તુષ્ટિ
અને પરમાત્માના વિચારથી પુષ્ટિ થાય છે.
શાંતિનું કારણ અહિંસા, તુષ્ટિનું કારણ સંયમ અને
પુષ્ટિનું કારણ તપ છે. શાંતિથી શુદ્ધિ, તુષ્ટિથી સ્થિરતા
અને પુષ્ટિથી તન્મયતા લાધે છે. સમ્યગ્દર્શન - જ્ઞાન -
ચારિત્ર એ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિના જ પર્યાય નામો છે.
અહિંસા નિર્મળતા લાવે છે,
સંયમ સ્થિરતા લાવે છે તથા તપ તન્મયતા લાવે છે.
અહિંસાનો આધાર સમ્યગ્દર્શન, સંયમનો સમ્યગ્જ્ઞાન
અને તપનો આધાર સમ્યક્ચારિત્ર છે.
બુદ્ધિના મૂળમાં અહંકાર છે, પ્રજ્ઞાના મૂળમાં પ્રેમ છે.
બુદ્ધિ આકૃતિ સુધી પહોંચે, પ્રજ્ઞા પ્રકૃતિ સુધી પહોંચે છે.
બુદ્ધિ વિશ્લેષણ કરે છે, પ્રજ્ઞા સંશ્લેષણ કરે છે.
વિજ્ઞાનનું મૂળ બુદ્ધિ છે, પ્રજ્ઞાનું મૂળ કરુણા છે.
એક બહિર્લીન છે, બીજું અંતર્લીન છે.
બહિર્લીન આકૃતિનું અને અંતર્લીન પ્રકૃતિનું.
આકૃતિ - આકાર - પર્યાય એકાર્થક છે.
પ્રકૃતિ - મૂળ સ્વભાવ - દ્રવ્યદૃષ્ટિ એકાર્થક છે.

## શાંતરસ - રસાધિરાજ

(१) આલંબન વિભાવ: સંસારની નિર્ગુણતા - અસારતા
મોક્ષની ગુણમયતા - સારભૂતતા.

(२) ઉદ્દીપન વિભાવ : સંસારીઓની વિવિધ ચેષ્ટાઓ
નરક - નિગોદની પીડા
દેવ - મનુષ્યનાં સુખ } તેને અનુભવનાર

જીવોની શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, અદ્ભુત આદિ અવસ્થાઓ તથા મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિ માર્ગ પ્રસ્થિત જીવોની વિવિધ પ્રકારની આરાધનાઓ.

(3) અનુભાવ: યમ - નિયમ આદિ વિવિધ ક્રિયાઓ. અહીં ત્યાગ અને અહીં યોગ દ્વારા થતી પ્રવૃત્તિઓ.

(४) સંચારિભાવ : મુક્તિઅર્થ થતી વિવિધ ક્રિયાઓની પાછળ વપરાતી બુદ્ધિ, સ્મૃતિ, ધૃતિ આદિ ચિત્તની વૃત્તિઓ.

તે વડે ઘણું શાંતરસનું ચર્વણ તૃષ્ણાક્ષય કરી રસાધિરાજ શાંતરસનો અનુભવ કરાવે છે. ભવનિર્વેદ - મોક્ષાભિલાષ રૂપી સંવેગ એ દેવ અને ગુરૂની ભક્તિનું મૂળ છે. દેવ - ગુરૂની ભક્તિ એ માતાપિતાદિની ભક્તિનું મૂળ છે. વૈરાગ્ય અને સંસારભીરૂતા તે નિર્વેદ છે. તત્ત્વજ્ઞાન, વીતરાગ પરિશીલન, પરમેશ્વરાનુગ્રહ સંવેગાત્મરૂપ છે.

## દાનધર્મ - શ્રેષ્ઠ ધર્મ

ધર્મનું પ્રથમ સોપાન દાન છે. દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે. અભયદાનનું મૂળ પણ અનુકંપા છે, તેથી ધર્મની આદિમાં અનુકંપાપરતા હોવી જોઈએ. શીલ, તપ અને ભાવ પણ અભયદાનને પુષ્ટ કરે છે, માટે ઉપાદેય છે અને ધર્મ છે.

પ્રાણિરક્ષણાદિ વિનાના આશયો પણ
દયા - વિનય અને પરોપકારાદિથી સાર હોય છે.

ઈશ્વર બુદ્ધિગ્રાહ્ય નહિ પણ ભક્તિગ્રાહ્ય છે,
જ્ઞાનગ્રાહ્ય નહિ પણ ભાવગ્રાહ્ય છે.

ઈશ્વરની આજ્ઞા ભલા બુદ્ધિમાન પણ અબુદ્ધિમાન છે,
કેમકે તે જ્ઞાનનો નહિ પણ ભાવનો ભૂખ્યો છે.

શ્રી જિનેશ્વરના નામાદિ ચારેય કે નામ, આકૃતિ, દ્રવ્ય નિક્ષેપો હૃદયમાં સ્થિર થાય, તો સાધકને - આરાધકને પરમાત્મા જાણે કે ચક્ષુ વડે પોતાની સામે દેખાતા હોય, (આલોક્ય) હૃદયમાં પ્રવેશ કરતા હોય, મધુરાલાપ કરતા હોય (આભાષ્ય), સર્વ અંગોમાં અનુભવાતા હોય (આશ્લિષ્ય) અને તન્મયતાને પામી જતા હોય (આદુન્ય) તેવો અનુભવ થાય છે. આવા સ્ફુરણા કે અનુભવથી સકલ કલ્યાણોની સિદ્ધિ થાય છે. ઈતરો આ ૪ અવસ્થાઓને અનુક્રમે

સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય નામક સંજોગો છે.
આ ચારે ભક્તિ આશ્રય - આશ્રિત ભક્તિ છે.
તેને 'સાનુગ્રાહ્ય' પણ કહે છે.

૦ ભક્ત મળે ભોગાયતન, સંત મળે ઓંકાર.
વિરતિ પૂર્વે વિરક્તિ જોઈએ, તેમ ભક્તિ પૂર્વે મોક્ષ અવશ્ય જોઈએ અથવા વિરક્તિ માટે વિરતિ છે, તો મોક્ષ માટે ભક્તિ હોવી જોઈએ.

પૂર્વગ્રહરહિત દ્રષ્ટિ માટે શું કરવું ?

સોઽહં દીપોઽર્ચિષાં સ્તુત સ્રોતસાં તદિદં જલમ્ ।
સોઽહં પુમાનિતિ નૃણાં મૃષાગીર્ધીર્મૃષાયુષાં ॥ સહરિઃ

'દીપ અને નદીની જેમ મનુષ્ય પણ પ્રતિક્ષણ પલટાય છે, નિત્ય નવો નવો થાય છે'
તેમ માનવાથી દ્રષ્ટિ પૂર્વગ્રહરહિત રહે છે.

અંકશાસ્ત્રમાંથી જાણવા મળે છે કે...

૫નો અંક નિરાકાર શૂન્યની અર્ધાંગિની છે.
૫નો પતિ સૂર્ય છે, તેની ઉપાસનાથી બ્રહ્મદર્શન થઈ શકે છે.
૮નો અંક માયાનો વિસ્તાર છે.
૯નો અંક સ્વયં સાકાર (બ્રહ્મ) છે.
૧૦નો અંક શૂન્યબ્રહ્મ - પૂર્ણબ્રહ્મનું પ્રતીક છે.

માનવને માનકષાયની અધિકતા છે, માટે
અભિમાન મૂકીને બધાને નામગ્રહણપૂર્વક
માન આપવામાં માનવજન્મની સાર્થકતા છે.

દેવ-ગુરુને નમસ્કારથી ધર્મનો પ્રારંભ થાય છે. તેના મધ્યમાં અને અંતમાં પણ નમસ્કાર વડે જ માન-રહિત અને જ્ઞાનસહિત થવાય છે. પોતાનું મનાવવાનો પ્રયાસ માન વધારવા માટે થાય છે, બધાનું અને આપ્ત જનોનું માનવાની ટેવ પાડવાથી માન ઘસાય છે અને ધર્મનું મૂળ વિનય પુષ્ટ બને છે. આધ્યાત્મિક સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય પોતાનું મનાવવાનો નહિ પણ બધાનું માનવાનો છે. દરેક ક્રિયામાં માનવતાનો વિકાસ બધાને માન આપવાથી થાય છે. માન માગવાથી નહિ અર્થાત્ મન, વચન, કાયાથી બધાને માન આપતાં શીખવું અને તેમાં પણ માન્ય પુરુષોને સવિશેષ માન આપતાં શીખવું એ જ વિકાસનો ક્રમ અને સુનિશ્ચિત માર્ગ છે.

પ્રભુની આકૃતિના દર્શનથી સાલોક્યમુક્તિ, નામગ્રહણ સ્મરણથી સામીપ્યમુક્તિ, આત્મદ્રવ્યચિન્તનથી સારૂપ્યમુક્તિ, પ્રભુભાવમાં તન્મય થવાથી સાયુજ્યમુક્તિ પ્રાપ્ત થાય છે. એ ચારે પ્રકારની મુક્તિ 'માનમુક્તિ'ના પર્યાયરૂપ મુક્તિ છે.

## માનકષાયથી મુક્ત કઈ રીતે થવું ?

પૂજ્યોના નામ - સ્થાપના - દ્રવ્ય - ભાવને ભક્તિપૂર્વક હૃદયમાં સ્થાન આપવાથી માનકષાયથી મુક્ત થવાય છે. માનમુક્તિથી અન્ય કષાયોની મુક્તિ સુલભ બને છે. દાન પણ માન છોડવા માટે હોય તો જ ધર્મરૂપ બની શકે છે. પ્રત્યેક ધર્મક્રિયા મુખ્યત્વે માનવને માન-કષાય ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે વિહિત છે. બુદ્ધિથી પણ પર જે આત્મતત્ત્વ છે, તેને પ્રાપ્ત કરાવનાર તપ છે અને તપ 'નમ'માં પર્યવસાન પામે છે. જે તપ કરે છે, તે 'નમ' દ્વારા ઉર્ધ્વગતિ પામે છે. જે તપ નહિ કરતો તે પતન દ્વારા અધોગતિને પામે છે. ભક્તિ પુરુષતંત્ર છે. પ્રપત્તિ વસ્તુતંત્ર છે. વસ્તુમાં રહેલા ગુણોના જ્ઞાનથી જે પ્રેમ થાય, તે વસ્તુતંત્ર છે અને શાસ્ત્રાજ્ઞાને વિવશ થઈને જે પ્રયત્નપૂર્વક થાય, તે પુરુષતંત્ર. એક ભક્તિને મોક્ષોપાય માને છે, બીજો ભગવાનને મોક્ષોપાય માને છે. પ્રપત્તિભક્તિ નિમિત્ત કારણતાવાદી છે, જ્ઞાન ઉપાદાન કારણતાવાદી છે.

સામાન્ય ભક્તિ ઉભય કારણતાવાદી છે, તેથી તે જ્ઞાન અને ક્રિયા - એમ ઉભયાત્મક છે.

'वीतराग विषयं चित्तं ।'नो એક અર્થ નિર્વિષય થાય.

निर्विषयं चित्तं या निर्विकल्पं मनः ।

અનુગ્રહથી અનુરાગ અને

અનુરાગથી અનુગ્રહ - આમ પરસ્પરાપેક્ષ છે.

એકમાં નિમિત્ત અને બીજામાં ઉપાદાન પ્રધાન છે.
'नमो' પદ વડે શૂન્યતાનો બોધ તે વૈરાગ્ય, પૂર્ણતાનો બોધ તે ભક્તિ છે અને એકતાનો બોધ તે જ્ઞાન છે.
આત્માનો સ્વભાવ સામાયિક છે, એ અર્થમાં 'आया सामाइए।' અને કર્મનું અગ્રહણ તે રૂપ આત્માનો શુદ્ધ સંવરસામાયિક છે, એ અર્થમાં 'आया सामाइयस्स अट्ठे।'

'સમાધિ' એટલે શત્રુ - મિત્રમાં, સુખ - દુઃખમાં તથા જ્ઞાન - ક્રિયામાં સમત્વયુક્ત ચિત્ત - સમત્વ.

મનન = સવિકલ્પ સમાધિ.

નિદિધ્યાસન = નિર્વિકલ્પ સમાધિ.

o વિજ્ઞાન અને આત્મજ્ઞાન વચ્ચે પાળી - વાડ એ એનું કાર્ય કરે છે. 'ज्ञापकं शास्त्रं, न तु कारकम् ।'

o 'श्रीमद् ऋषभादिवर्द्धमानान्तेभ्यो नमो नमः ।'

૧ અવસર્પિણીમાં ૭ ગ્રહો ૨૪ વાર ઉચ્ચસ્થાને આવે, માટે ૧ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થાય છે.

ॐ

| | | |
|---|---|---|
| પ્રથમં બ્રહ્મ | લક્ષણવાક્ય | |
| તત્ત્વમસિ | સંબંધદર્શક ઉપદેશવાક્ય | શ્રવણ |
| અયમાત્મા બ્રહ્મ | અનુસંધાનવાક્ય | મનન |
| અહં બ્રહ્માસ્મિ | અનુભૂતિવાક્ય | નિદિધ્યાસન |
| તસ્માત્ સર્વં ખલ્વિદં | બ્રહ્મવાક્ય | એકતાવાક્ય |

o

| | | | |
|---|---|---|---|
| What? | સ્વરૂપદર્શક | શ્રવણ | જ્ઞાન |
| Why? | હેતુદર્શક | મનન | દર્શન |
| How? | કારણદર્શક | નિદિધ્યાસન | ચારિત્ર |

o

| | | |
|---|---|---|
| The goal is happiness | | દ્રવ્ય |
| Time for happiness | now | કાળ |
| Space for happiness | Here | ક્ષેત્ર |
| Way for happiness | Love | ભાવ |

સુનિપુણ = સૂક્ષ્મ બુદ્ધિગમ્ય, અનેકાન્ત દૃષ્ટિગમ્ય.

o ભોજન સરસ - તેનું ભજન નિરસ.

ભજન સરસ - તેનું ભોજન નિરસ.

એક વખત ખાય તે યોગી, બે વખત ખાય તે ભોગી,

ત્રણ વખત ખાય તે રોગી.

## પ્રકૃતિ પ્રત્યે કૃતજ્ઞતા અને બધા જીવો પ્રત્યે આદરભાવ

મનુષ્ય એ માત્ર મગજ - Brain નથી,
પણ હૃદય heart અને શરીર physical પણ છે.
જગતની વાસ્તવિકતા પ્રત્યે સભાન બનવું પૂરતું નથી,
જગતના જીવો અને પ્રકૃતિમંડળ સાથે
ભાવનાત્મક સંબંધ પણ રાખવો જોઈએ.
વિજ્ઞાનની સાથે અધ્યાત્મ પણ સંકળાયેલું છે,
અન્યથા વિજ્ઞાનનો દુરુપયોગ સંભવિત છે.
યંત્રવાદથી જીવસૃષ્ટિનો વિનાશ, જંતુનાશક દવાઓ,
તેના વાતાવરણમાં ઝેરી અસરો,
લોકોમાં માનસિક રોગો, અનિદ્રા, ઉજાગરાઓ, ખોટી
ઇચ્છાઓ, કામનાઓ, ઈર્ષ્યાઓ વગેરે વધી ગયા છે.
તે સર્વમાંથી સદા કાળ બચવા માટે
અધ્યાત્મવાદ અને યોગમાર્ગની રુચિ વધવી જોઈએ.
જીવસૃષ્ટિ પ્રત્યે પ્રેમભાવ વિકસવો જોઈએ.

૦ પદસ્થધ્યાનમાં પ્રથમ સ્થૂલપદનું આલંબન લઈ પછી
સૂક્ષ્મપદ મધ્યમા, પશ્યંતી અને પરા અવસ્થાગત આલંબન
લેવાનું રહે છે. મંત્રાત્મક દેવતાવાદમાં કોઈ બાહ્ય દેવ-
દેવીની યાચના કે કોઈ બલિ-યજ્ઞાદિ હોમ આચરવાના નથી.

## ઈશ્વરના પાંચ કૃત્યો

સર્જન, પાલન, સંહાર, નિગ્રહ, અનુગ્રહ.

નિગ્રહ = ઉપસર્ગ નિવારણ. અનુગ્રહ = બોધિપ્રદાન.

ઈશ્વરમાં બે પ્રકારનું ~~ઐશ્વર્ય~~ : (૧) સંકલ્પથી (૨) કરુણાથી.

(સ્વરૂપગત અને વ્યાપારગત)

સંકલ્પ બે પ્રકારે: (૧) મનોવ્યાપારરૂપ (૨) સંનિધિસ્વરૂપ.

મનોવ્યાપારરૂપ કર્તૃત્વાદિનું તથા સંનિધિરૂપ નામમંત્રનું છે.

### મંત્રસાધનાની ત્રણ પ્રસિદ્ધ પ્રથા

(૧) સુમુનિ નિર્મિત મંત્રવાદ : સત્ય સંકલ્પી

મહર્ષિઓ દ્વારા 'આ મંત્રથી આ ફળની પ્રાપ્તિ થાઓ'

એવા તેમના સંકલ્પ પ્રભાવે મંત્ર ફળે છે.

(૨) દેવતા આશ્રિત મંત્રવાદ :

સમ્યગ્દૃષ્ટિ દેવતાનું સ્મરણાદિ કૃત્યકારી હોય છે.

(૩) મંત્રાત્મક દેવતાવાદ: શબ્દશક્તિ અને પુરુષશક્તિ

-યુક્ત આરાધન સમાલંબન કૃત્યકારી હોય છે.

પ્રાણશક્તિની સહાયથી શુદ્ધ થયેલ મંત્રશક્તિ સુષુમ્ણારૂપ

મધ્યમાર્ગનો આશ્રય લઈ ક્રમશઃ ઊર્ધ્વગમન કરે છે.

પુરુષશક્તિ બાહ્યાંતર પરિકરરૂપ છે. બાહ્યપરિકર મંડલ-

મુદ્રાદિ અને અભ્યંતર પરિકર નાદ-બિન્દુ-કલાદિ.

શબ્દશક્તિ સૂક્ષ્મ અવસ્થાગત
વિમર્શરૂપ પશ્યંતી તે તાત્ત્વિક મંત્રમયી દેવતા છે.
નમસ્કારમંત્રમાં આ ત્રણે રીતો સાંકળી લેવામાં આવી છે.
માનસિક શુદ્ધિ માટે અનેકાંત પરિણતિ,
વાચિક શુદ્ધિ માટે સ્યાદ્વાદ શૈલિ અને
કાયિક શુદ્ધિ માટે અહિંસાત્મક આચરણ જરૂરી છે.
o કુણ્ડલિની પ્રણવ સ્વરૂપિણી ।
મહાકુણ્ડલિની પ્રોક્તા પરબ્રહ્મસ્વરૂપિણી ।
શબ્દબ્રહ્મમયી દેવી એકાનેકાક્ષરાકૃતિ: ॥ (પરિશિષ્ટ-૨૧)

પ્રણવ - ૐકારની માત્રાઓનો અર્થ

| | | |
|---|---|---|
| અ = સત્ત્વગુણ | | |
| ઉ = રજોગુણ | | ત્રિમાત્રા |
| મ = તમોગુણ | | |

ँ = અર્ધમાત્રાથી ઉત્પન્ન થતો અનુનાસિક ધ્વનિ આત્માના શુદ્ધ સ્વરૂપનો વાચક છે, જે અંતમાં ઘંટના નિનાદની જેમ વ્યોમમાં લય પામી જાય છે. આમ કુંડલિનીના સાડા ત્રણ આંટા - સાડા ત્રણ માત્રાના અનુરૂપ. તેને અનાહત ચક્ર પણ કહેવાય છે.
'હૃદિ સ્થાનં મન: સ: ।'
yogic heart is in the brain.

(1) Subconscious = કારણ શરીર, સંસ્કારોનો સંચય

(2) Personal consciousness = સ્મૃતિ,
સૂક્ષ્મશરીર - memory.

(3) Impersonal consciousness = Pure
consciousness, શુદ્ધ સંવિત્.

संस्थान - क्रिया - इच्छात्मिका शक्तिः ।

मनोविज्ञानात्मकेच्छा ।

<u>નિરુદ્ધચિત્તસ્થને વિશ્વનિર્માણમાંથી મળતી પાંચ શક્તિઓ:</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | પૃથ્વી | = | અપાનવાયુ | - રાજસ - તામસ |
| (૨) | આકાશ | = | સમાનવાયુ | - તામસ |
| (૩) | વાયુ | = | વ્યાનવાયુ | - રાજસ |
| (૪) | અગ્નિ | = | ઉદાનવાયુ | - રાજસ - સાત્ત્વિક |
| (૫) | ચાક્ષુષ | = | પ્રાણવાયુ (સૂર્ય) | - સાત્ત્વિક |

પ્રાણથી મનોરોધ વધે - તેમ પ્રાણશક્તિનો સંચય વધે. ઇંદ્રિયોને મનમાં, મનને બુદ્ધિમાં અને બુદ્ધિને આત્મામાં સારી રીતે લઈ જઈને જેણે ચિત્ત એકાગ્ર કર્યું છે, તેને એકાગ્ર ચિત્ત દ્વારા પ્રાપ્ત તેજથી યુક્ત થાય છે અને મનુષ્ય જેવો સંકલ્પ કરે છે, તેવી સિદ્ધિ પ્રાપ્ત કરે છે.

## સંસારી જીવોની વૃત્તિના પાંચ પ્રકાર

(1) અવિદ્યા (2) અસ્મિતા (3) રાગ (4) દ્વેષ (5) અભિનિવેશ.

## જીવન્મુક્તની વૃત્તિના પાંચ પ્રકારો

(1) પ્રમાણ = પ્રત્યક્ષ, અનુમાન, આગમ.

(2) વિપર્યય = અતદ્રૂપ, મિથ્યાજ્ઞાન, રજ્જૌ. (3) વિકલ્પ = શબ્દવૃત્તિ, વસ્તુશૂન્ય, સ્વાપ્નિક જ્ઞાન, સર્પબુદ્ધિ: |

(4) નિદ્રા = હું સુખે સૂતો.

(5) સ્મૃતિ = પૂર્વે સાંભળેલ, અનુભવેલ.

આ વૃત્તિઓનો નિરોધ થતાં આત્મદર્શન થાય, ત્યારે વૃત્તિજ્ઞાનનું મિથ્યાત્વ ભાસે છે. વૃત્તિઓ પ્રાણાધીન છે.

પ્રાણસ્યેદં વશેસર્વમિતિશ્રુતે: |

ક્રમયો: પરસ્પરં નિરોધ: |

સૌ પ્રથમ પ્રાણનિરોધ કરવાથી
સર્વ વૃત્તિઓ સહેલાઈથી નિરુદ્ધ થાય છે.
અન્ય રીતે વૃત્તિનિરોધ દુ:સાધ્ય છે.

o

Spiritual knowledge is power, peace & happiness. Spiritual knowledge is virtue and virtue is practical peace and power.

'ૐ અર્હં નમઃ ।' એ મૂળ મંત્ર છે. ૐ સૂચવે છે કે:
અવિદ્યાબંધનમાંથી છૂટવા કર્મના શુભાશુભ ઉદય વખતે
સાક્ષી રહેવું પણ તેમાં રાગ-દ્વેષની લાગણી ન થવા દેવી.

'ઓં' વડે આર્ત-રૌદ્ર ધ્યાનનો અંત આવે છે,
'અર્હં' વડે ધર્મ-શુક્લ ધ્યાનનો પ્રારંભ થાય છે.

આર્તધ્યાન ઇષ્ટાનિષ્ટ વસ્તુવિષયક માનસિક સંવેદન છે. કર્મકૃત પ્રિયાપ્રિય બનાવો પ્રત્યે પ્રીતિ યા અપ્રીતિને ધારણા કરવી તે અવિદ્યા છે અને તે જ બંધન છે. 'ૐમિતિ પંડિતાઃ કુર્યુઃ ।' જેની પાસે પંડા, બુદ્ધિ, જ્ઞાનની આંખ છે, તે ઓંકારસૂચક 'ઓં' શબ્દનો પ્રયોગ કરે છે,
કિન્તુ 'ન'કારસૂચક રાગ-દ્વેષને કરતો નથી.

રૌદ્રધ્યાન પ્રાણીવિષયક ઇષ્ટાનિષ્ટ કલ્પના છે. જીવમાત્ર સ્વરૂપથી સમાન છે, તેના પ્રત્યે શત્રુ-મિત્રની કલ્પના ધારણા કરવી તે અજ્ઞાન છે. ૐ મંત્ર વડે જીવમાત્રનો જીવત્વ સ્વરૂપે સ્વીકાર થાય છે. 'અર્હં' શુદ્ધ જીવનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ સ્વરૂપ સૂચવે છે.

ગુણપર્યાયવત્ દ્રવ્યમ્ । એ સૂત્ર વડે
પર્યાયને ગુણમાં અને ગુણને દ્રવ્યમાં સંગ્રહ કરી
'અપૃથક્ત્વ વિતર્ક અવિચાર' ધ્યાનમાં લીન થવાય છે.

પછી માત્ર શ્વાસોચ્છ્વાસની સૂક્ષ્મ ક્રિયા રહે છે,
તેનો પણ નિરોધ થવાથી શુક્લધ્યાનનો ચોથો પાયો
'અર્હ' મંત્ર વડે પ્રાપ્ત થાય છે.

મનને શુદ્ધ કરવા માટે પવિત્ર મંત્રનો જાપ અને
મનને સ્થિર કરવા નિર્વિકલ્પ ધ્યાન એ ઉપાય છે.

'ઉપયોગ' એટલે સંકલ્પ વિકલ્પનો ત્યાગ.

આત્મભાન વધે એટલે મિથ્યાત્વ ટળે.

સ્વભાવમાં રહેવું અને વિભાવથી છૂટવું એ પુરુષાર્થ છે.

મમત્વ ત્યાં મિથ્યાત્વ. ભેદ - એ જ ભૂલ.

આત્માને બરાબર જાણવો તે જ્ઞાન. તેની બરોબર
પ્રતીતિ તે દર્શન અને તેમાં સ્થિર થવું તે ચારિત્ર.

વિચાર દ્વારા આકૃતિઓને મૂળ દ્રવ્યમાં સમાવેશ કરવાથી
-લય કરવાથી નિર્વિચાર દશા સિદ્ધ થાય છે. નિર્વિચાર
દશાની સિદ્ધિ થતાં પરમાત્મભાવમાં લીન થવાય છે.

દેહાધ્યાસ દૂર કરવા સર્વ જીવોમાં ઈશ્વરદૃષ્ટિ કરવી.

બ્રહ્મ શાંત - સ્થિર છે, મનનો લય તે બ્રાહ્મીસ્થિતિ.

ક્રિયા એ મનને નિયમિત કરનાર સાધન છે,
તે ધર્મ નહિ. ઉપયોગપૂર્વક પ્રણવનો ઉચ્ચાર તે અખિલ
બ્રહ્માંડમાં સર્વત્ર વિભુતાનું દર્શન કરવાનો ઉપાય છે.

## તત્ત્વત્રયી - મારગ જિનનો

જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ:
જિનમારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ.
મૂળ મારગ સાંભળો જિનનો રે,
કરી વૃત્તિ અખંડ સન્મુખ. ...(૧)

છે દેહાદિથી ભિન્ન આતમા રે, ઉપયોગી સદા અવિનાશ
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે,
કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. ...(૨)

જે જ્ઞાને કરી જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત:
કહ્યું ભગવંતે દર્શન તેહને રે,
જેનું બીજું નામ સમકીત. ...(૩)

જેમ આવી પ્રતીતિ જીવની રે,
જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ,
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે,
નામ ચારિત્ર તે અણલિંગ. ...(૪)

તે ત્રણે અભેદ પરિણામથી રે,
જ્યારે વર્તે તે આત્મારૂપ:
તેહ મારગ જિનનો પામિયો રે,
કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. ...(૫)

શ્રીમદ્ રાજચંદ્ર

ૐ

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૧૭)**
બાહ્ય પદાર્થના મોહને છોડીને રત્નત્રયની ઉત્કૃષ્ટ આરાધના સમાન આત્મજ્ઞાનમાં પ્રયત્ન કરવો. આત્મજ્ઞાન = આત્માના જ્ઞાનસ્વરૂપનું સ્વસંવેદન કે અનુભવ કરવો.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૮)**
મનની ચપળતાનો નિરોધ કરવાથી મુક્તિ થાય. મનનો નિરોધ કર્મબંધને આધીન છે, કર્મબંધ મનની ગતિને આધીન છે. એકમાત્ર મનનો રોધ કરવો તે જ મોક્ષમાર્ગનું સાધન છે, જેનું આલંબન લઈને યોગી પુરૂષો તત્ત્વનો નિશ્ચય પામ્યા છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૨૦)**
'અર્હં' એ પરમેષ્ઠીનો બ્રહ્મવાચક શબ્દ છે, સિદ્ધચક્રનું બીજ છે.
તેનું અમે સર્વ પ્રકારે ધ્યાન કરીએ છીએ.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૭)**
પ્રથમ નમસ્કાર સિદ્ધ થયે ધ્યાનના સર્વ પ્રકારો સિદ્ધ થાય છે. તે સિદ્ધિ થયે છતે કર્મક્ષય અને મોક્ષ થાય છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૪૨)**
ઉચ્ચાર સ્થાનના આશ્રયથી જ ક્રમપૂર્વક બોલાતા વર્ણમાં કલા અને કાલની વિશ્રાન્તિ વડે વાચ્યદેવતાની વ્યાપ્તિના અનુભવરૂપ પદાર્થનો બોધ થાય છે. અનુસ્વાર પછી થાય તે ધ્વનિ છે. ઘંટના રણકારની જેમ રણકો થાય તે નાદ છે. વ્યવધાનરહિત હોવાથી અમાત્ર-ઉમાત્ર-અર્ધમાત્રાદિ કાલના સ્પર્શ વિનાનો છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૧)**
મંત્ર, તીર્થ, ગુરૂ, દેવ, સ્વાધ્યાય અને ઔષધમાં જેને જેવી ભાવના હોય, તેવી સિદ્ધિ થાય છે. છ જીવનિકાયને એકાંતથી શ્રદ્ધા કરતો પુરૂષ ભાવથી શ્રદ્ધા કરતો નથી, તેથી અપર્યાયમાં અર્થાત્ અવિદ્યમાન પર્યાયવાળા પુદ્ગલમાં પણ અવિભક્ત શ્રદ્ધા થાય છે અર્થાત્ તે શ્રદ્ધા પણ ભાવથી જ થાય. - સન્મતિતર્ક, ગાથા ૩/૨૮

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૯)
ભાવાદ્વૈત હંમેશા કરવું પણ ક્રિયાદ્વૈત ક્યારેય ન કરવું. ત્રણે લોક પ્રત્યે અદ્વૈત કે અભેદભાવ કેળવવો પણ ગુરૂભગવંત પ્રત્યે ક્યારેય નહીં...
(ત્યાં સ્વામી-સેવકભાવ રાખવો, જેથી સમર્પણ ટકે).

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૫૯)
ઘોષ, વ્યંજન, સ્વર, કંઠ-તાલુ-ઓષ્ઠ-અનુનાસિક તથા રેફરહિત અને બંને હોઠ ભેગા કર્યા વગર જે અક્ષરનું ધ્યાન કરાય, તે ક્યારેય નાશ ન થાય (ૐનું અનુભવસ્વરૂપી ધ્યાન હંમેશ માટે સ્થિર રહે છે).

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૬૭)
સહજ મૃત્યુ, દીનતા વિનાનું જીવન તથા મૃત્યુ સમયે તમારૂં સાંનિધ્ય, હે પરમાત્મા! આ ત્રણ વસ્તુ મને આપો.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૯૨)
તમારા ચરણો મારા હૃદયમાં અને મારૂં હૃદય તમારા ચરણોમાં લીન થયેલું છે, તો હે જિનેશ્વર ભગવાન! જ્યાં સુધી મને મોક્ષ પ્રાપ્ત થાય, ત્યાં સુધી આમ જ રહેજો.

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૧૦)
ધર્મને જાણનાર, ધર્મકર્તા અને સદા ધર્મપરાયણ તથા જીવોને ધર્મશાસ્ત્રના અર્થ સમજાવતા હોય, તે 'ગુરૂ' કહેવાય. ૦ ધર્મ વિનાનું રાજ્ય કેવું હોય? ધર્મ વિનાના માણસો પશુ સમાન છે. ૦ ધર્મ વડે વ્યાધિ, ગ્રહ અને શત્રુ હણાય છે. જ્યાં ધર્મ છે ત્યાં જય છે. ૦ હણનારને ધર્મ હણે છે. રક્ષણ કરનારનું રક્ષણ કરે છે. હણાયેલો ધર્મ જ હણે છે, રક્ષણ કરાયેલો ધર્મ રક્ષણ કરે છે. ૦ જેનાથી સ્વર્ગ અને મોક્ષ મળે, તે 'ધર્મ' કહેવાય.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૧૪)
પ્રભુએ કહેલા બાહ્ય - અભ્યંતર બાર પ્રકારના તપમાં સ્વાધ્યાય સમાન તપ છે નહીં, થશે નહીં. (૧૩૪૪) સ્વાધ્યાય કરવાથી સર્વ ગુપ્તિઓ ભાવિત બને છે, સર્વ ગુપ્તિઓ ભાવિત થવાથી જીવ મૃત્યુ વખતે આરાધક બને છે. (૧૩૪૫)

પરોપદેશથી સ્વ-પરનો ઉદ્ધાર, આજ્ઞા પ્રત્યે બહુમાન, શાસનપ્રભાવના, ભક્તિ અને તીર્થનો અવિચ્છેદ થાય છે. (૧૩૪૬)

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૨૦)**

હું નિર્ગુણ, નિષ્ક્રિય, નિત્ય, નિર્વિકલ્પ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર, નિત્યમુક્ત, નિર્મલ છું. ० બુદ્ધિનું ફલ તત્ત્વની વિચારણા છે તથા વાણીનું ફલ મનુષ્યોને વ્હાલા લાગીએ તે છે. ० શરીરનો સાર વ્રતધારણ કરવા તે અને ધનનો સાર સુપાત્રમાં દાન આપીએ તે છે.

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૨૧)**

ચંદ્રની ૧૬ કળાની જેમ મંત્રયોગના ૧૬ અંગો હોય છેઃ

ભક્તિ, શુદ્ધિ, આસન, પાંચ અંગોનું સેવન, આચાર, ધારણા, દિવ્ય દેશસેવા, પ્રાણાયામ, મુદ્રા, તર્પણ, હવન, બલિ, યજ્ઞ, જાપ, ધ્યાન અને સમાધિ.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૩૮)**

જેનું ચિત્ત નિર્વિષય છે, હૃદય નિર્મલ છે, તેનું આખું જગત મિત્ર છે.
મુક્તિ તેના હાથમાં રહેલી છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૪૨)**

ભવ્યત્વના વિચારમાં કર્મથી નહીં ઉત્પન્ન થયેલું (પોતાની મેળે જ થયેલું), આત્માના સ્વભાવભૂત અને કાલાદિ ઈતર કારણોના આક્ષેપક સ્વભાવવાળું, ફળના ભેદના કારણે ચિત્ર એવું ભવ્યત્વ જ તથાભવ્યત્વ જાણવું. ० તથાભવ્યત્વાદિની અપેક્ષાએ સહકારી ભેદ છે. આથી અનેકાંતવાદ તત્ત્વવાદ છે અર્થાત્ વાસ્તવિક છે. ખરેખર તે આ જ રીતે છે, અન્યથા એકાંતવાદ છે અને તે મિથ્યા છે.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૬૩)**

અંગશ્રુત ૧૨ પ્રકારનું કહ્યું છે. એમાંથી નીકળેલું બીજું બધું શ્રુતજ્ઞાન અનેક પ્રકારનું છે પણ એ બધામાં ગ્રહણ કરવા લાયક એક માત્ર આત્મા છે, બાકી બધું છોડવા જેવું કહેલું છે.

- પદ્મનંદિ પંચવિ.

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૧૬૯)

મન એ ધર્મવૃક્ષનું મૂળ છે, વાણી એ થડ છે, ક્રિયા (કાયા) એ શાખાદિ વિસ્તાર છે. તેથી મૂળ સ્થિર થયે સર્વ કાર્ય (સિદ્ધ) થાય છે. ૦ 'ધ્યાન' એટલે તે વિષયમાં અત્યંત એકાગ્રતા. 'ધ્યાન' એટલે વિષય વિનાનું મન. ૦ જેમ પરપુરૂષમાં રક્ત સ્ત્રી પોતાના પતિની બધી સેવા કરે પણ એનું મન પરપુરૂષમાં જ હોય, એમ તત્ત્વમાં રક્ત યોગીપુરૂષો સંસારમાં અલિપ્ત રહે છે. ૦ રાગ અર્થાત્ લાલાશ જવાથી જેમ આંખને સુખ થાય, એમ રાગરહિત થવાથી મનને સુખ થાય છે. ૦ જે રાગદ્વેષાદિને પરમાત્માએ પરાણે દૂર કર્યા છે, તે રાગદ્વેષાદિને જેઓ પુષ્ટ કરે છે, તેઓને પ્રભુ કેવી રીતે પ્રસન્ન થાય? ૦ હે પ્રભુ! તમારા કુળ, બળ, રૂપ કે ઐશ્વર્યમાં મારૂં મન નથી પણ જે તમારૂં વીતરાગસ્વરૂપ છે, તેમાં મારૂં મન લીન થયું છે. ૦ બાંધે તો પીડા કરે, છૂટું મૂકે તો પકડાય નહીં, તેથી પંડિતપુરૂષો મનને દોરડાથી બાંધેલા બળદની જેમ બાંધેલો છતાં છૂટો રાખીને વશમાં રાખે છે.

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૧૭૯)

આત્મતૃપ્ત માનવ એ જ તેની આત્મરતિ છે અને આત્મામાં સંતુષ્ટ એવા તેને બીજું કાંઈ કામ હોતું નથી.

## પરિશિષ્ટ - ૨૦ (પૃષ્ઠ ૧૮૮)

લોકમાં આત્માને - આત્મામાં લોકને જોનારા અને પર-અપરના જ્ઞાતા એવા આત્માની શાંતિ જ્ઞાનપૂર્વકની હોવાથી કદાપિ નાશ પામતી નથી. - ચરકશાસ્ત્ર

## પરિશિષ્ટ - ૨૧ (પૃષ્ઠ ૨૦૮)

કુંડલિની ૐકાર સ્વરૂપવાળી છે, તે પરબ્રહ્મસ્વરૂપ મહાકુંડલિની એક અક્ષરવાળી હોવા છતાં ઘણા અક્ષરોથી બનેલી આકૃતિવાળી છે અને શબ્દબ્રહ્મમયી દેવી છે.




ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૧ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

## શ્રી નવપદજી શેના ભંડાર ?




અરિહંત કરુણાના ભંડાર,
સિદ્ધ અવિનાશી સુખના ભંડાર,
આચાર્ય પરોપકારના ભંડાર,
ઉપાધ્યાય વિનયગુણના ભંડાર, સાધુ સહાયના ભંડાર,
દર્શન સ્નેહલતાનો ભંડાર,
જ્ઞાન સદ્વિચારનો ભંડાર,
ચારિત્ર સદાચારનો ભંડાર,
તપ સંતોષનો ભંડાર.

પં. ભદ્રંકર વિજય

www.fiestadesigns.in